સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
જૂન, ૨૦૨૨



## પારિવારિક એકતાનું અનોખું પ્રેમછત્ર

અસંખ્ય પરિવારોમાં એકતાનું અમૃત સિંચનાર

**પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ**










પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તેમના પારિવારિક એકતાના સંદેશને ગુંજાવતું 'પારિવારિક શાંતિ અભિયાન' મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા તાજેતરમાં યોજાઈ ગયું. ૨૪,૦૦,૦૫૨ ઘરોમાં ઘૂમીને પારિવારિક એકતાનો મંત્ર ઘૂંટાવનાર સંસ્થાના ૭૨,૮૦૬ શતાબ્દી સેવકોના ઠેર ઠેર અભિવાદન સમારોહ યોજાઈ ગયા. અમદાવાદ ખાતેના આ સમારોહમાં ઉપસ્થિત વરિષ્ઠ સંતો, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવો. અન્ય અનેક શહેરોમાં પણ આ અભિવાદન સમારોહ યોજાયા, એ પૈકી જામનગરના સમારોહની સ્મૃતિછબિ.

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# ઘેઘૂર વડલા જેવી શીતળ છાયા પ્રમુખસ્વામી મહારાજની...



પ્રમુખસ્વામી મહારાજ અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં બિરાજમાન હતા. તા. ૨૮ જૂન, ૨૦૦૭નો દિવસ હતો. આજે સ્વામીશ્રીનાં દર્શનાર્થે આવનારા લોકોમાં અમેરિકાના એક યુટાહ રાજ્યના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને ઓઈલ કંપનીના માંધાતા ડેનિયલ કૂક પણ હતા. સ્વામીશ્રી પાસે તેમણે આશીર્વાદ માંગતાં કહ્યું કે 'મારું ધન સમાજના ઉત્કર્ષમાં વપરાય એવું હું ઇચ્છું છું, પરંતુ એ પહેલાં મારે એક આદર્શ વ્યક્તિ બનવું છે. હું કઈ રીતે એક આદર્શ પિતા અને આદર્શ પતિ બની શકું? તેનું માર્ગદર્શન આપો.'

પ્રમુખસ્વામી મહારાજે તેમને આશીર્વાદ આપતાં કહ્યું: 'સમાજના ઉત્કર્ષની તમારી ભાવના છે એ સારો સંકલ્પ છે. અને તમારે એક આદર્શ પિતા અને પતિ બનવું છે એ પણ સારો સંકલ્પ છે. ભગવાન તમારો સંકલ્પ પૂરો કરશે. પરંતુ એ માટે તમારે નિયમો પાળવા પડે. એ માટે ઘરમાં સંપ રાખવો પડે. પતિ અને પત્ની વચ્ચે પ્રેમ રહે તે માટે બાંધછોડ કરતાં શીખવું પડે. તમારે આદર્શ પતિ અને પિતા બનવું છે તો બાળકો અને પત્નીને સમય આપજો. રોજ પત્ની અને બાળકો સાથે બેસીને ઘરસભા કરજો. ટી.વી. બહુ જોતા હો તો ઓછું કરીને પરિવારના બધા સભ્યો સાથે હળવા-મળવામાં વધુ સમય આપજો. અને રોજ સાથે બેસીને સારા ગ્રંથોનું વાંચન કરજો. ભગવાન તમારા પર આશીર્વાદ વરસાવશે અને તમારો સંકલ્પ પૂરો થશે.'

સંસારના રણમેદાનમાં કુરુક્ષેત્રના યુદ્ધમાં લડતા અર્જુનની જેમ મૂંઝાયેલા અનેક લોકો માટે પ્રમુખસ્વામી મહારાજે જાણે આ ટૂંકા અને સરળ ઉત્તરમાં સંસારની સુખ-ગીતાનો અદ્‌ભુત બોધ આપી દીધો.

આ એક નહીં, અસંખ્ય લોકોને સંસારની આવી કંઈક સુખ-ગીતાનો બોધ આપનાર પ્રમુખસ્વામી મહારાજ કરોડો લોકોના આધાર-છત્ર સમાન હતા. પ્રમુખસ્વામી મહારાજ એક એવા વિરલ સંતપુરુષ હતા કે જેમણે સંસારથી વીતરાગનો માર્ગ લીધો હતો, છતાં લાખો સંસારીઓના જીવનની નૌકાને સહજતા અને સફળતાથી સંભાળી હતી. લાખો લોકોના પરિવારોના એક મોભી, આધાર કે શીતળ ઘેઘૂર વડલા જેવી એમની છાયા હતી, જ્યાં સંસારમાં બળતા-ઝળતા અનેક આત્માઓ શાંતિ અને શીતળતાની દિવ્ય અનુભૂતિ કરતા હતા. પ્રમુખસ્વામી મહારાજ એક એવા વિરલ સંતવિભૂતિ હતા કે જેમને બોંતેર કોઠે આપસૂઝના દીવા ઝળહળતા હતા. એટલે કોઈપણ પ્રશ્ન લઈને લોકો એમની પાસે આવે ત્યારે એમનું સચોટ માર્ગદર્શન અને સચોટ ઇલાજ સહજતાથી એ વ્યક્તિના આત્માને ભેદી નાંખે. એમનું માર્ગદર્શન માત્ર માર્ગદર્શન ખાતરનું માર્ગદર્શન ન હોય, એમાં દિવ્ય આશીર્વાદની અને દીર્ઘદૃષ્ટિની અમીવૃષ્ટિ હોય. એટલે રોજ સેંકડોની સંખ્યામાં એમનાં દર્શને ઊમટતા, એમની પાસે માર્ગદર્શન લેવા દોડી આવતા લોકોમાં એક પ્રબળ શ્રદ્ધા હતી: 'બાપાએ કહ્યું એટલે હવે નિરાંત થઈ ગઈ.' બાપાનો શબ્દ સૌને માટે અમૃતમય બની રહેતો. બાપાનું એકાદ વાક્ય પણ લોકો માટે જીવનની લાઈફ-લાઈન બની જતું.

અમેરિકાના પ્રસિદ્ધ વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. રેમન્ડ વિલિયમ્સ પ્રમુખસ્વામી મહારાજની આ વિરલ બાબતથી ખૂબ પ્રભાવિત હતા. તેમણે લાખો લોકોને પારિવારિક માર્ગદર્શન

"

**ઘરના બધા સભ્યો ભેગા થઈને ઘરસભા કરે તો ઘરમાં સમાસ થાય. એકબીજાનાં મન નજીક આવે, વિચારો એક થાય, જીવનમાં સરળતા આવે. ધર્મશાસ્ત્રો વાંચવાથી વિવેક આવે. હૃદય પવિત્ર થાય. બાળકોને પણ સંસ્કાર મળે. એકબીજા પ્રત્યે જેટલી આત્મીયતા વધશે એટલી ઘરમાં શાંતિ અને સુખ થશે.**

**– પ્રમુખસ્વામી મહારાજ**

"

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૬. શતાબ્દી સ્મૃતિઃ વેરની આગને બદલે શાંતિની અમૃતવર્ષા

૮. શતાબ્દી ઉપદેશ : ઘરસભાથી ઘરમાં શાંતિ અને સુખ આવશે

૧૦. ઘરને મંગલ બનાવીએ ઘરસભાથી – સાધુ નારાયણમુનિદાસ

૧૬. ગૃહ માંગલ્યના ચાર સોનેરી સૂત્રો : – સાધુ નારાયણમુનિદાસ

૨૨. પારિવારિક એકતાના વિરલ માળી પ્રમુખસ્વામી મહારાજ – સાધુ અક્ષરવત્સલદાસ

૩૦. પારિવારિક શાંતિ અભિયાન

સત્સંગ સમાચાર :

- ઠેર ઠેર ઊજવાયા નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો (૪૨)
- સાઉદી અરેબિયાના રિયાધ ખાતે યોજાયેલી આંતરધર્મ પરિષદમાં બી.એ.પી.એસ. સંસ્થા (૪૫)
- ઓસ્ટ્રેલિયામાં સત્સંગ કાર્યક્રમો (૪૭)
- દેશ-વિદેશના વિવિધ સમાચાર (૫૦)


આપતા પ્રમુખસ્વામી મહારાજની એક સંત તરીકેની છબિમાં કંઈક નવી પ્રતિભા નિહાળી હતી. સામાન્ય રીતે સંસારીઓની સમસ્યાઓથી સંન્યાસીઓ દૂર રહેતા હોય છે. અને એ સ્વાભાવિક રીતે યોગ્ય જ છે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજ તેમાં કાંઈક અપવાદ રૂપ હતા. આથી, ડૉ. રેમન્ડ વિલિયમ્સે પ્રમુખસ્વામી મહારાજના આ વિરલ પાસા પર એક સંશોધનાત્મક લેખ લખ્યો હતો. એ લેખના જ એક ભાગરૂપે તેમણે, જીવનની કટોકટીની પળોમાં પ્રમુખસ્વામી મહારાજનું માર્ગદર્શન પામેલા કેટલાય લોકો સાથે પ્રશ્નોત્તરી કરીને છેવટે સ્વયં પ્રમુખસ્વામી મહારાજ સાથે પ્રશ્નોત્તરી કરેલી.[1]

ડૉ. રેમન્ડ વિલિયમ્સ પોતાના લેખમાં નોંધે છેઃ 'જ્યારે પ્રમુખસ્વામી મહારાજને પૂછવામાં આવ્યું કે કયા હરિભક્તને કેવો ઉપદેશ આપવો અને કયો ઉત્તર આપવો તે તમે કેવી રીતે જાણી શકો છો? ત્યારે તેઓએ કહ્યું: 'જવાબ?! જીભે જ હોય!' તેમણે કહ્યું કે 'ભગવાન સાથેની અખંડ એકતાને કારણે તેઓ જવાબ આપી શકે છે.' તેઓ કહે છે કે 'પોતે ભગવાનના અસ્તિત્વને સતત અનુભવે છે.' તેમના ભક્તોને કહે છે કે 'તમે ભગવાનમાં માનો. કારણ કે ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખ્યા વિના કોઈ કાર્ય શક્ય જ નથી.'

ડૉ. રેમન્ડ વિલિયમ્સે નોંધ્યું કે પ્રમુખસ્વામી મહારાજને ખૂબ ટૂંકા વાર્તાલાપોમાં વ્યાવહારિક, સંસ્થાકીય, સાંપ્રદાયિક કે ભક્તોના ગૂંચવણભર્યા અનેક પ્રશ્નોનો તાત્કાલિક અને સચોટ ઉકેલ આપવાનો હોય છે. છતાં તેમના ઉત્તરો ખૂબ જ આત્મવિશ્વાસપૂર્ણ હોય છે. આથી તેમણે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે 'લોકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપી દીધા પછી તમને ક્યારેય તમે આપેલો નિર્ણય ખોટો હોવાનું લાગ્યું છે?'

ત્યારે તેમણે દૃઢતાપૂર્વક કહ્યુંઃ 'ના! ક્યારેય નહીં!' એટલું જ નહીં, તેમણે જણાવ્યું કે તેમણે પોતે આપેલા ઉત્તર કે ઉપદેશમાં સતત વિશ્વાસ રહે છે. કારણ કે તે ભગવાનની પ્રેરણાથી જ આપવામાં આવે છે.

ડૉ. રેમન્ડ વિલિયમ્સને એક વિરોધાભાસ એ લાગ્યો હતો કે પ્રમુખસ્વામી મહારાજ તો એક આધ્યાત્મિક ગુરુ છે. તેમણે જગતનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. તેમનું વર્તન એટલે શિષ્યો માટેનો આધ્યાત્મિક આદર્શ. આમ છતાં તેઓ શિષ્યને આ લોકની તુચ્છ વાતો કે તુચ્છ બાબતોમાં કૌટુંબિક, વ્યાવહારિક અથવા અંગત બાબતોમાં સચોટ ઉત્તરો કેવી રીતે આપી શકે છે! વળી, પ્રમુખસ્વામી મહારાજે શાળા કે કૉલેજમાં એવો કોઈ અભ્યાસ કર્યો નથી. કારણ કે તેઓએ છઠ્ઠા ધોરણમાં જ ગામડાની નિશાળ છોડી દીધી હતી. તેમની પાસે માલિકીનું કહી શકાય તેવું પોતાનું કશું જ નથી. (જમીન, બંગલા, મોટરકાર વગેરે) પૈસાને તો તેઓ અડતા પણ નથી. છતાં તેઓ તેમના શિષ્યોના

1. Raymond Brady Williams (2004). Williams on South Asian Religions and Immigration: Collected Works. Chapter Seven: Guru as Pastoral Counselor. ISBN 9780754638568.

ગૂંચવણભર્યા વ્યાવહારિક પ્રશ્નોનો ઉકેલ તેમજ માર્ગદર્શન કેવી રીતે આપી શકે છે!

૨૩ જુલાઈ ૧૯૮૫ના રોજ ડૉ. રેમન્ડ વિલિયમ્સને તેના જવાબરૂપે પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે 'ભક્તોને વ્યાવહારિક સલાહ આપવાનું કારણ એ નથી કે, હરિભક્તો લાખોપતિ થાય. પણ અધ્યાત્મલક્ષી બને. પોતે ભક્તોના વ્યવહારમાં ધ્યાન આપે છે તેને કારણે ગુરુ-શિષ્ય વચ્ચે સેતુ રચાય છે. પરિણામે ભક્તનો આધ્યાત્મિક વિકાસ સરળ બને છે. અંતિમ ધ્યેય તો એ જ છે કે સંસારના વિષયોમાંથી મુક્તિ પામવી અને સ્વભાવોને દૂર કરવા. તે સિદ્ધ કરવા બ્રહ્મનિષ્ઠ ગુરુમાં પ્રેમ-આત્મબુદ્ધિ ખૂબ જરૂરી છે.'

આવા વિરલ ગુરુ પ્રમુખસ્વામી મહારાજે કરોડો લોકોને વ્યક્તિગત મળી મળીને એમને પોતાના જીવનનું અમૃત પાયું છે તેનો કોઈ હિસાબ માંડી શકાય તેમ નથી. લાખો પરિવારોના સમુદ્ર-મંથનનું ઝેર પી જઈને પ્રમુખસ્વામી મહારાજે એમને શાંતિ અને સુખના ઘૂંટ પાયા છે. એટલે આજે એ લાખો પરિવારો કે કરોડો લોકો પોતાના શાંત-સુખી-હર્યાભર્યા પરિવારનું શ્રેય સ્વામીશ્રીને ચરણે ધરીને એમને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે.

સ્વામીશ્રીની એ કૃપાવર્ષાનો જ એક વિરલ અધ્યાય એટલે ઘરસભા. પ્રમુખસ્વામી મહારાજનું એક મૌલિક પ્રદાન. અગણિત ઘરોમાં ઘરસભાનો આરંભ કરાવીને એમણે ઘરોઘર પારિવારિક શાંતિનો શાશ્વત ઈલાજ સિદ્ધ કરી બતાવ્યો છે.

એટલે જ, તાજેતરમાં તેઓના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આદેશથી એ પારિવારિક શાંતિના મંત્રને લાખો ઘરોમાં પહોંચાડવાનું એક અભિયાન યોજાઈ ગયું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે અંજલિ આપવાનો એક ભગીરથ પુરુષાર્થ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ૭૨,૦૦૦ કરતાં વધુ શતાબ્દી સેવકોએ કર્યો અને લાખો ઘરોમાં પ્રમુખસ્વામી મહારાજનો પારિવારિક શાંતિનો સંદેશ વિસ્તાર્યો. જ્યાં જ્યાં આ શતાબ્દી સેવકો ઘૂમ્યા ત્યાં ત્યાં લોકોએ જાણે દેવદૂતો આવ્યા હોય તેવો આવકાર આપ્યો. કોઈને એમ લાગ્યું કે આ સેવકોના સ્વરૂપે સ્વયં પ્રમુખસ્વામી મહારાજ એમનાં ઘરે પારિવારિક શાંતિનું અમૃત લઈને પધાર્યા છે! કેટલાય ઘરે શતાબ્દી સેવકોની પધરામણી એવા વખતે જ થઈ જ્યારે એ ઘર અશાંતિની આગમાં સળગી રહ્યું હતું, તેમની પધરામણીથી ત્યાં શાંતિની વર્ષા થઈ ગઈ.

આમ, પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે સ્વામીશ્રીના જીવનભરના શાંતિકાર્યને અંજલિ આપતું આ અભિયાન એક અનોખી સમાજ સેવાનું સોપાન બની રહ્યું. 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક સ્વામીશ્રીના એ પારિવારિક શાંતિના મંત્રનું સ્મરણ કરાવે છે અને શતાબ્દી પર્વે તેમનાં ચરણે પુષ્પાંજલિ અર્પે છે.

– સાધુ અક્ષરવત્સલદાસ ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૬, જૂન, ૨૦૨૨**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક પ્રસંગસ્મૃતિઓ...

## શતાબ્દી સ્મૃતિ

# વેરની આગને બદલે શાંતિની અમૃતવર્ષા...

રાત્રિની નીરવ શાંતિમાં સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના રોહીશાળા ગામે નવેમ્બર મહિનાની ઠંડીમાં ગામ લોકોની વચ્ચે પ્રમુખસ્વામી મહારાજની મધુરવાણી ગુંજી રહી હતી: ‘કુસંપથી ઘરના ગોળાનું પાણી સુકાઈ જાય. ગમે તેટલા મોટા હોય પણ કુસંપ પેસે તો સર્વપ્રકારે નાશ થાય. સો વર્ષ પહેલાં કોઈ નહોતા અને સો વર્ષ પછી કોઈ નહીં હોય. છતાં તુચ્છ વસ્તુ માટે ક્લેશ થાય છે તે અજ્ઞાન. કોઈનું સારું કરવા પ્રયત્ન કરવો. કોઈને હેઠા પાડી ઊંચા અવાય નહીં. સૌના ભલામાં આપણું ભલું છે.’

૧૯૮૩નું વર્ષ રોહીશાળા માટે કપરું હતું. નાની એવી વાતે આ ગામમાં બે જૂથ વચ્ચે વેરનાં વાવેતર થયેલાં. તેમાં એક જણનું લોહી રેડાતાં તો વેરની આગ ભયંકર રીતે ભડકી ઊઠેલી. બે પક્ષે વહેંચાઈ ગયેલા આ ગામમાં દિવસે દિવસે કુસંપના કાદવમાં ગામ વધુ ને વધુ ખદબદવા માંડેલું. તાલુકા, જિલ્લા અને રાજ્યના અગ્રણીઓએ તેને શમાવવા પ્રયાસ કર્યા હતા, પરંતુ નિષ્ફળતા મળી હતી. આ દરમિયાન કૉર્ટની કાયદાકીય કાર્યવાહી પણ ધમધમતી આગળ વધી રહી હતી.

આ જૂથબાજીમાં જેનું મૃત્યુ થયું હતું એવા નિર્દોષ હરિભક્તના એક દીકરાએ અમદાવાદમાં બિરાજતા સ્વામીશ્રી પાસે જઈ કહેલું: ‘બાપા! આશીર્વાદ આપો કે કૉરટમાં ચાલતો કેસ જીતી જવાય. અમારા કુટુંબના બે માણસો તો ખૂનીને હણી નાંખવા રાત-દા'ડો ફરે છે.’

ત્યારે સ્વામીશ્રીએ તેને જણાવેલું: ‘જો, ભ'ઈ! તારા બાપાનું મૃત્યુ થયું છે, પણ એ તો ભગવાનના ધામમાં અમારી પાસે બેઠા છે. એને તો ભગવાનનું અખંડ સુખ છે... ભગવાનની ઇચ્છા પ્રમાણે દેહનું આયુષ્ય હોય. પેલાને મારવાથી તારા બાપા કાંઈ પાછા બેઠા થવાના છે?... વેરથી વેર નહીં શમે. એમાં તો વધુ ભડકશે ને બીજા કેટલાય હોમાઈ જશે. તમારું આખું ગામ ખલાસ થઈ જશે...’

છેલ્લે તેઓએ શાણપણથી સલાહ આપતાં કહ્યું: ‘આપણે કોઈની સામે કાંઈ કરવું નથી. એને માફ કરી દો અને ભગવાનનું ભજન કરો...’ સ્વામીશ્રીના આદેશને સ્વીકારી એ યુવકે સામે શંકા વ્યક્ત કરેલી કે ‘સ્વામી! કદાચ મારી બા આ નહીં માને તો? તેણે તો નજર સામે મારા બાપુજીને રહેંસી નંખાયા એ જોયું છે.’

‘તું તારી બાને સમજાવજે. સ્વામીની ઇચ્છા નથી એમ કે'જે.’ સ્વામીશ્રીએ એમ કહી એ યુવાનને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીનો સંદેશ મળતાં જ એ વિધવા મહિલાએ કહી દીધું: ‘સ્વામીબાપાની સલાહ પ્રમાણે આપણે રહીએ તો જ સુખી થવાશે. માટે એ રીતે જ કરવું જોઈએ.’

સ્વામીશ્રીના ઉચ્ચ આદર્શને વરેલાં એ સત્સંગી મહિલાએ અજોડ ઉદારતા દાખવી પોતાના પતિના હત્યારાને માફી આપી દીધી અને સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા.

જો કે કેટલાકે બદલો લેવા સમજાવવા માંડ્યા, તો કેટલાકે વેરની વસૂલાત કરવામાં પાનો ચડાવી જોયો. પરંતુ એ મહિલા મક્કમ રહ્યાં. પરિણામે ભડભડતી આગ ઘણી શાંત થઈ ગઈ. કેટલાયનું લોહી રેડાતું અટકી ગયું. છતાં વેરના તણખા સાવ જ બુઝાઈ જાય તે માટે ગામના કેટલાક આગેવાનોએ સ્વામીશ્રીને ગામમાં પધારીને શાંતિનાં વાવેતર કરવા વિનંતી કરેલી. તેઓની આ વિનંતી સ્વીકારી સ્વામીશ્રી રોહીશાળા આવી પહોંચેલા. આ સમયે સ્થાનિક ધારાસભ્ય, નામાંકિત વકીલો સહિત ઘણા પ્રતિષ્ઠિતો પણ હાજર હતા. સ્વામીશ્રી પોતાની નાદુરસ્ત તબિયત વચ્ચે અહીં પધારેલા. તેઓ એક પછી એક વ્યક્તિને મળતા ગયા, પક્ષ-પ્રતિપક્ષ સાથે બેઠકો યોજતા ગયા. સ્વામીશ્રીની નિ:સ્વાર્થ છત્રછાયા, તેમનો નિષ્પક્ષ વ્યવહાર અને શુદ્ધ હૃદયની બંને પક્ષો પર ઊંડી અસર થઈ. તેથી બેય પક્ષના આગેવાનોની આંખોમાંથી પૂર્વગ્રહની ગ્રંથિઓ ઓગળીને આંસું બનીને વહેવા લાગી.

(છબિઃ એપ્રિલ, ૧૯૯૦, સાંગાણા, જિ. ભાવનગર)



ગામડે ગામડે અને ઘરે ઘરે ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોને પારિવારિક શાંતિ અને એકતાનો મંત્ર ઘૂંટાવ્યો હતો. રોહીશાળા ખાતે એક એક વ્યક્તિને મળીને સ્વામીશ્રીએ ઘૂંટાવેલો શાંતિનો મંત્ર આજેય ગામ લોકોની સ્મૃતિમાં એવો ને એવો ગુંજી રહ્યો છે.

સ્વામીશ્રીએ સૂચવેલાં સમાધાનો સૌએ એક હૃદયે સ્વીકારી લીધાં. બંને પક્ષોમાંથી કેટલાકને અમદાવાદ, તો કેટલાકને સુરત, તો અમુકને બોટાદ મુકામે વસવાટ કરવાની ભલામણ કરી, જેથી ભવિષ્યમાંયે કોઈ વિવાદ વકરે નહીં. તેઓની આ સલાહ પણ સૌએ સ્વીકારી લીધી.

આવું સુહૃદભાવથી ભરેલું વાતાવરણ સ્થપાયેલું જોઈ આ ઘટનાના સાક્ષી બનેલા વકીલ શ્રી જયરાજભાઈ તો બોલી ઊઠ્યાઃ 'પૂજ્ય સ્વામીશ્રી આમાં ન ભળ્યા હોત તો આ મામલાનો સુપ્રીમ કૉર્ટ સુધીયે અંત ન આવત અને ઘણી ખરાબી થઈ જાત. પૂજ્ય સ્વામીશ્રીએ થોડી જ વારમાં ન્યાય કરી દીધો. કૉર્ટમાં ચુકાદા અપાય છે, પણ ન્યાય મળતો નથી. કૉર્ટો બંધ કરી આવા સંતને જ ન્યાયનું કામ સોંપવું જોઈએ.'

તા. ૧૦-૧૧-૧૯૮૩ની સવારે સ્વામીશ્રીએ સૌને એકત્રિત કરીને દીક્ષાંત બોધ આપતાં કહ્યુંઃ 'જે થઈ ગયું તે થઈ ગયું. બધું ભૂલી જવું. જૂનું સંભાર્યા કરીએ તો અંત ન આવે. આમાં ઘણાને મનધાર્યું મૂકવાનું થયું છે. ઘણાને ભોગ આપવો પડ્યો છે. અમારું વચન બધાએ કબૂલ્યું છે તે નિષ્ઠાની કસોટીમાં પાસ થયા છે. ગામના ભલા માટે પોતાનો સ્વાર્થ મૂક્યો છે. વ્યક્તિગત વિચારથી શાંતિ ન થાય. આપણે મનધાર્યું મૂકીને કંઈ ગુમાવતા નથી પણ કરોડગણું પામીએ છીએ. આમાં કરોડગણી શાંતિ આવશે. મન નોખું કરનાર ઘણા મળશે પણ સાથે બેસાડનાર નહીં મળે.'


જ્યાં વેરના અગ્નિ ભડકી રહ્યા હતા, ત્યાં શાંતિ અને સુહૃદભાવની અમૃતવર્ષા થઈ. પરસ્પર દ્વેષની જ્વાળાઓને બદલે સ્નેહની સરિતા વહી. સ્વામીશ્રીની અમૃતધારાથી રોહીશાળામાં શાંતિનું વાતાવરણ જામી ગયું. બંને પક્ષ દ્વારા રસોઈઓ અપાઈ. દરેકને રાજીપાના ગોળ-ધાણા વહેંચાયા. સ્વામીશ્રીએ સૌને સાથે બેસી જમાડ્યા.

એક મહાભારતનું યુદ્ધ અટકી ગયું, પ્રમુખસ્વામી મહારાજે એક ગામના પરિવારને એકતાથી બાંધીને સુખની સાચી દિશા ચીંધી દીધી. આ એક નહીં, અનેક ગામો અને અનેક પરિવારો તેઓનાં સદાયના આમ ઋણી બની રહ્યાં છે અને તેમને આજેય કૃતજ્ઞતાથી યાદ કરી રહ્યાં છે. ◆

શતાબ્દી ઉપદેશ

# ઘરસભાથી ઘરમાં શાંતિ અને સુખ આવશે...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની સીધી-સાદી-સરળ પ્રાસાદિક વાણીની સરવાણી. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની આ અમૃતવાણીનું પાન કરી અમર થઈ જઈએ...



'વચનામૃત, સ્વામીની વાતો, ભાગવત, ગીતા, ઉપનિષદ વગેરે દરેક ગ્રંથમાં સાંભળીએ છીએ કે સંસારમાં કાંઈ સાર નથી. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે સંસારમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી નથી. વળી, ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે આ શરીર રોગનું ઘર છે. કેટલાય રોગ આવી જાય છે, માનસિક તાણ આવી જાય છે. સ્વભાવ અને પ્રકૃતિને લઈને ઘરમાં પણ કલેશ થાય છે.

દેવાનંદ સ્વામીએ કહ્યું છે, *'દુઃખ તણો દરિયાવ મોટો નહીં શકો તરી, શામળિયાને શરણે જાતાં જાશો ઊગરી...'*

તુલસીદાસે પણ કહ્યું : 'સુરપુર, નરપુર, નાગપુર, એ તીનમેં સુખ નાહીં, કાં સુખ હરિ કે ચરણમેં, કા સંતન કે માંહી.'

ભગવાન અને સંતનાં ચરણ સિવાય ક્યાંય સુખ નથી. રાજા-મહારાજાઓને પણ કલેશ છે. ઘર-ઘરમાં પ્રશ્નો છે. પતિ-પત્નીને, બાપ-દીકરાને, સાસુ-વહુને, ભાઈ-ભાઈને ના બને - કારણ કે એવી ભાવના આવી ગઈ છે કે ઘરમાં મારું કહ્યું જ થાય. હું કહું તેમ બધા કરો. આના લીધે એકબીજાના પ્રશ્નો ઊભા થાય છે.

એટલા માટે અમે કહીએ છીએ કે ઘરસભા કરો. જો ઘરના વડીલ પોતે નિશ્ચય કરે કે ઘરસભા કરવી છે તો પછી ધીરે ધીરે થાય. ધીરજ

જોઈએ. બળ જોઈએ. શ્રદ્ધા જોઈએ. પણ આપણે તો એક દા'ડામાં સભામાં બેસીએ ને શાંતિ થઈ જ જવી જોઈએ, - પ્રશ્નો ઊકલી જ જવા જોઈએ એવું થાય છે, પણ દરેક કામની સિદ્ધિ થઈ છે એની પાછળ શ્રદ્ધા છે. તમે વેપાર કરવા બેઠા ને એકદમ લખપતિ-કરોડપતિ થઈ જવાય છે?

જીવનમાં પ્રશ્નો છે એનું નિરાકરણ આવશે જ એવી એક શ્રદ્ધા રાખવી. તમે નિશાળમાં બેસો ને તરત જ ડૉક્ટર થવાય છે? એની પાછળ પુરુષાર્થ કરવો પડે છે. તો પછી ભગવાનના ભક્ત થઈને, શાંતિ મેળવવી હોય તો એને માટે પણ એવું કરવું જ જોઈએ. ઘરસભામાં આપણે ધીરજ રાખવી પડે.

વ્યારાના અમૃતલાલ રાવળને યોગીજી મહારાજે કહેલું: 'તમે રવિવારની સભા કરજો.' પેલા બીચારા સભા કરે પણ કોઈ આવે જ નહીં. હરિભક્તોને ઘરે જઈ મળી આવે, કહી આવે તોય કોઈ આવે નહીં. પછી એકલા બેસે ને સભા કરે.

યોગીજી મહારાજે કહેલું, 'તમારે દીવો કરવો, ઠાકોરજી મૂકવા, વાતો-વચનામૃત વાંચવું ને સભા કરવી. બધા આવશે ને સભા ભરાઈ જશે.' એ રીતે મહિનો, બે મહિના, વર્ષ દા'ડો સુધી કર્યું પણ કોઈ આવે નહીં. તેમણે યોગીબાપાને કાગળ લખ્યો કે 'સ્વામી! કોઈ આવતું નથી.' યોગીજી મહારાજ કહે કે 'આપણે એમ માનવું કે આપણી સભામાં અનંત મુક્તો આવ્યા છે ને સાક્ષાત્ શ્રીજીમહારાજ પધાર્યા છે.' એમને વિશ્વાસ કે યોગીમહારાજ કહે છે એ બરોબર છે. રવિવારની સભા કરવી એટલે કરવી.

કેટલાંક વર્ષો ગયાં પછી એ સભામાં હરિભક્તો આવતા થયા. આજે સારામાં સારું મંદિર થઈ ગયું છે, સત્સંગ છે. મંદિર કર્યું છે એ પણ નાનું પડે છે.

આપણને એમ છે કે એક દા'ડે બધું થઈ જાય પણ મોટા પુરુષ આશીર્વાદ આપે તોય કામ મોડું થાય. આપણું મન અંદરથી બરોબર દૃઢ થવું જોઈએ ને! ઘરસભા આપણે બધાએ કરવી અને ધીરજ પણ રાખવી. ઘરમાં આપણાં પુત્ર-પુત્રીઓને ધીરે ધીરે સમજાવવાં, બોલાવવાં, બેસાડવાં, કારણ કે અત્યારે છોકરાં કૉલેજમાં જાય છે એટલે એ કઈ દુનિયામાં ઊડે છે એની એમને જ ખબર નથી. માટે ધીરે ધીરે કરીને સમજાવવું.

છોકરાઓએ પણ ઘરની પરિસ્થિતિ સંપૂર્ણ સમજવાનો પ્રયત્ન કરવો. 'આ જોઈએ છે ને ફલાણું જોઈએ છે' ને એ ન મળે તો પછી ચોરીઓ કરવાનું થાય. આપણું જીવન શુદ્ધ બનાવવું. આપણે પુરુષાર્થ કરીને જે પ્રાપ્ત થાય એમાં સંતોષ માનવો.

ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું છે કે સમજણમાં સુખ છે. આપણા સત્સંગમાં આત્મા ને પરમાત્માની સમજણ છે. હું આત્મા છું અને મારે પરમાત્માની ભક્તિ કરવાની છે. આ સમજણ દૃઢ થાય તો ઘણા પ્રશ્નો હલ થઈ જાય. દુઃખ તણા દરિયાવમાં એક મીઠી વીરડી ભગવાનનો આશરો છે. એમાંથી મીઠાશ મળે બાકી બધે જ અશાંતિ છે.

ઘણાને સમજાતું નથી કે ઘરસભામાં બેસવાથી શું થઈ જવાનું? ઘરમાં ઝઘડો થાય તો પણ તમે નિરાંતે ઘરસભામાં સાથે બેસો. એકબીજાને સમજી લો, સહન કરો, વચનામૃત, સ્વામીની વાતો, સ્વામિનારાયણ પ્રકાશ વાંચો.

કેટલાક છોકરાઓ લગ્ન કરીને આવે પછી મા-બાપની ખબર ન રાખે. પત્ની તરફનો પ્રેમ ભલે થાય પણ માની જરૂર જ નથી ? પત્ની પતિને કહે, 'તમારાં માતા મારા ઘરમાં ન જોઈએ. આ ઘરડા ડોસાને ક્યાં સાચવવા?' પણ શું કોઈક દિવસ આપણે પણ ડોસા નથી થવાના? માતા-પિતાની સેવા કરવાના સારા વિચારો આપણને સત્સંગથી આવે.

સત્સંગ, કથાવાર્તા ને ઘરસભા જ શાંતિ આપશે. સાંજે વાળુ-પાણી કરીને પા-અડધો કલાક બધાએ સાથે બેસવું. આપણા સત્સંગના ગ્રંથોનું વાંચન કરવું, સ્વામીની વાતો વાંચવી, ભગવાનનું ભજન કરવું. કેવા-કેવા ભક્તો થયા, તેમણે કેટલું સહન કર્યું! - એવી વાતો સૌ સાથે બેસીને વાંચીએ તથા સાંભળીએ તો સૌમાં શુભ સંસ્કાર થાય.

ઘરસભામાં રોજ એકનું એક જ લાગે પણ વૈદ્યની ચરી જેવું છે. જેમ જેમ વૈદ્યની ચરી પાળતા જઈએ, તેમ તેમ સુખ થાય. ભગવાનનું નામ એવું છે કે એ રટવાથી આપણા એકબીજાના વિચારો અને મન મળી જાય.

ઘણાને થાય કે ઘરસભા કરીએ છીએ તો પણ કંઈ થતું તો નથી! આ માર્ગ કઠણ છે. વહુના, છોકરાના, બધાના સ્વભાવ એક દહાડામાં સુધરી જતા નથી. આપણે શ્રદ્ધા, વિશ્વાસ ને ધીરજ રાખીને ઘરસભા કરીએ તો વાંધો નહીં આવે. ઘરસભામાં બેસવાથી આપણને આવા સારા વિચારો આવશે. શ્રીજીમહારાજની ને યોગીજી મહારાજની પણ આજ્ઞા છે. 'સબ દર્દો કી એક દવા – ઘરસભા.' માટે ઘરસભા અવશ્ય કરવી.

આપણે ઘરનો સંપ રાખીને કાર્ય કરવું છે. છોકરાઓ નાના હોય તેમની સાથે બેસી વાતચીત કરીએ, પ્રેમ અને હૂંફ આપીએ. આપણે ભોજન પણ સાથે જ કરવું. દિવસમાં ફક્ત એક જ વખત બેસવાનું છે. તો તેમાં ખટકો રાખીને કરવું જોઈએ. ઘરસભા અને સમૂહ ભોજન થાય તો ઘરમાં કેટલાય પ્રશ્નો ઊકલી જાય. ◆

## ઘરને મંગલ બનાવીએ

# ઘરસભાથી



### એક એવી સંજીવની જે ગૃહશાંતિનો રાજમાર્ગ છે...

■ સાધુ નારાયણમુનિદાસ

ઘરના પ્રશ્નો આદિ-અનાદિથી ચાલ્યા આવે છે. આજકાલના આ પ્રશ્નો નથી. એ પ્રશ્ન કેટલું મોટું સ્વરૂપ ધારણ કરે છે, તેનું ઉદાહરણ છે ભારતના બે મુખ્ય ગ્રંથો – રામાયણ અને મહાભારત. આ બંને ગ્રંથોની અંદર જે કાંઈ કથા છે એ કોની કથા છે? બે કુટુંબના પ્રશ્નોની જ કથા છે. રામાયણની અંદર રાજા દશરથના કુટુંબની કથા છે. મહાભારતની અંદર ધૃતરાષ્ટ્ર અને પાંડવોના કુટુંબની કથા છે. રામાયણમાં એક પરિવારને છિન્ન-ભિન્ન કરવામાં મંથરાની ચાલ સફળ થઈ. મહાભારતમાં બે ભાઈઓ ભાઈઓ વચ્ચેના પ્રશ્નો, મિલકતના પ્રશ્નો અને એ મિલકતના પ્રશ્નોમાં દુર્યોધન જેવો વિચિત્ર માણસ આવ્યો અને એ એક માણસનો અહંકાર ૧૮ અક્ષૌહિણી સેનાને ભરખી ગયો.

એક કુટુંબનો પ્રશ્ન કેટલું મોટું સ્વરૂપ પકડે છે! કુટુંબના પ્રશ્નથી ગમે તેવો હિંમતવાળો માણસ પણ ક્યારેક હારી જાય છે. રોજ આપણે કેટલી બધી પ્રવૃત્તિઓ કરીએ છીએ. દરેક પ્રવૃત્તિની અંદર આપણો હેતુ એ જ હોય છે કે આપણે સુખી થઈએ. આપણે સામાન્ય રીતે એવા વિચાર કરીએ કે આ વર્ષે ઘરમાં ફ્રીઝ લાવી દઉં એટલે શાંતિ. ઘરમાં આવું ઍરકન્ડિશન મૂકી દઉં કે આવું ઍરકૂલર મૂકી દઉં એટલે શાંતિ. કેટલાકને એમ થાય કે આ વર્ષે ઘરમાં ફર્નિચર વસાવી દઉં એટલે શાંતિ. પણ શું ખરેખર ફ્રીઝ, ઍરકન્ડિશન કે ફર્નિચરથી શાંતિ થાય છે? લોકો ક્યારેક પૈસા અને શાંતિને જોડે છે. પણ ધન-સંપત્તિથી કે સુખ-સુવિધાથી પરિવારને શાંતિ મળે છે?

૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં બિરાજતા હતા. સોમવતી અમાસ આવી અને હરિભક્તોએ વિનંતી કરી કે સોમવાર છે અને અમાસ છે તો નદી સ્નાન કે દરિયાસ્નાન કરીએ તો એનું વિશેષ પુણ્ય કહેવાય છે. સ્વામીશ્રીએ હા પાડી એટલે સમુદ્રસ્નાનનો કાર્યક્રમ ગોઠવાયો. લોર્ડ મોન્ટેગ્યુ નામના બ્રિટિશ રાજવી પરિવારના એક ઉમરાવનો પ્રાઈવેટ દરિયાકિનારો હતો ત્યાં કાર્યક્રમ ગોઠવાયો. સ્વામીશ્રી લોર્ડ મોન્ટેગ્યુ સાહેબને ત્યાં પધાર્યા. મહેલ જેવો વિશાળ બંગલો. ઠાકોરજીને સમુદ્ર સ્નાન કરાવીને સ્વામીશ્રી ઠાકોરજીનું પૂજન કરવા બેઠા. વિવેકસાગર સ્વામી લોર્ડ મોન્ટેગ્યુને પણ વેદોક્ત સંકલ્પ કરાવતા હતા. એમાં એક સંકલ્પ એવો કરાવવામાં આવ્યો કે દસ પ્રકારે લક્ષ્મી, દસે દિશામાંથી અમારા ઘરમાં આવે. સ્વામીશ્રીએ વિવેકસાગરદાસ સ્વામીને કહ્યુંઃ આમને ક્યાં દસ પ્રકારે લક્ષ્મીની જરૂર છે? આટલી બધી સમૃદ્ધિ તો એમની પાસે છે, માટે એમને એવો સંકલ્પ કરાવો કે અક્ષરધામ પ્રાપ્તિ અર્થમ્. તો વિવેકસાગર સ્વામીએ એ સંકલ્પ કરાવ્યો, એટલે સાથેના હરિભક્તે લોર્ડ મોન્ટેગ્યુને તેની અંગ્રેજીમાં સમજ આપી જણાવ્યું કે સ્વામીશ્રી એમ કહે છે કે તમને અક્ષરધામ, ભગવાનનું ઘર, સ્વર્ગ, હેવન પ્રાપ્ત થાય. તો લોર્ડ મોન્ટેગ્યુએ પૂછ્યું, 'આ પ્રમુખસ્વામી મહારાજ આશીર્વાદ આપે તે સત્ય ઠરે?' એ હરિભક્તે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક હા કહી. તો લોર્ડ મોન્ટેગ્યુ કહેઃ 'wait... wait... ઊભા રહો... મારે હમણાં ભગવાનના ધામની પ્રાપ્તિ કરતાં બીજી જરૂરિયાત છે. મારાં પત્ની સાત દિવસથી ઘરમાંથી ભાગી ગયાં છે એ પહેલાં ઘરમાં પાછાં આવે, તો મને શાંતિ અને સુખ થાય, એ આશીર્વાદ સ્વામીજી પાસે અપાવો.'

બહારની સમૃદ્ધિ અને જાહોજલાલી જોઈને કોઈને અંદાજ ન આવે કે અંદરથી એ વ્યક્તિ કેટલા દુઃખી હશે. આપણને શું લાગે છે? ઘરમાં ફ્રીઝ હશે તો શાંતિ રહેશે? ઘરમાં ઍરકૂલર હશે તો ઘરમાં શાંતિ રહેશે? ઘરમાં સારું ફર્નિચર હશે તો ઘરમાં શાંતિ રહેશે? ઘરમાં દરેક વ્યક્તિના પોતાના પ્રાઈવેટ ઓરડા હશે તો ઘરમાં શાંતિ રહેશે?

ઘરની શાંતિ એનાથી નથી રહેતી એ કરોડો લોકોનો અનુભવ છે. એ હોય તો સારું, પરંતુ એ હોય એટલે બધું જ સારું એવું નક્કી નથી. નહીંતર, ઇંગ્લેન્ડના રાજવી હોય કે માઈક્રોસોફ્ટ કંપનીના માલિક હોય, ઠેર ઠેર ને ઘેર ઘેર માટીના ચૂલા ન હોય. ઘર ઘરના પ્રશ્નોને કારણે અશાંતિના અસંખ્ય દાખલા આપણને દેખાડે છે કે ભૌતિક સમૃદ્ધિ ઘરની શાંતિ માટે કોઈ રીતે ઉપયોગી થતી નથી.

ગમે તેવો સમૃદ્ધ કે શક્તિશાળી ગણાતો માણસ હોય, પરંતુ ઘરની શાંતિ જાય તો એ ભાંગી પડે છે. અબ્રાહમ લિંકન માટે એમ કહેવાય છે કે એ વિઘ્નોને સામેથી ભેટતા. એમના જીવનમાં પારાવાર વિઘ્નો આવ્યાં, પરંતુ વિઘ્નોથી હારવાને બદલે એમણે કહ્યું કે વિઘ્નો એ મારા માટે ઉપર ચઢવાનું પગથિયું છે. (વિઘ્નરૂપી પથરો મારી આગળ પડે તો હું એને એમ માનું છું કે આ પથ્થર નથી પડ્યો, પણ મારા માટે ઉપર ચઢવાનું પગથિયું થયું છે.) કરુણ પરિસ્થિતિ, દારુણ ગરીબી, પ્રચંડ પુરુષાર્થથી ભરપૂર અબ્રાહમ લિંકનની જીવનગાથા કોઈને પણ પ્રેરણાથી છલકાવી દે તેવી છે. એમના જીવનમાં સખત હાર આવી, તો પણ એમને ક્યારેય એવો વિચાર ન આવ્યો કે આના કરતાં તો મરી જવું સારું. લિંકન હારે ને ત્યારે એવો વિચાર ન કરે કે હું હારી ગયો, હવે મારું શું થશે? લિંકન એક જ વિચાર કરે કે હું કેમ હાર્યો? આ ત્રણ ભૂલ હતી તો હવે એ સુધારીએ. ફરી ઊભા

રહે અને ફરી પાછા હારે. હાર્યા તો કાંઈ વાંધો નહીં. ફરી આ બીજી ત્રણ નવી ભૂલો દેખાણી એને સુધારીએ. એમ ભૂલોને સુધારતા જાય ને જીવનમાં આગળ વધતા જાય. આવા મનોબળવાળી વ્યક્તિ હતા અબ્રાહમ લિંકન. આમ છતાં એમને એકવાર એવો વિચાર આવી ગયો કે આપઘાત કરીને મરી જવું છે. ક્યારે નક્કી કર્યું કે આપઘાત કરીને મરી જવું? પત્નીની સાથે એને પ્રશ્નો થયેલા એ ત્રાસને લઈને લિંકનને વિચાર આવ્યો હતો કે આના કરતાં તો આપઘાત કરીને મરવું સારું. આ તો ભગવાનની દયા થઈ અને પોતાની વેદનાનો પત્ર લખ્યો એના મિત્રને, અને એના મિત્રે એમને સમજાવ્યા ને આપઘાત ન કર્યો. ઘરના પ્રશ્નો કેટલા ભયાનક હોય છે એ સમજવા માટે આ એક ઉદાહરણ પૂરતું છે.

નેપોલિયન માટે કહેવાય છે કે 'નેપોલિયન ધી ગ્રેટ'. નેપોલિયન, મહાન નેપોલિયન. 'ધી ગ્રેટ' શબ્દ અંગ્રેજીમાં બધાની પાછળ નથી લાગતો. નેપોલિયન કેટલો મનોબળવાળો માણસ! એ ઓસ્ટ્રિયા જીતવા માટે જતો હતો. રસ્તામાં આલ્પ્સ પર્વત આવ્યો. બધા સૈનિકો ઊભા રહી ગયા. નેપોલિયને કહ્યું કે બધા આગળ વધો. પણ વધવું કેવી રીતે? એણે કહ્યું કે હું કહું છું, આગળ વધો, આલ્પ્સ પર્વત ખસી જશે. એણે પોતાના સૈન્યમાં એવો જુસ્સો ભર્યો કે આખું સૈન્ય પર્વતને પાર કરી ગયું અને ઓસ્ટ્રિયાને જીત્યું. આવો દૃઢ મનોબળવાળો માણસ. ગમે તેવા સંજોગોમાં આ નેપોલિયન હારે નહીં. નેપોલિયન કોઈ દિવસ મનથી તૂટી ન પડે. આવા નેપોલિયને પોતાની આત્મકથામાં લખ્યું છે 'મેં સુખના સળંગ છ દિવસો મારી જિંદગીમાં જોયા નથી.' એનું એક કારણ એ હતું કે એની પત્ની જોસેફિન હતી. તેનાં પત્ની સાથેના કલહને કારણે નેપોલિયનને ખૂબ ધક્કો લાગ્યો હતો.

આ બધા ઘર ઘરના પ્રશ્નો ભલભલા માણસને મૂંઝવી દે તેવા પ્રશ્નો છે. પહેલાંના જમાનામાં આવા પ્રશ્નો ન હતા એવું નથી, પણ જેમ જેમ જમાનો આગળ વધતો ગયો, જેમ જેમ આધુનિક શોધખોળ થતી ગઈ છે તેમ તેમ આપણાં શરીર અને આપણાં મન સુખ અને સગવડથી ટેવાઈ ગયાં છે. એને લીધે આપણી સહનશક્તિ ઓછી થઈ ગઈ.

ઘર ઘરના પ્રશ્નોમાં આપણો અત્યારનો મોટામાં મોટો પ્રશ્ન એ જ છે કે આપણે એકબીજાનું સહન નથી કરી શકતા. ખાલી ગામડાની જ વાત કરીએ તો સારંગપુરની આજુબાજુનાં ગામડાંઓમાં સહનશક્તિ ઘટી ગયાના પ્રસંગો આપણને ચોંકાવી દે તેવા છે.

એક ઘરમાં એક બહેનને પોતાની બહેનનો કાગળ આવ્યો કે મારા દીકરાનું વેવિશાળ છે તો તમે પધારશો. એ બહેને પોતાના પતિને કહ્યું કે મારી બહેનના દીકરાનું વેવિશાળ છે તો આપણે જઈએ. એના પતિએ ના પાડી કે આપણે નથી જવું. એણે કારણ પૂછ્યું કે કેમ નથી જવું? ત્યારે તેના પતિએ કહ્યું કે આપણા એક પ્રસંગમાં તારાં બહેન ને બનેવી નહોતાં આવ્યાં માટે આપણે પણ નથી જવું. બસ એટલી જ વાત. આ બહેને એ કપાસની દવા પી લીધી અને આપઘાત કરીને મરી ગયાં.

એક કુટુંબ સુરતમાં રહે. હીરા ઘસવાનું કામ કરે. છોકરો અને વહુ બંને આ કામ કરે. એ છોકરાની માતા ગામડેથી ત્યાં ગયાં. એ જે દિવસે દીકરાને ત્યાં ગયા એ જ દિવસે ઘરે મહેમાન પણ આવ્યા. વહુએ મહેમાન માટે બધું રાંધ્યું. સારી રસોઈ કરી, મહેમાન બધા જમી રહ્યા. મહેમાન જમી રહ્યા પછી સાસુએ રસોડામાં જઈને જોયું તો અડધોઅડધ જમવાનું વધ્યું હતું. એટલે સાસુએ વહુને થોડી ટકોર કરી કે થોડું માપમાં રાંધવું. જે ભાષામાં ટકોર કરી હોય એ, પણ બીજે દિવસે સવારે મહેમાન નાસ્તો કરવાના હતા. વહુએ રાતનું વધેલું બધું વઘારીને આપી દીધું. આવું કર્યું એટલે સાસુએ ફરી વાર વહુને ટકોર કરી કે મહેમાન આવ્યા હોય એમને આમ રાતનું ટાઢું ન ખવડાવાય, એમને નવું કંઈક આપવું જોઈએ. બસ આટલી જ વાત થઈ. મહેમાન જતા રહ્યા, સાસુ પણ કોઈક સંબંધીને ઘરે ગયાં, પતિ પણ નોકરીએ ગયા અને આ બહેને આપઘાત કરી લીધો.

ઘરના નાના-નાના પ્રસંગોમાં અત્યારે લોકો આપઘાત કરે છે, ક્યાંક હત્યા કરે છે, મારામારી કરે છે, ગાળાગાળી કરે છે, તો આનું કારણ શું છે? આપણે એકબીજાનું સહન નથી કરી શકતા.

અમદાવાદના એક ગોલ્ડમેડાલિસ્ટ ડૉક્ટર. આ ડૉક્ટરને એક બહેન સાથે પ્રેમ અને એ બહેન પણ ડૉક્ટર. એ બહેન પણ ગોલ્ડમેડાલિસ્ટ. બંને ભણવામાં સાથે હતાં અને બંનેને એકબીજા સાથે હેત. બંનેએ નક્કી કર્યું કે આપણે લગ્ન કરીએ. બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું, પણ ડૉક્ટરના પિતાએ લગ્નની ના પાડી. બંને જણા વિવેકી હતાં. આથી બંનેએ નક્કી કર્યું કે જ્યાં સુધી લગ્નની હા ન પાડે ત્યાં સુધી આપણે લગ્ન કરવાં નથી. બંને જણાંએ પાંચ-છ વર્ષ સુધી રાહ જોઈ. તેમના પિતાજી ધામમાં ગયા પછી બંને જણાએ લગ્ન કરી લીધાં. આટલાં વર્ષ પ્રેમ કર્યા પછી, આટલાં વર્ષ ધીરજથી રાહ જોયા પછી લગ્ન થયાં. અને લગ્ન થયાંના દોઢેક વર્ષે જ બહેન ડૉક્ટર જે ગોલ્ડમેડાલિસ્ટ હતાં, પોતાના

શરીરે કેરોસીન છાંટીને આપઘાત કરી મરી ગયા. કારણ શું?

પતિનું સન્માન થતું હતું તે પત્નીથી જોવાતું નહોતું અને પત્નીનાં વખાણ થાય એ પતિથી સહન ન થાય.

દરેકને પોત પોતાનો અહંકાર સાચવવો છે. અહં અને મમત્વ આપણને હેરાન કરે છે. ભગવાન સ્વામિનારાયણે આપણને કહ્યું છે કે અહં અને મમત્વ જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી આપણા કોઈ પ્રશ્નનો અંત આવે તેમ નથી. ગમે તેટલી આપણને સ્વતંત્રતા મળે કે પરતંત્રતા મળે. પણ સ્વભાવથી મુક્ત ન થવાય ત્યાં સુધી આપણા કોઈ પ્રશ્નનો અંત આવતો નથી.

**જે ઘરમાં રોજ ઘરસભા થતી હોય, તેનું વાતાવરણ કંઈક અલગ જ હોય છે. ઘરસભામાં બધા ભેગા થઈને થોડું ભજન-કીર્તન-ધૂન-પ્રાર્થના-ગ્રંથનું વાંચન કરે, તો ઘરનું વાતાવરણ બદલાઈ જાય. લાખો હરિભક્તોને આવો અનુભવ થયો છે.**

ફ્રીઝ આવશે, ટી.વી. આવશે કે એક રૂમની ત્રણ રૂમ થશે, પાંચ રૂમનો ફ્લેટ થશે પણ સુખ થશે નહીં.

આ હું રૂપી બિલાડો ભગવાન સિવાય નીકળે તેમ છે જ નહીં. ભગવાનને જો ઘરમાં લાવીએ તો આ હું રૂપી બિલાડો નીકળે. તો ભગવાન ઘરમાં કેવી રીતે પ્રગટ થાય?

*જેના ઘરમાં ભક્તિ ને જ્ઞાન,*
*એ ઘેર આવીને વસે ભગવાન;*
*જ્યાં છે સંત તણા સન્માન,*
*એ ઘેર આવી વસે ભગવાન'*

જેના ઘરમાં ભક્તિ અને જ્ઞાન આવે, ધર્મ જેના ઘરમાં આવે એના ઘરમાં સાક્ષાત્ ભગવાન આવીને વાસ કરે. ભગવાનને જો ઘરમાં લાવવા હોય તો ભક્તિ, જ્ઞાન, ધર્મ આ બધું લાવવું પડે.

યોગીજી મહારાજ એક બહુ સરસ બોધકથા કહેતાઃ પટેલ અને પટલાણીને સવારથી સાંજ સુધી સીમમાં કામ હતું. લણણી કે અનાજ ઉપાડવાનું કંઈક કામ હશે. પટલાણીએ સવારના પહોરમાં રોટલા, સુખડી અને થોડું કંઈક દાળ-શાક જેવું બનાવી ઘરમાં રસોડામાં મૂકી દીધું અને છોકરાંઓને કહ્યું હતું કે તમે બપોરે ભૂખ્યા થાઓ એટલે જમી લેજો. અમે તો ખેતરે જઈએ છીએ, સાંજે આવીશું. છોકરાંઓને બધું સમજાવીને તેઓ ગયાં. પટેલને બપોરે બે-અઢી વાગે કંઈક કામ પડ્યું એટલે એને થયું કે લાવ ઘરે જઈને લઈ આવું. એટલે એ વસ્તુ લેવા ઘરે આવ્યા તો બધા ઢીલા-વીલા મોંઢે બેઠાં હતાં. આથી પટેલે પૂછ્યું કે કેમ તમે લોકો આમ ઢીલા મોઢે બેઠાં છો? તો બાળકોએ કહ્યું કે ખાધું નથી એટલે.

પટેલ કહે કે કેમ ખાધું નથી? સવારના પહોરમાં જ તમારા માટે સુખડી, રોટલા ને બધું કરીને ગયા છીએ અને રસોડામાં મૂક્યું જ છે બધું.

બાળકો કહેઃ અંદરથી આમ હમમમમ.... એવો અવાજ આવે છે. એટલે પટેલે બારણું ખોલ્યું. બારણું ખોલ્યું એટલે હમમમ... એવો અવાજ આવ્યો. પટેલ જાણી ગયા કે આ બિલાડો છે. રસોડામાં અંદર ઘૂસી ગયો છે અને કોઈને અંદર ઘૂસવા દેતો નથી. પટેલે એક ડાંગ લીધી ને બિલાડાને ફટકારી તો બિલાડો રસોડામાંથી ભાગ્યો ત્યારે છોકરાંઓ રોટલા ખાવા ભેગાં થયાં.

એમ યોગીજી મહારાજ કહેતા કે દરેકના ઘરમાં આ 'હું' એટલે કે અહંકાર રૂપી બિલાડો ઘૂસી ગયો છે. આ બિલાડો એ આપણા ઘરમાં બધું જ છે, રોટલા છે પણ ખાવા દેતો નથી. જ્યાં સુધી 'હું' રૂપી બિલાડો નહીં નીકળે ત્યાં સુધી

ગઢડામાં બહેનોએ સરસ અન્નકૂટ કર્યો. બહેનોની ભક્તિથી ભક્તિમાતા સાક્ષાત્ પ્રગટ થયાં, દર્શન આપ્યાં. કોઈક બહેન દોડીને શ્રીહરિ પાસે ગયા ને કહ્યું કે 'મહારાજ! ભક્તિમાતા દર્શન દે છે.'

શ્રીહરિ કહેઃ 'ભક્તિમાતાને કહો કે અહીં અખંડ રહે. બહેનોએ ભક્તિમાતાને પ્રાર્થના કરી કે આપ અહીં અખંડ રહો. ભક્તિમાતા કહે હું પતિવ્રતા છું, ધર્મ જો રહેશે તો હું રહીશ. તો શ્રીહરિ બોલ્યાઃ જ્યાં ધર્મ ને ભક્તિ રહેશે ત્યાં હું અખંડ રહીશ.

તો ઘરમાં જો ભક્તિ અને ધર્મ હશે તો ઘરમાં ભગવાન પધારશે અને ઘરનું વાતાવરણ બદલાઈ જશે.

ઘરમાં ધર્મ અને ભક્તિનું વાતાવરણ સર્જવા માટે પ્રથમ તો ઘરમાં સુંદર ઘરમંદિર હોવું જોઈએ. એ મંદિરમાં રોજ સવાર-સાંજ આરતીનો રણકાર હોય, રોજ ત્રણ ટાઈમ ઠાકોરજીને થાળ ધરાવાતો હોય. આ ભક્તિની પરંપરા છે. તમે આવું કરો તો બાળકોને સંસ્કાર પડે જ. ઘરમાં રોજ મિષ્ટાન કરીને ભગવાનને જમાડો, એવું જરૂરી નથી. પરંતુ ઘરમાં જે પણ રસોઈ કરીએ તે ભગવાનને ધરાવીને જ જમીએ, તેનું નામ ભક્તિ. યથા દેહે તથા દેવે.

બીજું, પ્રમુખસ્વામી મહારાજે ઘરમાં ધર્મ અને ભક્તિનું વાતાવરણ સર્જવા માટે ઘરસભાનો આદેશ આપ્યો છે.

જે ઘરમાં રોજ ઘરસભા થતી હોય, તેનું વાતાવરણ કંઈક અલગ જ હોય છે. રોજ ઘરસભામાં બધાં ભેગાં થઈને થોડું ભજન-કીર્તન કરતાં હોય, કોઈક ધૂન-પ્રાર્થના કરાવે, એકાદ

જણ થોડું ગ્રંથનું વાંચન કરે, તો ઘરનું વાતાવરણ બદલાઈ જાય. લાખો હરિભક્તોને આવો અનુભવ થયો છે.

ભામોદરા ગામના લલિતભાઈના ઘરમાં ત્રણ વ્યક્તિ રહે. તે, તેમનાં પત્ની અને તેમનાં માતુશ્રી. પણ લલિતભાઈ કહે છે કે મને ઘરમાં રહેવાનું થાય એટલે ત્રાસ થાય. એમ થાય કે આ નોકરી કેમ ૮ જ કલાકની છે, નોકરી ૧૨-૧૫-૧૮ કલાક ચાલતી હોત તો કેટલું સારુ! લોકો ઘરે જવાની રાહ જોતા હોય પણ અહીં ઊંધું હતું. કારણ કે એમનાં બા અને એમની પત્નીના ઝઘડા. લલિતભાઈએ સંતોને પૂછ્યું કે આનો કોઈ રસ્તો ખરો? ત્યારે સંતોએ પ્રમુખસ્વામી મહારાજનો આદેશ સંભળાવીને કહ્યું કે ઘરસભા કરો. લલિતભાઈએ ઘરે આવીને કહ્યું કે આપણે ઘરસભા કરવાની છે. સમય નક્કી કરી એ સમયે ઘરસભા કરવા બેઠા. ધૂન કરી. એમનાં બા આવીને સભામાં બેઠા. તેમના પત્નીએ જોયું કે બા સભામાં બેઠા છે એટલે એ પોતે સભામાં ન બેઠાં. બે જણાથી ઘરસભા થઈ. બીજા દિવસે એમનાં પત્ની ઘરનું કામ વહેલું પતાવી પોતે વહેલા ઘરસભામાં બેસી ગયાં. એટલે એમની બા ઘરસભામાં ન બેઠાં. ઘરમાં કુલ ત્રણ માણસો પણ ઘરસભા ફક્ત બે માણસોથી થાય. ચાર મહિના સુધી આમ બે જ માણસોથી ઘરસભા થઈ. પણ પછી ઘરસભાની અંદર ત્રણ જણા બેઠા. ધીરે ધીરે એટલો બધો સંપ થઈ ગયો કે લલિતભાઈ લખે છે કે 'હું બે વર્ષ સુધી ઘરની બહાર રહું તો પણ મારા ઘરમાં હવે ઝઘડો નહીં થાય.'

ઘરસભાએ ઘરનું વાતાવરણ બદલી નાંખ્યું. કુટુંબ ક્લેશને બદલે ધર્મ અને ભક્તિનું શાંત વાતાવરણ રચાઈ ગયું.

આપણે જે શાંતિ ફ્રીઝ લાવીને, ફર્નિચર લાવીને, ટી.વી. લાવીને કે ઍરકન્ડિશન લાવીને ઇચ્છીએ છીએ, પણ તે રીતે શાંતિ ન આવે. આ ઘરસભા શાંતિ લાવે છે. આ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા છે.

એવો જ એક પ્રસંગ છે યોગેશનો. યોગેશ ૧૬ વર્ષનો. સંસ્કૃતમાં કહ્યું છે કે પુત્ર સોળ વર્ષનો થાય પછી તેને બહુ સલાહ-સૂચનો ન આપવાં, પણ તેની સાથે મિત્રની જેમ વર્તવું. પરંતુ યોગેશ અને તેના પિતા વચ્ચે એવી મિત્રતા નહોતી. આથી એ બંને વચ્ચે રોજ ભયાનક ઝઘડા ભડકી ઊઠે. આખરે કંટાળીને તેના પિતાએ સંતોને કહ્યું કે અમારે આ કાયમનો પ્રશ્ન છે, મારે કરવું શું?

સંતોએ કહ્યું કે પ્રમુખસ્વામી મહારાજના આદેશ મુજબ ઘરસભા કરો. યોગેશને વાત કરજો, પણ તેને ઘરસભામાં બેસવા માટે હઠાગ્રહ ન કરતા.

અને પ્રમુખસ્વામી મહારાજના સ્મરણ સાથે તેમણે ઘરસભા ચાલુ કરી. શરૂઆતનો થોડો સમય તો યોગેશ ઘરસભાના સમયે બહાર ફરવા જ જતો રહેતો. પછી ધીમે ધીમે બધા ઘરસભામાં બેસવા માંડ્યા. એક દિવસ યોગેશને ઘરસભામાં બેસવાની ઇચ્છા થઈ. પહેલી વખત બેઠો, તેને સારું લાગ્યું. પછી તો આદત થઈ ગઈ. આજે એ બાળસભાનો સંચાલક થઈ ગયો છે. પ્રશ્નો બધા ટળી ગયા.

ભાલચંદ્રભાઈ સીતાપરા લખે છે કે 'મારો સ્વભાવ એટલો બધો સ્વાદિયો કે ઘરમાં રોજ જમવા બેસું ને થોડું આઘું-પાછું હોય તો હું થાળી પછાડું. રોટલાનો સીધો ઘા કરું કે ઘરની બહાર કૂતરા હોય તે ખાય. આવો મારો સ્વભાવ. આખું ઘર જ્યાં સુધી હું જમું નહીં ત્યાં સુધી ટેન્શનમાં જ હોય. રોજનો પ્રશ્ન.' પરંતુ પ્રમુખસ્વામી મહારાજના આદેશ મુજબ એમણે ઘરમાં ઘરસભા ચાલુ કરી. તેઓ કહે છે કે ઘરસભાના લીધે ધીમે ધીમે મને જ્ઞાન થતું ગયું કે આપણે ચલાવી લેતાં શીખવું, સરળતા રાખવી, આગ્રહ ન રાખવો. મને એવું થયું એટલે મેં જાતે જ અમારા રસોડામાં લખ્યું કે જમતાં જમતાં મૌન રાખવું અને ગુસ્સો ખરાબ વસ્તુ છે. આજે ગમે તેવું હોય હું જમવાનું ચલાવી લઉં છું.'

આ બધા માટે સમય આપવો ખૂબ અગત્યનો છે. સમય નથી આપવો તેવી આપણી વૃત્તિ નથી. દરેકને સમય આપવો છે. પૂજ્ય મહંત સ્વામીએ કહ્યું કે 'કેન્દ્રમાં આપણને આ કુટુંબની મહત્તા નથી સમજાતી.' એક એ પણ કારણ હોઈ શકે. મહત્તા સમજાય છે, પણ બૅલેન્સ કેવી રીતે કરવું? એ પ્રશ્ન છે.

એક પતિ અને પત્ની આપણા કાર્યકર હતાં. સત્સંગ માટે સમર્પિત અને એવા વિસ્તારમાં કામ કરે કે જ્યાં ચોરી, લૂંટફાટ વગેરે સાહજિક હતું. આ ભાઈની પ્રતિષ્ઠા એટલી જામેલી બધી જગ્યાએ કે એની ઉપર કોઈ ચોરી-લૂંટફાટ કરે નહીં. સત્સંગી ન થયા હોય તેવા માણસો પણ જાણે કે આ માણસ સાચો છે. તેની આગળ ચોરી ન કરાય, લૂંટફાટ ન કરાય. એ પણ ખૂબ નિષ્ઠાથી કામ કરતા હતા. પણ ઘરમાં પત્ની સાથે પ્રશ્ન એટલે તેને મનમાં અશાંતિ જેવું રહ્યા કરે. તેમણે તેમનાં પત્નીને સમજાવ્યાં કે આપણે ઘરસભા કરીએ. ઘરસભા શરૂ થઈ. બે વ્યક્તિ ઘરસભામાં બેસે કે કથામાં આજે શું આવ્યું? બંનેએ તૈયારી કરી હતી કે આપણે કંઈક ઉકેલ તરફ જવું છે. થોડાક દિવસની કથામાંથી એટલું સારું વાતાવરણ થઈ ગયું કે એ ભાઈએ અમને સંતોને જણાવ્યું કે 'સ્વામી! એકદમ અમે સુખિયા થઈ ગયા છીએ.' જો નિર્ણય લીધો, સમય ફાળવ્યો તો વાતાવરણ સુખદ થયું.

ગમે ત્યાંથી થોડોક સમય આપણે આપવાનો આપણે

નિર્ણય કરીએ. થોડો સંવાદ સાંધવાનો નિર્ણય કરીએ કે હું સમજવાની કોશિશ કરીશ. અથવા હું કોઈપણ સંજોગોમાં મોટું મન રાખીશ. હું એક ભગવાનને માથે રાખીને કામ કરું, એ જ સર્વ કર્તાહર્તા છે.

રોબર્ટ કિયોસ્કી નામના એક લેખકે લેખ લખ્યો છે - 'રીચ ડેડ અને પુઅર ડેડ.'

જે સમૃદ્ધ પિતા છે, તે એમ સમજે છે કે મેં દીકરા-દીકરીઓને સારી સ્કૂલમાં એડમિશન અપાવ્યું, તેમને સાઈકલ કે સ્કૂટર કે જે કંઈ જોઈતું હોય તે અપાવી દીધું, કપડાં સારાં અપાવી દીધાં, ટ્યૂશન ક્લાસીસમાં ગોઠવી દીધાં, એટલે એમ આપણી ફરજ પૂરી થઈ ગઈ. એ રીતે એ એમનાં બાળકો સાથેનો સંબંધ ગુમાવે છે.

લેખક કહે છે કે 'બાળકને એ નથી જોઈતું.'

બીજી તરફ, પુઅર ડેડ એટલે કે ગરીબ મા-બાપ શું કરે છે? ગરીબ મા-બાપને એમ થાય છે કે મારા છોકરાને જેટલી વધુ સગવડ આપી શકું તેટલું સારું. એટલે એ નોકરી-ધંધો, ઓવરટાઇમ એવું કંઈક કરે છે. પણ મહત્ત્વપૂર્ણ કાર્ય બાળકને હૂંફ, પ્રેમ અને સંસ્કાર આપવાનું છે. તે સગવડ આપવાની ઈચ્છાને કારણે ચૂકી રહ્યા છે.

મા-બાપ પાસે પૈસા હોય કે ન હોય, પરંતુ પોતાના પરિવાર અને સંતાનો માટે સમય હોવો જોઈએ.

મહંત સ્વામી મહારાજ કહે છે કે 'આપણે એક નક્કી કરીશું તો ક્યાંયથી પણ સમય નીકળશે.'

રાજકોટના એક ભાઈ અને તેમનાં પત્ની આપઘાત કરવા તૈયાર થયાં હતાં. પતિએ ઘરનાં બારણાં ખોલી નાખ્યાં ને બધા આવી ગયા અને બચી ગયાં. પછી એમના પાડોશી આપણા હરિભક્ત વિનુભાઈએ તેમને ઘરસભાની રીત શિખવાડી ને તેમણે ઘરસભા કરી. ત્યારબાદ એમનું જીવન પલટાઈ ગયું.

આવા તો અસંખ્ય પ્રસંગો છે. ઘરસભાને કારણે પતિ-પત્નીના સંબંધો, બાપ-દીકરાના સંબંધોમાં સુધારો થયો હોય એવા કેટલા બધા લોકોના સ્વાનુભવો છે.

પૂજ્ય મહંત સ્વામી મહારાજ કહે છે કે ઘરસભા કરવાની પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા છે. માટે થોડા ગંભીર થઈને ઘરસભા કરવાની. ઘરસભા સારી રીતે કરવી. આપણા મનમાં દૃઢ થવું જોઈએ કે મારી ઘરસભા એક મહત્ત્વનો પ્રસંગ બની રહેવો જોઈએ. મારી ઘરસભામાં રોજ ભગવાન પધારે છે, એવા એક આનંદનો ઉત્સવ બની જાય. એવી એક ઘરસભા થાય.

જો આ રીતે ઘરસભા થાય તો ગૃહમાંગલ્યની ચાવી આપણે હાથ લાગી જાય. ઘરમાં ભગવાનની પધરામણી થાય, ઘર આનંદ અને સુખનું ધામ બની રહે. ◆

**અભિનંદન** — **બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી સંતને હાર્દિક અભિવંદન...**

## પૂજ્ય જ્ઞાનાનંદદાસ સ્વામી : પીએચ.ડી. થયા



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી દિલ્હી અક્ષરધામ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધ સંસ્થાનમાં સેવા આપતા પૂજ્ય જ્ઞાનાનંદદાસ સ્વામીએ ''Analytical Study of the Prasthānatrayī Svāminarāyaṇa Bhāṣya in Light of Svāminarāyaṇa's Vacanāmṛta'' વિષય પર મહાનિબંધ રચીને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ શોધ પ્રબંધમાં તેઓએ વિવિધ દૃષ્ટિકોણથી પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્યનું વિશ્લેષણ કરીને, તેનું વચનામૃતનાં વચનોના આધારે મૂલ્યાંકન કર્યું છે. પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય કઈ રીતે ભગવાન સ્વામિનારાયણના હૃદગત સિદ્ધાંતને અનુસરે છે તે આ શોધ પ્રબંધનો હાર્દ છે. અંગ્રેજી ભાષામાં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને નિરૂપતા સંશોધનકાર્યની આ સેવા બદલ તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.


## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, અટલાદરા, વડોદરા — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ સ્વામિનારાયણ છાત્રાલય, અટલાદરામાં જૂન ૨૦૨૨થી શરૂ થતા નવા સત્રમાં કૉલેજના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઑફિસ સમયમાં પિતા/વાલી સાથે રૂબરૂ મળવાનું રહેશે.


ઑફિસ સમય: સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૬

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, V3 લેન્ડમાર્કની સામે, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માર્ગ, અટલાદરા, વડોદરા. **સંપર્ક નંબર:** ૯૯૯૮૯૯ ૧૦૩૬

# ગૃહ માંગલ્યનાં
# ચાર સોનેરી અનુભવ સૂત્રો



ઘર ઘરના અંધકારને
દૂર કરે,
વ્યક્તિ વ્યક્તિના
સંબંધોને સુધારે,
પરિવારમાં શાંતિનાં
અજવાળાં પાથરે,
ગુરુહરિનાં
ચાર સોનેરી સૂત્રો...




■ સાધુ નારાયણમુનિદાસ

અયોધ્યામાં આનંદ આનંદ છવાઈ ગયો. કારણ કે હવે સૌના હૃદયના શ્રીરામ અયોધ્યાના રાજા બનવાના હતા.

રાજા દશરથે ભગવાન શ્રીરામનો રાજ્યાભિષેક કરવાની જાહેરાત રાજસભામાં કરી, એનો હરખ સૌને હતો, પણ એક સિવાય. એ હતી મંથરા.

મંથરાને તે સમાચાર મળ્યા ત્યારે તે કૈકેયી પાસે પહોંચી ને કહ્યું: 'તું સૂઈ શું રહી છો ઊભી થા.'

કૈકેયીએ કહ્યું: 'શું થયું? કંઈ મુશ્કેલી આવી પડી છે? રાજાને કંઈ પ્રશ્ન થયો છે? રામ કે ભરતને કંઈ વિઘ્ન આવ્યું છે? લક્ષ્મણ કે શત્રુઘ્ન પર કંઈ આપત્તિ આવી છે?'

મંથરાએ કહ્યું: 'વિપત્તિ તો તારે માથે આવી છે.'

કૈકેયીએ કહ્યું: 'શું એવું થયું કે મારે માથે વિપત્તિ આવી છે?' મંથરાએ કહ્યું: 'કાલે રામ રાજા બની જશે.'

આ સમાચાર સાંભળ્યા અને કૈકેયી પથારીમાંથી સફાળી બેઠી થઈ ગઈ! આનંદથી! કૈકેયીએ ગળામાં પહેરેલો સાચા મોતીનો હાર મંથરાના ગળામાં ખુશાલી અને વધામણી આપી તે બદલ પહેરાવી દીધો. અને કહ્યું: 'આટલા સારા સમાચાર આપવા બદલ હું તને આ ભેટ આપું છું.'

આટલો અપાર સ્નેહભાવ કૈકેયીનો શ્રીરામ પ્રત્યે હતો. એ જ કૈકેયીની મતિ અડધો કલાક મંથરા સાથે વાર્તાલાપ થયો ને બદલાઈ ગઈ. અને એક સુખી પરિવારની રામાયણ રચાઈ ગઈ.

એક આનંદ-સુખ-શાંતિથી હર્યાભર્યા કલ્લોલતા પરિવારને કોણે છિન્ન ભિન્ન કરી નાંખ્યો?

આ કોઈ એક પરિવારની વાત નથી, લાખો-કરોડો પરિવારોની સમસ્યા છે. ઠેર ઠેર મંથરાઓ છે, કૈકેયીઓ છે, અર્થાત્ ઠેર ઠેર કુસંગ અને મિથ્યા મોહ છે, જે પરિવારની એકતા અને શાંતિનું મરણ નોતરે છે.

પારિવારિક એકતા માટે પરિવારમાં પરસ્પર સાચા પ્રેમની આવશ્યકતા છે. કૈકેયીને શ્રીરામ પ્રત્યે પ્રેમ હતો, પરંતુ સાચો પ્રેમ નહોતો. અપેક્ષા સહિતનો પ્રેમ હતો. આથી, અંતરના કુસંગે પ્રેમને બદલે ઘૃણા પેદા કરી દીધી.

માત્ર આ એક નહીં, અસંખ્ય પરિવારોને આ જ સંજોગોમાંથી પસાર થવું પડ્યું છે, રોજ અસંખ્ય પરિવારો આ સંજોગોમાં ભડકે બળે છે અને કેટલીય સમસ્યાઓના ગંજ ખડકાય છે.

ગામોગામ, ઘરોઘર કે દેશ-વિદેશમાં લાખો પરિવારોને તેમાંથી બહાર લાવનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે

પારિવારિક એકતાને અખંડિત રાખવા માટે કેટલાંક સોનેરી સૂત્રો કહ્યાં છે. તેઓએ 'લિખત હૈ સંતસુજાણ'માં ચાર મુદ્દા ગણાવ્યા છે તે ખૂબ ચિંતનીય, મનનીય અને આચરણીય છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે લાખો પરિવારો એમનાં એ સૂત્રોને અપનાવીને પારિવારિક સુખ, શાંતિ, એકતા અને આનંદની અનુભૂતિ કરી રહ્યા છે.

અહીં પ્રમુખસ્વામી મહારાજે સૂચવેલા ચારેય મુદ્દાઓની સંક્ષેપમાં સમજ કેળવીએ અને આપણા પારિવારિક તેમજ વ્યક્તિગત જીવનને સુખ-શાંતિથી છલકાવી દઈએ.

સ્વામીશ્રીએ કહેલો પ્રથમ મુદ્દો છે - સત્સંગ.

બીજો મુદ્દો છે - ઘરસભા.

ત્રીજો મુદ્દો છે - એકબીજાને સમજવાની કોશિશ કરે.

ચોથો મુદ્દો છે - મોટું મન રાખે.

## સત્સંગ અને ઘરસભાઃ આધ્યાત્મિક સંજીવની

સત્સંગ એક આધ્યાત્મિક સંજીવની જેવી દિવ્ય ઔષધિ છે, જે અંતરના અંધકારને ટાળે છે.

અંતરનો અંધકાર એટલે અહંકાર.

પરિવારની એકતાને તોડનાર મોટામાં મોટું પરિબળ છે - અહંકાર. અહંકારને કારણે પોતાની વાતને દુર્યોધનની જેમ માણસ પકડી રાખે અને સર્જાઈ જાય મહાભારત.

અહંકારને કાબૂમાં લાવવાનો ઈલાજ સત્સંગ છે.

જેટલો સત્સંગ કરીશું તેટલો અહંકાર ઓછો થશે. એટલું પરસ્પર નમાશે, તેટલા આપણા પારિવારિક પ્રશ્નો ઓછા થશે. જેટલો સત્સંગ કરીશું તેટલો ભગવાનનો મહિમા સમજાશે, પ્રાપ્તિનો વિચાર આવશે, તેમના કર્તાપણાનો વિચાર રહેશે, એટલા આપણા પ્રશ્નો ઓછા થશે. જેટલા આત્મારૂપ વર્તાશે એટલા પ્રશ્ન ઓછા થશે. સત્સંગ સાચી રીતે થાય તો તે કાયમી શાંતિ આપે. વ્યક્તિ નિરપેક્ષ રહીને અખંડ આનંદિત રહી શકે, એટલે ઘર ખરેખર મંગલ બની રહે.

સત્સંગ અને ઘરસભા આપણા જીવનને સંતુલિત રાખવાનું શીખવે છે. પરસ્પર એકબીજાં સાથે પ્રીતિનો સેતુ રચાવે છે. પૂર્વે સ્વામિનારાયણ પ્રકાશમાં પ્રમુખસ્વામી મહારાજના અમોઘ પ્રદાન સમા ઘરસભા વિશે ખૂબ વિમર્શ થયો છે, અનેક હરિભક્તોના સ્વાનુભવો પ્રકાશિત થયા છે, તેથી તેનાથી સૌ સુમાહિતગાર છે, આથી તેના પર વિશેષ ચર્ચા ન કરતાં ત્રીજા સૂત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીએ.

## એકબીજાને સમજવાની કોશિશ

ઘરની એકતાને ટકાવવા માટે પ્રમુખસ્વામી મહારાજે ત્રીજા સૂત્રમાં જણાવ્યું કે 'એકબીજાને સમજવાની કોશિશ કરો.'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ બીજા પ્રકરણની ૬૧મી વાતમાં કહ્યું છે કે જેટલો બીજાને સમજાવવાનો આગ્રહ છે એટલો પોતાને સમજવાનો હોય, જેટલો બીજાને વર્તાવવાનો આગ્રહ છે એટલો પોતાને વર્તવાનો હોય તો કાંઈ કસર રહે નહીં.

જેટલો બીજાનો સમજાવવાનો આગ્રહ છે તેટલો પોતે પોતાને સમજવાનો હોય તો કાંઈ કસર રહે નહીં.

કુટુંબમાં પ્રશ્ન કેમ થાય છે?

પહેલાં તો પોતે પોતાને સમજવાની કોશિશ કરવી.

ઘરમાં જે પ્રશ્નો ઊભા થાય છે એમાં હું કેટલો કારણભૂત છું?

એક ભાઈએ કહ્યુંઃ 'મારો છોકરો મારું સાંભળતો જ નથી?' એ છોકરો કહે, 'તે મને સત્સંગમાં આવવાની વાત કરે છે પણ તે તો બીડીઓ પીએ છે.'

એ ભાઈએ સમજવું પડે કે મારી ભૂલો, મારો સ્વભાવ, મારી પ્રકૃતિ કેવાં છે? પહેલાં હું મારા જીવનમાં સુધારો કરું.

ગુણાતીતાનંદ સ્વામી કહે છેઃ 'જેટલો બીજાને વર્તાવવાનો આગ્રહ છે તેટલો પોતે વર્તે.'

હું પૂજામાં ફોન ઉપાડું અને છોકરાને ઉપદેશ આપું કે પૂજામાં ફોન ના ઉપાડાય, એ કેવી રીતે ચાલે? એટલે પહેલાં હું મને ઓળખવાની કોશિશ કરું. હું જો મને ઓળખવાની કોશિશ કરું તો પ્રશ્ન જ ન થાય.

ગિજુભાઈ બધેકાએ એક સરસ મજાની જૂના જમાનાની વાર્તા લખી છે. એક મા હતી. તે બપોરના સમયે આરામ કરવા માટે આડાં પડ્યાં. એને એક છોકરી હતી, ટબૂડી એનું નામ. તેને પણ બાજુમાં સુવાડી દીધી. અને જૂના જમાનાનું ઘર એટલે ઘરનો દરવાજો ધોકાવાળો હતો. તેને કડી લટકતી હતી. મા સૂઈ ગઈ છે એ જાણી ટબૂડીએ ધોકા પર પગ ઠેરવ્યા અને કડે લટકી. એટલે દરવાજો આમ તેમ થાય. અને ટબૂડીને તો હીંચકા ખાતા હોય એવો આનંદ આવી ગયો. પણ દરવાજાને તેલ પાયેલું નહીં એટલે કિચૂડ કિચૂડ અવાજ આવે એટલે માની ઊંઘ ઊડી ગઈ.

માએ બૂમ મારીઃ 'ટબૂડી, કહું છું સૂઈ જા.' એમ કહી ટબૂડીને સુવાડી દીધી. પાછી માને ઊંઘ આવી, એટલે ટબૂડી ઊભી થઈ દરવાજે લટકી. પાછો કિચૂડ કિચૂડ અવાજ આવ્યો.

ફરીવાર તેની માએ કહ્યું, 'ટબૂડી સૂઈ જા' અને તેને સુવાડી દીધી.

પાછી માની આંખ મળી એટલે ફરી ટબૂડી હીંચકાનો આનંદ લેવા માંડી. પછી માએ જોયું કે ટબૂડીનું કાંઈક કરવું

પડશે. મા ભલે જૂના જમાનાનાં હતાં, ગામડાનાં હતાં, ભણેલાં નહોતાં પણ અનુભવથી શીખેલાં હતાં. એટલે માએ એક થાળી ભરીને ઘઉં લીધા અને ટબૂડીને કહ્યું 'તું આ ઘઉં વીણ, તને કેવું વીણતાં આવડે છે? એ હું જોઉં.' એટલે ટબૂડીએ ઘઉં વીણવાનું શરૂ કરી દીધું. લગભગ પોણો કલાક – કલાક સુધી ટબૂડીએ ઘઉં વીણ્યા અને એટલી વારમાં માની ઊંઘ પૂરી થઈ ગઈ.

જુઓ, ટબૂડીને કંઈ માને હેરાન નહોતી કરવી. પણ એને કંઈક કરી બતાવવું હતું, કામ કરવું હતું. એની મા એ વાત સમજી શક્યાં તો એની પાસેથી કામ લઈ શક્યાં. આપણને બધાને આવા ઘણા અનુભવો થાય છે અને પછી ઘરમાં ઝઘડા થાય છે ત્યારે લાગે છે કે મને સમજતા નથી.

'સાહેબ, મને સાંભળો તો ખરા!' પુસ્તકમાં લેખક, તુષાર નામના ચાર-પાંચ વર્ષના એક બાળકની રસપ્રદ વાત સમજાવે છે. ચાર-પાંચ વર્ષનો તુષાર એકદમ અચાનક જ થોડા દિવસમાં તોફાની થઈ ગયો. ઘરમાં ધમાલ કરે. તેની બે વર્ષની નાની બહેનને એકલી જુએ તો ઢીબી જ નાંખે. તુષારનું આવું વર્તન જોઈ તેની મા તુષારને મારે. એટલે તુષાર વધારે વીફરે. એનાં મમ્મી-પપ્પાને કાંઈ સમજાય નહીં. આ બાળક એના પપ્પાથી થોડો ગભરાય. મમ્મીની તો કાંઈ દરકાર જ નહીં. તુષારથી સૌ ત્રાસી ગયા. તેની દાદીમાએ એવું કહ્યું 'મારે આ ઘરમાં રહેવું નથી. રોજ આ છોકરાનો આટલો ત્રાસ! મને તારા ભાઈને ઘરે મૂકી જા. મારે હવે અહીંયાં નથી રહેવું.' આવો પ્રસંગ બન્યો એટલે તુષારનાં માતાપિતાને થયું કે આ છોકરાને થયું છે શું? આપણે કંઈક કરવું જોઈએ.

એ લોકોએ સ્કૂલમાં તપાસ કરી. સ્કૂલમાં આનું વર્તન કેવું છે? તો શિક્ષકે કહ્યું 'સ્કૂલમાં એકદમ નોર્મલ છે અને તેનું રિઝલ્ટ જુઓ, સારા માર્ક્સ લાવે છે.'

તેના શિક્ષક હોશિયાર હતા. તેમણે વિગતો જાણીને પૂછ્યું કે 'તમારા ઘરમાં કેટલાં સંતાન છે?'

આમણે કહ્યું કે 'મારા ઘરમાં બે સંતાન છે. એક આ તુષાર અને તેની નાની બહેન.'

'તમારે એવું થાય છે ખરું કે નાની બહેન ઉપર વધારે હેત રાખો અને આ તુષાર ઉપર ઓછું રાખો!'

સ્વાભાવિક છે, ઘરમાં નાનું સંતાન હોય તેની ઉપર વધારે હેત થાય છે. શિક્ષકે કહ્યું 'હેત રાખો, એમાં હું તમને ના નથી કહેતો, પણ તમે નાની દીકરી ઉપર જે હેત રાખો છો એટલું જ હેત તુષાર ઉપર રાખો છો એવું તુષારને લાગવું જોઈએ.' અને તેનાં માતાપિતાએ પ્રયોગ કર્યો. પંદર દિવસમાં તુષાર શાંત થઈ ગયો.

પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે તુષાર તોફાની થઈ ગયો છે, પણ એની અંદર પ્રશ્ન છે. તેને એમ છે કે કેમ પક્ષાપક્ષી થાય છે અને મને નથી સાચવવામાં આવતો? એટલા માટે પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે એકબીજાને સમજવાની કોશિશ કરો.

એક શિબિરમાં કિશોરોને પ્રશ્ન પૂછ્યો હતો કે 'તમારે તમારાં મમ્મી-પપ્પા સાથે શું પ્રશ્ન છે એ જણાવો. એટલે બધાએ જે પ્રશ્નો આપેલા તે સમજવા જેવા છે.

કિશોરોએ કહ્યું 'અમારાં મમ્મી-પપ્પા અમને આખો દિવસ એમ જ કહ્યાં કરે છે કે ભણ-વાંચ. અમે પંદર મિનિટ થોડા રિલેક્સ થઈએ કે નહીં? પણ જેવા રિલેક્સ થઈએ ત્યાં તો ટોકવા માંડે છે. બીજું, અમારી શક્તિ નથી અને અમારી પાસેથી વધુ પડતી અપેક્ષા રાખે છે કે ડૉક્ટર થા, એન્જિનિયર થા. અમને આ વાતનો કંટાળો આવ્યા કરે છે. પછી વધારે પડતી સૂચના આપે છે. હવે અમે સમજણા થઈ ગયા તો પણ 'રસ્તો ક્રોસ કરતાં આમ ધ્યાન રાખજે, જો જે લાઈટ આવે ત્યારે આમ ના થઈ જાય...' આ રીતે નાની-મોટી સૂચનાઓ આપ્યા જ કરે. પણ હવે અમે મોટા થઈ ગયા, અમને બધી જ સમજ પડે છે. સરખામણી કર્યા કરે છે. કાયમ વાત કરે કે જો રમેશકાકાનો મીનેશ કેટલો સરસ છે! આવી બીજા છોકરાઓ જોડે અમારી સરખામણી કર્યા કરે ત્યારે કંટાળો આવે છે અને એમ થાય છે કે ભઈ! અમને ઘરમાંથી કાઢી મૂકો અને મીનેશને ઘરમાં લાવીને રાખો. પછી મમ્મીને શું ઉમંગ આવી જાય છે કે મિત્રો વચ્ચે ઊભા હોય ત્યારે જ અમને ટોકે છે. બહાર જઈએ અને કોઈકવાર રાતના વહેલા-મોડા આવીએ ત્યારે કેટલા બધા પ્રશ્નો પૂછે – 'ક્યાં ગયો હતો? કેમ મોડું થયું? કોની સાથે હતો?'

આ જ રીતે બીજી એક શિબિરમાં માતા-પિતાઓને પૂછવામાં આવ્યું હતું કે તમારે સંતાનો સાથે શું પ્રશ્નો રહે છે? તો માતાપિતાઓએ જે જણાવ્યું એ પણ સાચું લાગે 'અમે કાંઈ પણ થોડો આગ્રહ કરીએ તો એક જ વાત કરે છે કે ઘર છોડીને ભાગી જઈશ.' બીજી વાત કરે – 'હવે તમે જૂના જમાનાના થઈ ગયા. અમે કમ્પ્યૂટર યુગમાં આવી ગયા.' અમારી વાત જ સ્વીકારવા તૈયાર થતા નથી. ઘણી વખત ફીના પૈસા બીજે વાપરી નાખે છે. સ્કૂલમાંથી કે કૉલેજમાંથી મહિના – બે મહિના પછી કાગળ આવે કે તમારા છોકરાની ફી કેમ નથી ભરી? ત્યારે ખબર પડે કે ફીના પૈસા છોકરાએ બીજે વાપરી નાખ્યા છે. એ પૈસાનો હિસાબ માંગીએ ત્યારે સંતાનોને એમ થાય કે અમારા ઉપર

શંકા કરે છે. પછી તેને નવું ને નવું લેવાનો વિચાર આવે છે. અમે ખર્ચા એટલા કરી ન શકતા હોઈએ તેથી ખર્ચામાં અટકાવીએ તો એને એમ લાગે છે કે મારા ઉપર મા-બાપને કોઈ પ્રેમ જ નથી.' આવું આવું કેટલુંય બધું માંબાપોએ જણાવ્યું.

કિશોરોના પ્રશ્નો સાંભળીએ ત્યારે એમ લાગે છે કે એમના પ્રશ્નો સાચા છે. અને મા-બાપના પ્રશ્નો સાંભળીએ છીએ ત્યારે એમ લાગે છે કે મા-બાપ પણ સાચાં છે. આવા ને આવા પ્રશ્નો પતિ-પત્ની વચ્ચે, સાસુ-વહુ વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે, બહેનો-બહેનો વચ્ચે કે ક્યારેક મિત્રો-મિત્રો વચ્ચે દેખાય છે. તો શું કરવું જોઈએ? એટલા માટે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું 'એકબીજાને સમજવાની કોશિશ કરે.'

એકબીજાને સમજવામાં આપણે પહેલાં આપણી જાતને સમજવી પડશે કે 'હું મારો અહંકાર મુખ્ય રાખીને એવી ક્રિયા તો કરતો નથી ને?' મારો વિચાર, મારો આદર્શ, મારો આગ્રહ સામેના પક્ષ પર ઠોકી બેસાડવા પ્રયત્ન તો કરતો નથી ને?! ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળાના ત્રીજા વચનામૃતમાં કહ્યું કે પોતાની ભૂલ ન દેખે એ મૂર્ખ છે.

ઘરમાં ઝઘડાનું કારણ હું નથી થયો ને? આપણે આ વિચાર કરવાનો છે. પત્નીને સમજાવવા છતાં તે નિયમધર્મ પાળતાં નથી, પણ શું હું સો ટકા નિયમધર્મ પાળું છું કે હું પણ છૂટછાટ લઈ લઉં છું? બાળકોને કયા માધ્યમમાં ભણાવવા એના ઝઘડા નથી, પણ શાંતિથી એકબીજાને સમજવાનો પ્રયત્ન નથી કર્યો તેના છે.

એકબીજાને સમજવા માટે મનોચિકિત્સક કહે છે કે સાંભળવું અગત્યનું છે. તમે કેટલા બીજાને સાંભળી શકો છો એના પરથી તમારી સમજી શકવાની શક્તિ વધે છે અથવા શક્તિ જાગ્રત થાય છે. કારણ કે વ્યવહારમાં ક્યારે 'હા' અને 'ના' કહેવાની હોય તેની ખબર નથી પડતી - 'હા' માં 'ના' હોય અને 'ના'માં 'હા' હોય.

હરિલીલાકલ્પતરુમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને કહ્યું: 'હરિભક્તોને બરાબર ધરાઈ જાય ત્યાં સુધી જમાડજો.' સંતોએ કહ્યું: 'હરિભક્તો ધરાઈ ગયા તે અમને કેવી રીતે ખબર પડે?'

સ્વામિનારાયણ ભગવાને કહ્યું: 'હરિભક્તોને પીરસવા જાઓ અને પૂછો કે જોઈએ છે? જો હાથ ઊંચા કરીને 'નથી જોઈતું' એમ કહે છે ને થાળી ખુલ્લી હોય તો પીરસી દેવાનું. ફક્ત આંગળી હલાવીને ના પાડે તો પણ પીરસી દેજો.. ખાલી માથું હલાવે તો પણ આપી દેજો.. પરંતુ હવે મને આપશો નહીં એવી સિંહગર્જના કરે ત્યારે માનજો કે આ ધરાઈ રહ્યો છે.'

'ના'માં 'હા' હોય છે ને 'હા'માં 'ના' હોય છે. એટલે સમજવા માટે સાંભળવાની કળા શીખવી પડે છે.

આપણે જે કંઈ સાંભળીએ છીએ એ કેવળ કાનથી નથી સાંભળવાનું હોતું. કાનથી સાંભળીએ એ શબ્દનો દસ ટકા જ ફાળો છે. શબ્દ સાથે ધ્વનિનો, કઈ રીતે શબ્દ બોલાય છે એનો મહત્ત્વનો ફાળો છે. એના માટે ત્રણ પ્રકારની રીત આધુનિક મનોવિજ્ઞાન બતાવે છે:

**● કાનથી સાંભળવું:**

કાનથી સાંભળવું એટલે કહેનારનો ભાવ સાંભળવો. લગભગ ઘરોમાં ઝઘડા થાય છે તેનું મુખ્ય કારણ શબ્દોને પકડીને બધી મારામારી ચાલે છે; પણ એની પાછળ કહેવાનો ભાવાર્થ શું છે એ સમજવાનો પ્રયત્ન થતો નથી! એના લીધે પ્રશ્નો વધે છે. શબ્દો બીજા બોલાય છે અને કહેવાનો ભાવ પણ જુદો હોય છે.

**● આંખથી સાંભળવું:**

આંખથી સાંભળવું એટલે એનું વર્તન સાંભળવું.

ઉત્તરાયણના આગળના દિવસે યુવાન છોકરાને બોલાવીને કહીએ કે આવતીકાલે બાર વાગ્યા સુધીમાં આ કામ થઈ જવું જોઈએ. પછી એ છોકરો 'હા' કહે ને રૂમનું બારણું જોરથી બંધ કરે એની પરથી ખબર પડે કે કાલે કામ થશે કે નહીં થાય! એ આંખથી સાંભળવું જોઈએ. એનું વર્તન સાંભળવાનું છે.

આપણે અગિયાર, સાડા અગિયાર કે બાર વાગ્યે ઊઠ્યા હોઈએ અને પછી આપણે નાહવા જઈએ એ વખતે ગરમ પાણીની ડોલ બાથરૂમમાં જે રીતે મુકાય અને તેની છાલક ઊડે તે આંખથી સાંભળવી પડે. હું બાર વાગ્યે ઊઠ્યો એ કોઈને ગમ્યું નથી! એ આંખથી સાંભળવું પડે છે.

**● હૃદયથી લાગણી સાંભળવી:**

આપણું નાનું બાળક બીમાર હોય, આપણે મળવા જઈએ ત્યારે 'પપ્પા' કહીને પડખું ફરી જાય તો તેનું દુઃખ સાંભળવાનું છે. એને અતિશય દુઃખે છે. એ એમ કહેવા માંગે છે કે પપ્પા! તમે મારી પાસેથી દૂર ના જાઓ. અમારી સાથે રહીને મને હૂંફ આપો.

આપણે બહાર કામકાજ માટે જતા હોઈએ અને સામે દાદા મળે અને કહે: 'બેટા! જરા આટલું મારું કામ કરી આવીશ?' તે વખતે હૃદયથી એની લાચારી સાંભળવાની છે. શ્રવણે આ કર્યું હતું. શ્રવણે એનાં માતાપિતાને હૃદયથી સાંભળ્યાં હતાં.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે જીવનભર માતા-પિતાને સાંભળવા તત્પર રહેવું. તેઓએ માતા-પિતાની શુશ્રૂષા કરવી એમ શબ્દ વાપર્યો છે. શિક્ષાપત્રીની ટીકામાં શુશ્રૂષાના ત્રણ અર્થ કરવામાં આવ્યા છે (૧) માતા-પિતા પ્રત્યે પૂજ્યભાવયુક્ત લાગણી. વડીલોને વૃદ્ધાવસ્થામાં માન-આદરની અપેક્ષા રહે છે. આ વૃદ્ધાવસ્થાની માંગ છે. એમને પૂજ્યભાવ જોઈએ છે. એટલે સ્વામીશ્રી આગ્રહ રાખે છે કે માતા-પિતાને પચાંગ પ્રણામ કરવા, અન્ય લોકોની ઉપસ્થિતિમાં તેમનું ગૌરવ જળવાય તેવું વર્તન, તેવી રીતભાત રાખો.

બીજો મુદ્દો છે, તેમને સગવડ આપો. અવસ્થા પ્રમાણે સગવડની અપેક્ષા હોય એ સ્વાભાવિક છે. અવસ્થા થઈ આથી તેમને ખાવું-પીવું-બેસવું વગેરેમાં તેમને અનુકૂળ હોય તે રીતે સગવડ સચવાવી જોઈએ.

એના કરતાં આગળની વધારે વાત છે કે એમનો સ્વભાવ સહન કરવો. અવસ્થા પ્રમાણે વ્યક્તિનો સ્વભાવ બદલાય છે. ક્યારેક સ્વભાવ ઊતાવડિયો, ચીળિયો થઈ જાય. એ સમયે સ્વભાવ સહન કરવો ખૂબ જ અઘરો પડે છે. વ્યક્તિની પ્રકૃતિને ઓળખી તેની મર્યાદાને સ્વીકારી લેવી પડે. પ્રેશરકૂકરમાં સીટી ન વાગે તો પ્રેશરકૂકરને ફેંકી દેતા નથી. સીટી સરખી કરાવીને ચલાવીએ છીએ. સ્કૂટર એક કિકથી ચાલુ ન થાય તો આપણે પાંચ કિક મારીએ છીએ. તેની સાથે એડજસ્ટ થઈને ચલાવીએ છીએ. ક્રશર મશીનનું ઢાંકણું નીકળી જતું હોય તો તે ઢાંકણાને દબાવીને પણ કામ ચલાવીએ છીએ. આ આપણે શીખી ગયા છીએ. સાધનો સાથે આપણે તેની મર્યાદા સમજીને એડજસ્ટ થઈએ જ છીએ, એ રીતે વ્યક્તિ સાથે પણ તેની મર્યાદા સમજીને એડજસ્ટ થવાનું છે.

## મોટું મન રાખો

પારિવારિક એકતા અને સંપ ટકાવી રાખવા પ્રમુખસ્વામી મહારાજે ચોથું અને મહત્ત્વનું સોનેરી સૂત્ર આપ્યું છે: મોટું મન રાખે.

પ્રમુખસ્વામી મહારાજે સમજાવ્યું કે મોટું મન રાખવું એટલે (૧) ધીરજ રાખવી અને (૨) ઉદારતાથી માફી આપવી.

નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે:

*'ધીરજ સમ નહિ ધન રે, સંતો! ધીરજ સમ નહિ ધન;*
*આવે અર્થ એ દોહ્યલે દન રે, સંતો! ધીરજ સમ નહિ ધન.*
*કષ્ટ કાપવાનો એ છે કુહાડો, વાઢે વિપત્તિનાં વન રે...'*

વિપત્તિનું ભલે ને મોટું જંગલ ઊગી ગયું હોય, પણ ધીરજ કુહાડાની જેમ બધું કાપી નાંખે છે. બેંકમાં પૈસાનું બેલેન્સ હોય તો કેવી શાંતિ રહે છે! એમ મગજમાં ધીરજનું બેલેન્સ રાખવું પડે. એ સત્સંગના વિચારોથી થઈ શકે. નાની નાની વાતમાં આકળા-ઉતાવળા થઈ જઈએ તો વાત બગડી જાય. ટૂંકી વાતને મોટું સ્વરૂપ મળી જાય. અધીરાઈનો સામાન્ય તણખો ક્યારેક હર્યાભર્યા હરિયાળા પરિવારને બાળી નાંખે છે. ધીરજ હોય તો સહનશક્તિ વધે છે. સહન કરવામાં આપણી ક્યારેક કસોટી થઈ જાય છે. ઘણા લોકો કહેતા હોય છે કે 'કાયમ મોટાએ જ સહન કરવાનું. નાનાએ કાંઈક કરવાનું છે કે નહીં?' પણ, નાના-મોટા કરતાં શાંતિને વધુ મહત્ત્વ આપવું જોઈએ.

બીજું, માફી આપવી.

*ભાઈ રે, આપણાં દુ:ખનું કેટલું જોર,*
*નાની એવી વાતનો મચાવીએ નહીં કલશોર...*

શાસ્ત્રીજી મહારાજે કહેલી એક વાત હૃદયમાં કોતરી રાખવા જેવી છે. શાસ્ત્રીજી મહારાજ એક વખત અમદાવાદમાં આમલીવાળી પોળમાં બિરાજતા હતા. એક પૈસાદાર હરિભક્તને ભલામણ કરીને શાસ્ત્રીજી મહારાજે એક ગરીબ હરિભક્તને આર્થિક મદદ કરાવેલી. સ્વામીશ્રીના કહેવાથી પૈસાદાર હરિભક્તે મદદ પણ કરી પણ ગરીબ હરિભક્તે સમય થયો તેમ છતાં પૈસા પાછા આપ્યા નહીં. એટલે પૈસાદાર હરિભક્તને તમોગુણ આવી ગયો અને આમલીવાળી પોળમાં બિરાજતા શાસ્ત્રીજી મહારાજનું ખૂબ ખરાબ શબ્દોમાં અપમાન કર્યું. શાસ્ત્રીજી મહારાજ તો એક પણ શબ્દ બોલ્યા નહીં. માળા ફેરવતા રહ્યા. જેમ-તેમ બોલીને પેલા હરિભક્ત તો જતા રહ્યા, પણ ઘરે ગયા પછી પોતાની ભૂલનો પસ્તાવો થયો. આથી, દોડતાં પાછા આમલીવાળી પોળે આવ્યા. શાસ્ત્રીજી મહારાજની માફી માગી. શાસ્ત્રીજી મહારાજે કહ્યું: 'કોણ શું ખોટું કરે છે, ખરાબ કરે છે, એવો 'ઉધાર'નો ચોપડો અમે રાખતા જ નથી. જે સારું કરે છે એના 'જમા'નો ચોપડો જ અમે રાખીએ છીએ. અમે તમારી ભૂલ જોતા જ નથી.'

એમ આપણે 'જમા'નો જ ચોપડો રાખવો. જેટલું કોઈપણ સારું કરે છે એનો જ વિચાર રાખવો, તો મન ઉદાર રહે અને ભૂલ થઈ હોય તો પણ માફી આપી શકાય. તો મન મોટું રાખ્યું કહેવાય.

પ્રમુખસ્વામી મહારાજે આ ચાર સોનેરી સૂત્રોમાં ગૃહમાંગલ્યની ચાવી બતાવી દીધી છે. એ ચારેયનું એકમાં જ સમાપન કરવું હોય તો ઘરસભામાં આવી જાય છે. ચાલો, ગુરુહરિનાં આ અનુભવ-સૂત્રોને જીવનમાં અપનાવીને ઘરને માંગલ્યથી છલકાવી દઈએ... ◆



# પારિવારિક એકતાનું અનોખું પ્રેમછત્ર

અસંખ્ય પરિવારોમાં એકતાનું અમૃત સિંચનાર

## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

■ સાધુ અક્ષરવત્સલદાસ

*સંસાર એટલે રોજબરોજના જીવનનું એક મહાભારત. સમસ્યાઓની રોજની રામાયણ. પ્રશ્નો વિનાનો સંસાર હોઈ ન શકે. પ્રશ્નોની એ જંજાળ વચ્ચે સામાન્ય મનુષ્ય રોજબરોજ ભીંસાય છે, કચડાય છે. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, ભાઈ-બહેન કે માતા-પુત્રી વચ્ચે ક્યારેક પારિવારિક સમસ્યાઓ એટલી હદે વકરી જાય છે કે, કુટુંબ છિન્ન-ભિન્ન થઈ જાય છે, ક્યાંક હત્યાઓ અને આત્મહત્યાઓની જ્વાળાઓ સૌને દઝાડવા લાગે છે,*

*જ્યાં સૌ કોઈ સળગતા હોય એવા સમયે કોણ ઠારવા આવે એ ભયાનક આગને?*

*કોણ પારકા પરિવારની એ સમસ્યાને ઉકેલવા માટે પોતાનું હૈયું હોમે?*

*કોણ નિઃસ્વાર્થ પ્રેમ અને આત્મીયતાની વર્ષા વરસાવીને સૌને શીતળ છાયા આપે?*

*સંત. જેમને સૌ પર નિઃસ્વાર્થ પ્રેમ છે.*

*નિઃસ્વાર્થ, નિષ્પક્ષ, નિર્દોષ અને નિષ્કંચન સંત મહાપુરુષ જ આ ભૂમિકા નિભાવી શકે.*

*એવા સંતત્વની ટોચ પર બેઠેલા પ્રમુખસ્વામી મહારાજનું અહીં સહજ સ્મરણ થાય છે.*

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એવું એક વિરલ વ્યક્તિત્વ હતા, લાખો પરિવારો માટે એવું છત્ર બનીને રહ્યા હતા કે એ સૌના યોગ અને ક્ષેમનું સહજતાથી વહન કરી શકે. પ્રમુખસ્વામી મહારાજે એ લાખો પરિવારોના પ્રશ્નોને હૃદયથી સાંભળ્યા હતા, એને હૃદયથી ઉકેલ્યા હતા અને એ પરિવારોને શાંતિ, સુખ, આનંદ અને માંગલ્યથી છલકાવી દીધા હતા. એવા અસંખ્ય પરિવારો આજે સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવ અને આશીર્વાદને કારણે શાંતિ અને આનંદમય જીવન જીવી રહ્યા છે અને તેઓનું અનંત ઋણ સંભારી રહ્યા છે.*

*સ્વામીશ્રીએ એ લાખો પરિવારોને કે વ્યક્તિઓને સમયે-સમયે જે માર્ગદર્શન આપ્યું છે તેની એક લાંબી સંહિતા રચાઈ શકે. રોજના સેંકડો લોકોને વ્યક્તિગત મળી મળીને એમના પારિવારિક પ્રશ્નોમાં ઊંડા ઊતરીને તેઓએ જે પ્રેરણાઓ આપી છે, તેમાંથી એક વિસ્તૃત પારિવારિક માર્ગદર્શિકા તૈયાર થઈ શકે.*

પ્રમુખસ્વામી મહારાજના છૂટા છવાયા પ્રાપ્ત થયેલા પ્રસંગોની જ કડીઓ જોડવામાં આવે તો પારિવારિક એકતાના એન્સાઇક્લોપીડિયા જેવા ગ્રંથનું નિર્માણ થઈ શકે, જેમાંથી સુખી સંસારનો ગીતાબોધ સૌ કોઈને પ્રાપ્ત થઈ શકે. કલાકોના કલાકો પરિવારોની એકતા માટે ફાળવી દઈને પ્રમુખસ્વામી મહારાજે પોતાના અંગત ભોજન ને આરામને પણ ઠેલ્યાં છે. કોઈ પરિવારમાં શાંતિ થતી હોય તો સ્વામીશ્રીએ બંને પક્ષોને સમજાવવા માટે પોતાનું માન-સન્માન-ગૌરવ કચડીને અને ક્યારેક જાતને જોખમમાં મૂકીને પણ તેઓએ એ પરિવારોને શાંતિ અને સુખની સાચી દિશા ચીંધી છે. જો કે એ બધું જ નોંધાઈ શક્યું નથી, પરંતુ જે કાંઈ નોંધાયું છે એમાંથી કેટલુંક આચમન કરાવવાનો અહીં પ્રયાસ છે.

પારિવારિક સમસ્યાઓમાં એક પ્રાથમિક સમસ્યા એટલે ભાઈ-ભાઈના પ્રશ્નો. એમાંય મિલકતની વહેંચણી કે ભાગની બાબત વટ પર ચડી જાય છે ત્યારે આર્થિક નુકસાન તો થાય જ છે, પણ કુસંપ અને વેર-ઝેર તેમના જીવનને હરામ કરી નાંખે છે. આવા કેટલાય ભાગતા ભાઈઓને સ્વામીશ્રીનો સાથ અને સંગાથ મળ્યો છે.

મુંબઈના એક કુટુંબના ભાઈઓમાં મિલકત વહેંચણીમાં બહુ મોટો પ્રશ્ન હતો. એ દરમ્યાન સ્વામીશ્રીને મુંબઈ રોકાવાનું થયું હતું. સ્વામીશ્રીએ સતત બે મહિના સુધી વાટાઘાટ કરી કરીને અંતે સુખદ સમાધાન આપ્યું.

ખેડા જિલ્લાના એક ગામમાં બે ભાઈઓના પ્રશ્નમાં સ્વામીશ્રીએ સમાધાન કરાવ્યું, ત્યારે નિરાંતનો શ્વાસ લેતાં એ બંને ભાઈઓએ કહ્યું હતું: 'સ્વામી અમારી વચ્ચે ન આવ્યા હોત તો અમારા બેમાંથી એકનું જરૂર ખૂન થાત.'

બારડોલી તાલુકામાં બે ભાઈઓના એવા જ એક ઝઘડામાં સ્વામીશ્રીએ વચ્ચે પડીને સમજાવ્યા ત્યારે એક ભાઈએ પોતાના હકની ઘણી મોટી રકમ છોડી સ્વામીશ્રીની મરજી જાળવી લીધી. સ્થૂળ સંપત્તિ ગઈ પણ સંતની પ્રસન્નતા અને શાંતિની સંપત્તિ મેળવ્યાનો લાભ થયો. આવા તો કેટકેટલાય પ્રશ્નો ઉકેલીને સ્વામીશ્રી એક આગવી લોકઅદાલત બની રહ્યા હતા.

ભાઈ-ભાઈ જેવા જ ગામમાં જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના ઝઘડા પેઢીઓથી ચાલ્યા આવતા હોય છે અને તેમાંથી સામસામાં ખૂન કરવાની પ્રણાલિકા પણ જન્મે છે. સામસામાં ખૂન થયાં હોય તેવાં કેટલાંક ગામોમાં સ્વામીશ્રીના પ્રયત્નથી સમાધાન થયું છે. તળાજા તાલુકાનાં ઓદરકા અને કુકડ ગામના બસો વર્ષોથી ચાલતા પ્રશ્નમાં બંને પક્ષનાં ગામોએ એકબીજાનું પાણી હરામ કર્યું હતું. તે અપૈયાની વર્ષોથી ચાલતી આવતી કુપ્રણાલિકાને સ્વામીશ્રીએ તોડી હતી.

કૌટુંબિક શાંતિને પણ સ્વામીશ્રી વ્યક્તિના આધ્યાત્મિક ઉત્કર્ષનો જ એક ભાગ ગણતા. તેથી કોઈનાય પારિવારિક પ્રશ્નોને ઉકેલવા માટે તેઓ બનતો બધો જ પ્રયત્ન કરી છૂટતા. દુનિયાના ભાગ્યે જ કોઈ મહાપુરુષે સ્વામીશ્રીની જેમ અતિ

વિશાળ સંખ્યામાં વ્યાવહારિક, વ્યાવસાયિક, કૌટુંબિક, વ્યક્તિગત સમસ્યાઓને રસ લઈને ઉકેલી હશે !

અવિરત વિચરણ કરતાં કરતાં ગામડે-ગામડે અને ઘરે-ઘરે શાંતિનું વાવેતર કરતા તેઓ તા. ૫-૪-૧૯૭૭ના રોજ ચરોતરના ભારેલ ગામે પધાર્યા ત્યારે એક વ્યક્તિના પ્રાંગણમાં આવતાં ચોકમાં જ બેસી ગયા. તેઓને જાણ થયેલી કે 'અહીં રહેતા બે ભાઈઓ વચ્ચે નજીવી બાબતમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.' તેથી તે બંનેને બોલાવીને સમજાવવા લાગ્યા. આપસૂઝ, વર્ષોનો અનુભવ અને નિઃસ્વાર્થ પ્રેમમાંથી ફૂટી નીકળતી સ્વામીશ્રીની સમજાવટથી પૂર્વગ્રહોને પીગળતાં વાર ન લાગી. મડાગાંઠ સ્નેહગાંઠમાં ફેરવાઈ ગઈ. જડતા ખરી પડી. આ કાર્ય પૂર્ણ કરીને જ સ્વામીશ્રીએ ઘરમાં ચરણ મૂક્યાં ! જાણે સમજાવવા ન માંગતા હોય કે સંપસભર ઘરમાં જ તેઓને પગલાં મૂકવાનું ગમે છે !

તા. ૧૬-૩-૧૯૭૮ની બપોરે આણંદના એક પરિવારના ભાઈઓનો ક્લેશ નિવારવા બપોરે દોઢ વાગ્યા સુધી મીટિંગ કરીને બેઠા. લોકોની સુખાકારી માટે સ્વામીશ્રીએ પોતાના ભોજનને પણ પાછું હડસેલી દીધું. છેવટે સેવક સંતોનો આગ્રહ થતાં સ્વામીશ્રી મીટિંગ અધૂરી છોડીને જમવા બિરાજ્યા. પણ ભોજન બાદ પુનઃ પેલી ગૂંચ ઉકેલવા બેસી ગયા. આરામને પણ ઠોકરે ચડાવ્યો.

ધારીમાં સ્વામીશ્રી ચાલુ સભાએ સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી રહ્યા ત્યાં એક વ્યક્તિ પારિવારિક સમસ્યા લઈને આવી. સ્વામીશ્રી સભામાં ન જતાં એની વાત સાંભળવા ત્યાં ને ત્યાં જ દાદરા ઉપર કાંઈપણ પાથર્યા વગર બેસી ગયા. સંડાસ નજીકની અંધારી ચાલી. અસ્વચ્છ પગથિયાં અને હવાની હેરફેર વગરના દાદરાવાળા ઓરડે એમની સાથે બિરાજીને એમના પારિવારિક પ્રશ્નોનું નિરાકરણ કર્યું.

તા. ૧૯-૬-૨૦૦૬ના રોજ અમદાવાદમાં ગુજરાતની જાણીતી ડેકોરેશન કંપનીના માલિક સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓએ સ્વાનુભવની વાત કરતાં કહ્યું: 'લગભગ પાંચ-સાત વર્ષ પહેલાં હું જ્યારે આપનાં દર્શને આવ્યો ત્યારે

અમારું કુટુંબ છિન્નભિન્ન હતું. ભાઈઓ-ભાઈઓ વચ્ચે બોલ્યે વહેવાર ન હતો. મેં આપની સમક્ષ આ વાત કરી ત્યારે આપે ખૂબ માર્ગદર્શન અને પ્રેરણા આપીને મને કહ્યું હતું કે તમારા ભાઈઓ કદાચ તમારા ઘરે ન આવે, તમને સહકાર ન આપે અથવા તો તમારી સાથે ઝઘડે, તો પણ તમારા તરફથી તમારે એમને બોલાવવા અને એમના ઘરે જવું. એમના પ્રસંગો સાચવવા. આપના આદેશ પ્રમાણે મેં કર્યું. એક ભાઈ હૉસ્પિટલમાં હતા ત્યારે મેં જઈને એમની સેવા કરી. એને કારણે પેલા ભાઈઓમાં પરિવર્તન આવ્યું. અને ખરેખર આજે બધા જ ભાઈઓ મારા ઘરે આવતા થઈ ગયા છે. એટલું જ નહીં મેં જે આ કર્યું એનાથી મારા અંતરમાં શાંતિ થઈ અને આનંદ આવ્યો.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું: 'આપણે નમી દઈએ એમાં શાંતિ જ રહે. આપણે શું વહેંચીને લઈ જવાનું છે?'

તા. ૨૬-૧૦-૨૦૦૪ના રોજ સ્વામીશ્રી નૈરોબીમાં બિરાજતા હતા ત્યારે એક ભક્ત સ્વામીશ્રી પાસે આવીને કહેવા લાગ્યાઃ 'અમારું સમાધાન કરાવો. ભાઈઓ વચ્ચે અમારે ભાગ વહેંચવાની બાબતમાં પ્રશ્નો છે.' સ્વામીશ્રી તેઓને જાણતા હતા અને આ સમાધાન માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા. સ્વામીશ્રી એકદમ આત્મવિશ્વાસ સાથે કહેઃ 'એક જ મિનિટમાં સમાધાન થઈ જાય.'

'ઓ હો... હો... હો... તો તો બહુ જ સારું.' પેલા હરિભક્ત બોલ્યા.

'મનધાર્યું મૂકી દો તો એક મિનિટમાં સમાધાન.'

સ્વામીશ્રીનું આ સૂત્ર દુનિયાભરનાં સમાધાનો માટે 'સબ દર્દો કી એક દવા' જેવું હતું. ત્યારપછી સ્વામીશ્રી કહેઃ 'કોઈ મનનું ધાર્યું મૂકતા નથી. ફટ દઈને મૂકી દેવું જોઈએ. તમારા બાપા આટલું બધું કમાણા, પણ કશું લઈ ગયા? તો તમે શું લઈ જવાના છો? અને તમે કંઈ ભૂખ્યા નથી, ઘણું બધું કમાયા છો, તો કહી દેવું જોઈએ કે ભઈ! તું લઈ જા. પણ એવું થતું નથી, એને લીધે વાત અટકી પડે છે.'

ભાઈ-ભાઈના પ્રશ્નોની જેમ, પિતા અને પુત્રના પ્રશ્નો પણ અસંખ્ય પરિવારોમાં આગ લગાડી બેસે છે. સ્વામીશ્રીએ એવા સમયે યુવામાનસને પારખીને વડીલોને માર્ગદર્શન આપ્યું છે અને યુવાનોને વડીલોનું આદર-માન શીખવીને એમને ગૌરવ અપાવ્યું છે.

તા. ૯-૧૧-૨૦૦૬ના રોજ સ્વામીશ્રી લંડન ખાતે બિરાજતા હતા ત્યારે એક એવો પરિવાર તેઓની સામે આવ્યો હતો કે જેમાં પુત્ર સાથે તેઓનાં માતુશ્રીએ અણબનાવ બનતાં વરસોથી સંબંધ કાપી નાખ્યો હતો. પરિણામે પરિવારમાં હંમેશાં તણાવગ્રસ્ત સ્થિતિ રહેતી હતી. અનેક ઉપાયો કરાવ્યા છતાં શાંતિ થતી નહોતી. આજે એ પરિવારનાં માતુશ્રી તરફથી મંદિરે પારાયણ હતું છતાં એ પુત્રને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. સ્વામીશ્રીના ધ્યાન ઉપર આ વાત આવી જતાં સક્રિય થઈને સ્વામીશ્રીએ પુત્રને બોલાવ્યો, પોતાની સાથે પારાયણની પૂજામાં બેસાડ્યો, એટલું જ નહીં, અન્ય સંબંધીઓ દ્વારા માતુશ્રીને કહેવડાવ્યું કે 'પારાયણ કરાવો છો, જેમાં બીજું બધું મૂકો છો તો એની સાથે આ પણ મૂકી દ્યો. જતી ઉંમરે દીકરાઓ સાથે હેત-પ્રીત હોય એનાથી રૂડું શું?' અને સ્વામીશ્રીના આ એક જ વચને અંતરમાં રહેલી કડવાશ દૂર

થઈ ગઈ. ગ્રંથિ ગળી ગઈ. એમણે સ્વામીશ્રીને કહેવડાવ્યું કે 'મારે મછિયાવનાં ફઈબા જેવું નથી કરવું. આપની આજ્ઞાથી હું મારા પુત્રને બોલાવીશ.' સામે પક્ષે પુત્ર અને તેઓના પરિવારની પણ આવી જ તૈયારી હતી. અને યોગાનુયોગ સમગ્ર કુટુંબની સાથે એક અણઊકલ્યા પ્રશ્નનું સ્વામીશ્રીના એક વચને નિરાકરણ આવી ગયું.

તા. ૨૫-૬-૨૦૦૬ના રોજ અમદાવાદમાં એક યુવક પિતાશ્રી સાથે સ્વામીશ્રી પાસે આવ્યો અને રડમસ ચહેરે સ્વામીશ્રીને કહેવા લાગ્યો કે એના પિતાજીના સ્વભાવને કારણે વારંવાર આત્મહત્યાનો વિચાર આવે છે. વાતે વાતે ગુસ્સે થઈ જાય છે. એને કારણે મગજ ડિસ્ટર્બ થઈ જાય છે.

**ધારીમાં એક વ્યક્તિ પારિવારિક સમસ્યા લઈને આવી. સ્વામીશ્રી એની વાત સાંભળવા ત્યાં ને ત્યાં જ દાદરા ઉપર કાંઈપણ પાથર્યા વગર બેસી ગયા. સંડાસ નજીકની અંધારી ચાલી. અસ્વચ્છ પગથિયાં પર બેસીને પારિવારિક સમસ્યા નિવારી દીધી.**

સ્વામીશ્રીએ પિતાશ્રી સામે જોયું. તેમણે કહ્યું, 'બાપા! હું ગુસ્સો કરું છું એ વાત બરાબર છે. પણ ખોટું હું સહન કરી શકતો નથી. મારે કંઈ લઈ જવાનું નથી. જે કાંઈ છે આ છોકરાંઓનું જ છે. છોકરાંઓ આગળ આવે એના માટે હું પ્રયત્ન કરું છું. પણ છોકરાંઓ મારી સામે સાચું બોલતા નથી. એક છોકરો ધંધો કરે છે, પણ કેટલું કમાય છે એ કહેતો નથી. અને આ ભણે છે, પણ નાપાસ થયો તોય છ મહિના સુધી મને કીધું નહીં. છોકરાંઓ આ રીતે આડે-અવળે માર્ગે ન જાય એના માટે હું આ રીતે ગુસ્સો કરું છું.'

સ્વામીશ્રીએ પહેલા યુવકને કહ્યું કે 'આ રીતે જો આપણા ઉત્કર્ષ માટે કહેતા હોય તો સહન કરતાં શીખવું. સાચી વાત અને તેમની ભાવના સમજવાનો પ્રયાસ કરવો.' પછી સ્વામીશ્રીએ પિતાશ્રીની સામે જોઈને કહ્યું કે 'આપણે આવું કંઈ થઈ ગયું હોય તો શાંતિથી બેસાડીને વાત કરવી અને કહેવું. અને ગમે ત્યાં કોઈની હાજરીમાં ગુસ્સે થઈને દીકરાને ઉતારી ના પાડવો. બેયને આ વસ્તુ સમજવાની જરૂર છે. આવી બાબતમાં આપઘાત તો ક્યારેય કરાય જ નહીં. ગુસ્સે થાવ એમાં તમને અને બીજા બધાને ઉદ્વેગ થાય. એટલે તમારે આવા કંઈ વિચારો આવે ત્યારે સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. ભજન કરવું અને પહેલાં ત્યાંથી ખસી જવું.'

આખરે પિતા અને પુત્ર વચ્ચે સેતુ સંધાઈ ગયો.

નવસારીમાં એક વૃદ્ધ આવીને સ્વામીશ્રીને કહે, 'મને સતત એમ થયા કરે છે કે મારા દીકરા મારી આજ્ઞા કેમ ન પાળે? હું કહું તેમ કરતા જ નથી...' સ્વામીશ્રી આ સાંભળીને હસ્યા. કહેઃ 'ભ'ઈ, આપણે ઘરડા થયા. જરૂર પડે ત્યારે જ સલાહ આપવી. જેથી આપણું માન જળવાઈ રહે. બહુ ફોર્સ ન કરવો. બધું ધીમે ધીમે કરવું. દીકરાઓને સંતો પાસે લઈ જાવ. ન આવે તો સંતોને ઘરે લઈ આવવા. બધું થશે.'

એમ કહીને સ્વામીશ્રીએ એ વડીલને એમનું ગૌરવ જાળવવા માટે પ્રેરણા આપી.

તા. ૬-૭-૨૦૦૮ના રોજ સારંગપુરમાં એક યુવકે વિચિત્ર પ્રશ્ન સ્વામીશ્રી સમક્ષ મૂક્યો. આ યુવકના થોડા વખત પહેલાં વિવાહ થયા હતા. વિવાહ થયા પછી એક વખત આ યુવક એના વડીલો સાથે ભાવિ પત્નીના ઘરે ગયો. ત્યાંનું વાતાવરણ જરા મુક્ત લાગ્યું. તેઓના સગાની સાથે છૂટથી હળતી-મળતી એ છોકરીને જોતાં યુવકના પિતાને શંકા ગઈ. એટલે ઘરે આવીને એણે આ સંબંધ તોડી નાખવાનો નિર્ણય કર્યો. યુવકે કહ્યું કે એમાં એવું કશું હોઈ ન શકે. માટે નકામી શંકા કરીને છોકરીનું ભવિષ્ય શું કામ બગાડવું? આ મુદ્દા ઉપર પિતા અને પુત્ર વચ્ચે મનદુઃખ થતાં ઝઘડા જેવું થઈ ગયું. સામે પક્ષે આ વાતનો ખ્યાલ આવતાં છોકરીએ પણ ભવિષ્યમાં આ રીતનું વર્તન ન થાય એની બાંહેધરી આપી. છતાં યુવકના પિતાનું મન માનતું નહોતું. સ્વામીશ્રીએ પ્રેમથી યુવકની વાત સાંભળી. સ્વામીશ્રીએ સમય નહોતો છતાં તેના પિતાને ફોન લગાડીને વાત કરવા પ્રયાસ કર્યો. જો કે ફોન લાગતો ન હતો. તોય સ્વામીશ્રી ધીરજ ધરીને બેઠા અને ફોન માટે પ્રયત્ન ચાલુ રાખવા કહ્યું. થોડી વાર પછી ફોન લાગી ગયો. સ્વામીશ્રીએ યુવકના પિતાશ્રીને કહ્યું, 'છોકરીની કદાચ ભૂલ થઈ ગઈ હોય તો પણ એણે માફી માગી છે. કોઈપણ વ્યક્તિ માફી માગે પછી આપણે મોટું મન રાખવું જોઈએ ને! માટે તોડવા કરતાં લગ્ન કરી નાખજો. મહારાજ દયા કરશે.' સ્વામીશ્રીના એક વચને પિતાશ્રી પૂર્વગ્રહ મૂકીને સંમત થયા. સ્વામીશ્રીએ ફોનમાં વળી ઉમેરતાં કહ્યું કે 'આ નિર્ણય કર્યો પછી દીકરો ઘરે આવે તો પણ એને બોલવું-ચાલવું નહીં. હેત-પ્રીતથી કામ કરજો. લગ્ન પ્રસંગે પણ હેત-પ્રીત સાથે જોડાજો.'

અને સ્વામીશ્રીના આશીર્વાદથી એક ઘરનું માંગલ્ય મહોરી ઊઠ્યું.

ઘણી વાર પરિવારમાં માતા-પિતા અને સંતાન વચ્ચેની સમસ્યામાં પુત્ર-પુત્રીના ભણતરની કઈ લાઇન લેવી તે અંગે ઘણી મોટી ખાઈ રચાઈ જતી હોય છે. સ્વામીશ્રી એવા અસંખ્ય પરિવારોમાં બંને પક્ષોને સાંભળી-સમજાવીને સુખદ ઉકેલો આણ્યા છે.

તા. ૨૨-૬-૨૦૦૩ના રોજ સ્વામીશ્રી અમદાવાદ

બિરાજતા હતા ત્યારે એક હિન્દી ભાષી ભાઈ પોતાના કિશોર વયના પુત્રને લઈને આવી જ એક સમસ્યા સાથે આવ્યા હતા. તેમણે કહ્યું: 'મેરા યહ લડકા સેન્ટ્રલ બોર્ડમેં દસવીં કક્ષામેં ૮૮% લાયા હૈ. વહ એન્જિનિયરિંગ મેં જાનેકો કહતા હૈ. મૈં કહતા હૂં કિ મેડિકલ મેં જા.'

સ્વામીશ્રીએ પુત્રને પૂછ્યું: 'તેરી ક્યા ઇચ્છા હૈ?'

'એન્જિનિયરિંગ ઠીક રહેગા.' પુત્રે કહ્યું.

'અગર મેડિકલ મેં જાયેગા તો સમાજ કી સેવા અચ્છી તરહ સે કર સકેગા.' પિતાએ કહ્યું.

સ્વામીશ્રીએ પિતાને વિગતે સમજાવ્યા. પછી કહ્યું: 'આપકી ઇચ્છા અચ્છી હૈ, મગર ઉસકી ઇચ્છા એન્જિનિયરિંગ કી હૈ તો? આપકે આગ્રહ સે મેડિકલમેં જાયેગા તો પઢને મેં ઉસકા મન નહીં લગેગા. ક્યોંકિ ઉસકો ઇન્ટરેસ્ટ નહીં હૈ.'

સ્વામીશ્રીની મરજી જોઈને પિતાએ કહ્યું: 'જૈસા આપ કહો વૈસા કરેંગે.'

સ્વામીશ્રીએ પુત્ર ને પિતાને કહ્યું: 'એન્જિનિયરિંગ મેં જાના.' પછી પુત્રને કહે: 'તેરી ઇચ્છા અનુસાર હમને કહા. અબ હમારી ઇચ્છા અનુસાર તુમકો કરના ચાહિએ. અચ્છી તરહ પઢના. માતા-પિતાકી આજ્ઞા કા પાલન કરના. પાઠપૂજા કરના. ભગવાન કા નિત્ય સ્મરણ કરના...'

સ્વામીશ્રીની વાત પુત્રે સર-માથા પર ચઢાવી દીધી. તરુણ માનસને પારખવામાં માહેર સ્વામીશ્રીએ તેના અંતરમાં માતા-પિતા પ્રત્યેનો આદર પ્રસ્થાપિત કર્યો. એટલું જ નહીં મનમાં લક્ષમાં સિદ્ધ કરવા માટે વચનબદ્ધ પણ કર્યો. તેય કેટલા પ્રેમથી!

તા. ૩-૨-૧૯૯૧ના રોજ સ્વામીશ્રી વિદ્યાનગર ખાતે બિરાજતા હતા ત્યારે બાકરોલના એક ભાઈ દર્શને આવ્યા. તેમનાં ઘરે સાસુ-વહુનો ઝઘડો ચાલતો. તે કાકાને સ્વામીશ્રી કહે: 'તમારે તમારાં પત્નીને ખાસ સમજાવીને કહેવું કે પુત્રવધૂને ધીરે ધીરે સમજાવે. બળજબરી કરવાથી છોકરાં નહીં સુધરે. બધું પ્રેમથી કરવું. તો એની મેતે સમજશે. આટલા વખતથી સત્સંગ કર્યો એનો અર્થ શું? અમે આટલા બધા છોકરાઓને હેતથી ભેગા કર્યા છે. હેત કરીએ તો વાત સમજાય. માટે એમ કરવું આપણે સહન કરવું પડે પણ ક્રોધ ન કરવો.'

પારિવારિક સમસ્યાઓનાં બીજ ઘરમાં બાળકો નાનાં હોય ત્યારથી જ રોપાઈ જતાં હોય છે. આથી, સ્વામીશ્રી ઘણી જાહેર સભાઓમાં આત્મા-પરમાત્માની વાત કરવાની સાથે સાથે માતાપિતાને ઉચ્ચારતાં કહેતા: 'તમે તમારાં બાળકોને સમય આપો. તેની માવજત કરો. તેને સમજવા પ્રયત્ન કરો. બાળમંડળોમાં મોકલો. આજે તો ટી.વી. આવી ગયું. મા-બાપ સાથે જ છોકરાંઓ બેસે. એમાં મારઝૂડ વગેરે બતાવવામાં આવે છે. બાળકમાં શક્તિ ઘણી છે. 'વાડે વેલો ચડી જાય.' એમ જેવા વાતાવરણમાં બાળકને ઉછેરો એવો એ થાય. 'છોટી વયે પડેલી છાપ છેલ્લી વયે પણ ન જાય.' આપણે રાત્રે રોજ થોડું ધાર્મિક વાંચન કરવું. ગમ્મત સાથે જ્ઞાન મળે એવી વાતો કરીએ તો બાળકોને સાંભળવાની મજા આવે ને સાર મળી જાય. શાળાએ જતાં બહારનો નાસ્તો તેને ખાવો ન પડે માટે ઘરનો બનાવીને જાતે ભરી આપવો. વ્યસનમાં જો બાળકો ચડી ગયા તો ખલાસ થઈ ગયું. માટે પહેલેથી ચેતતા નર સદા સુખી. બાળકો પર કંટાળો ન લાવવો. જો બાળકોને સાચવશો, સંસ્કાર આપશો તો બાળકો તમને સાચવશે. પૈસા-ધંધો સાચવીએ છીએ તેમ હરતી-ફરતી મૂડી પણ સાચવીએ. શનિ-રવિ છોકરાં માટે ફાળવો. જેમ ધંધાનું પ્લાનિંગ કરો છો તેમ આ પણ પ્લાનિંગ કરી રાખવું. આ નહીં કરીએ તો રોવાનો વારો આવશે.'

બાળકોના ઉછેરમાં પતિ-પત્નીના અભિગમ જુદા પડે ત્યારે પણ સ્વામીશ્રી આ જ માર્ગદર્શન આપે. તા. ૧-૯-૨૦૦૬ના રોજ ચેન્નઈમાં એક યુવકે તેઓને કહ્યું કે 'મારો અને મારી પત્નીનો બાળઉછેર માટેનો અભિગમ જુદો પડે છે. બાળક ક્યાંક તોફાન-મસ્તી કરે. તો હું એને પ્રેમથી સમજાવીને પાછો વાળવા માટે પ્રયત્ન કરું છું. પરંતુ એનાં મમ્મી બાળક નાની ભૂલ કરે છતાં પણ એને મારે છે ખૂબ દબડાવે છે. આને કારણે અમારી બે વચ્ચે પણ મતભેદ થાય છે. શું કરવું? એ સમજણ પડતી નથી.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું. 'બાળક અબુધ છે. એને પ્રેમથી જેટલી વાતચીત કરો અને શાંતિથી સમજાવો. પ્રેમથી કામ લો તો જ એ આગળ વધે. મારવાથી એ આગળ વધી શકતો નથી. માટે પ્રેમથી સમજાવટથી જ એને પાછો વાળવો જોઈએ.'

માત્ર બાળકોનો ઉછેર બાબતે જ નહીં, પરંતુ નાની-મોટી અનેક બાબતોમાં પતિ-પત્નીના પ્રશ્નો ઠેર ઠેર ચર્ચાય છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં પણ સંતુલન જળવાય તે માટે સ્વામીશ્રીએ અનેકવાર આપેલું માર્ગદર્શન અદ્ભુત છે.

ન્યૂજર્સીમાં રહેતા એક ગુજરાતી યુવાનનાં લગ્ન તેનાં માબાપે ધામધૂમથી ભારતમાં લગ્ન કરાવ્યાં. પણ એ પછી પત્નીને દેશમાંથી બોલાવવાનો તેણે ઇન્કાર કરી દીધો. એનાં સગાંઓ સમજાવીને થાક્યાં. મા-બાપ તો બોલી જ શકતાં નહોતાં. યુવાન પોતાના વિચારોમાં સંપૂર્ણ મક્કમ હતો. આ યુવાન સ્વામીશ્રીના યોગમાં આવ્યો. સ્વામીશ્રીને તેના આ પ્રશ્ન વિશે જાણ થઈ. સ્વામીશ્રીએ તેને ખૂબ પ્રેમથી સમજાવ્યો. એ કહે: 'આપ કહો તે કરવા તૈયાર છું.'

બીજે દિવસે સવારે સ્વામીશ્રી ખાસ તેના ઘરે પધાર્યા. તેને પિતાને, સ્નેહીઓને બોલાવ્યા. યુવાનને કહે, 'તારી જે ઇચ્છા

હોય તે કહે. અમારા પણ તને આશીર્વાદ છે. માબાપના મળશે. મનમાં ગડભાંજ હોય તો જણાવી દેજે. કદાચ તારા મનમાં ન પણ બેસે. પણ ભગવાન અને સંતના વચને કરીએ તો સારું જ થાય.' તે યુવાને કહ્યું: 'આપના આશીર્વાદ હોય તો હું તેને બોલાવીશ.' સ્વામીશ્રી પ્રસન્ન થઈ ગયા. નજીક બોલાવીને તેને ખૂબ આશીર્વાદ આપ્યા. જે પ્રશ્ન વરસથી ઘૂંટાતો હતો તે પળવારમાં ઊકલી ગયો.

તા. ૧૩-૧-૨૦૦૫ના રોજ મુંબઈમાં લગભગ ૮૦ વર્ષના એક વૃદ્ધ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને તેઓના પારિવારિક પ્રશ્નોની ખબર હતી. સ્વામીશ્રીએ જઈ રહેલા તેઓને અટકાવીને કહ્યું, 'હવે ઉંમર થઈ, શાંતિ રાખો. ભગવાનનું ભજન કરો. સત્સંગી થઈને આવું બધું શોભે? ભેગાં થઈ જાવ. કોઈના ઉપર હવે શંકા ન રાખવી.' સ્વામીશ્રીએ એ વડીલને કોઈ યુવાનને આપે એ રીતે ઉપદેશ આપ્યો, કારણ કે સ્વામીશ્રી જાણતા હતા કે એ વડીલ અને તેમનાં પત્ની વચ્ચે આટલી મોટી ઉંમરે અણબનાવ થયો છે!

પેલા વૃદ્ધ કહે, 'અત્યારે તો એ હિમાલય નજીક છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે: 'ગમે ત્યાં હોય એને બોલાવી લ્યો. આ ઉંમરે આવું ન શોભે. સમજવાનું કોને છે? એમને કે તમારે? અને સમજાવવાનાં જ હોય તો એની પણ રીત હોય ને? તું આવી છે ને તું તેવી છે એમ જો કહ્યા કરો તો ગમે એવો હોય તો પણ એનું મન ફટકે. સમજાવવા હોય તો શાંતિથી સમજાવાય.'

પેલા હરિભક્ત કહે: 'બાપા! આપ કહો એમ કરીશ.'

'કેટલા કલાક સુધી?'

'જીવનભર.' એમણે ઉત્તર આપ્યો. જીવનના ઉત્તરાર્ધમાં પણ સ્વભાવની પરવશતાએ કરીને વિચ્છિન્ન થયેલાં આવાં કંઈક કુટુંબોને સ્વામીશ્રીએ સાંધી આપ્યાં છે.

તા. ૨-૫-૨૦૦૮ના રોજ વિદેશથી એક પત્ર હતો. પત્રમાં પારિવારિક પ્રશ્નના મૂળમાં ગુસ્સાવાળા સ્વભાવનો નિર્દેશ હતો. વાંચતાં વાંચતાં સ્વામીશ્રી મર્માળું હસ્યા ને કહે, 'સ્વભાવ ટળશે તો જ શાંતિ થશે. એમને લખજો કે ગુસ્સો આવે ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું અને પતિ કે પત્ની બેમાંથી એક જણાએ ત્યાંથી નીકળી જવું.'

ક્યારેક યુવાનોને સ્વામીશ્રી સહજ સહજમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધોનું રહસ્ય સમજાવી દેતા.

**પારિવારિક સમસ્યાઓનાં બીજ ઘરમાં બાળકો નાનાં હોય ત્યારથી જ રોપાઈ જતાં હોય છે. આથી, સ્વામીશ્રી ઘણી જાહેરસભાઓમાં માતાપિતાને ઉચ્ચારતાં કહેતાઃ 'તમે તમારા બાળકોને સમય આપો. તેની માવજત કરો. તેને સમજવા પ્રયત્ન કરવો.'**

તા. ૨૮-૮-૨૦૦૬ના રોજ ચેન્નઈમાં સ્વામીશ્રી સમક્ષ 'અક્ષરામૃતમ્' ગ્રંથનું વાંચન થઈ રહ્યું હતું. ડલાસથી આવેલો યુવક હરિ પટેલ ગ્રંથનું પાઠ કરી રહ્યો હતો, તેમાં આવ્યું: 'પોતાની સ્ત્રી સાથે વાદ ન કરવો.' સ્વામીશ્રીએ તેને ફરીથી વંચાવ્યું. પછી કહ્યું, 'ઘરમાં પત્ની સાથે વધારે પડતી આર્ગ્યુમેન્ટ ન કરવી. હાથ જોડવા, સોરી કરીને ચલાવવું, કારણ કે પત્ની સાથે વાદવિવાદ કરીએ ને માઠું લાગે તો ક્યારેક વધારે પડતું બોલી જવાય તો કાંઈક મોટી મુશ્કેલી આવી જાય. માટે ધીરે રહીને શાંતિથી કામ લેવું.' આટલું કહ્યા પછી હસતાં હસતાં કહ્યું: 'આ જ વાત પત્નીએ પણ સમજવાની છે. એ પણ ખોટા વાદવિવાદમાં ન ઊતરે ને બાંધછોડ કરે તો બંનેનો સંસાર સુખી રહે.'

તા. ૨૨-૭-૨૦૦૬ના રોજ અટલાદરામાં મુલાકાતો દરમ્યાન એક મુમુક્ષુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સાથે ઊભેલા તેઓના સ્નેહીએ સ્વામીશ્રીને વાત કરી કે 'આમનો ગુસ્સાવાળો સ્વભાવ છે. પત્નીને પણ બહુ મારે છે.'

સ્વામીશ્રી કહે: 'પત્નીને મારવા માટે ઘરે લાવ્યા છો? એટલા માટે પરણ્યા હતા? તમે ધણી કહેવાવ. ધણીએ તો પત્નીની રક્ષા કરવાની હોય, એની જગ્યાએ ધોલ મારીએ એ કેવું કહેવાય? કંઈક વાંક હોય કે બોલાચાલી થાય તો હેતથી વાત કરવી. આજે આ નિયમ લો. પ્રેમથી વાત કરજો. આપણે માણસ છીએ. પશુ નથી. ગુસ્સો ઓછો થાય એ માટે પાંચ માળા કરજો.'

તા. ૨૭-૫-૨૦૦૪ના રોજ અમેરિકામાં એડિસન શહેરમાં એક હરિભક્ત કલ્પેશભાઈ પટેલ પોતાના પિતા સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આજે પચાસમી લગ્નતિથિ નિમિત્તે પોતાની સઘળી બચત ઠાકોરજીનાં ચરણોમાં અર્પણ કરવા આવ્યા હતા. તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'કેટલાં વરસ થયાં લગ્નને?'

'પચાસ વરસ.'

સ્વામીશ્રી આજુબાજુ ઊભેલા યુવકોને સંબોધીને કહે: 'સાંભળો, લગ્ન થયે પચાસ વરસ થયાં!' એટલું કહીને પેલા હરિભક્તને કહે: 'ક્યારેય બોલવા, ચાલવાનું થયું હતું?'

જરાક સંકોચ અને શરમ સાથે કહે, 'એ તો થાય જ ને!'

'તો તે વખતે તમે શું કર્યું હતું?'

'સહન. બાંધછોડ.' પેલા હરિભક્તે કહ્યું. સ્વામીશ્રી યુવકોને સંબોધતાં કહે: 'બસ, આટલું જ ધ્યાનમાં રાખવું. લગ્નજીવનમાં

સુખ-દુઃખ તો આવે. બોલવા-ચાલવાનું તો થાય. પણ એકબીજાનું સહન કરી લેવું. થોડી બાંધછોડ કરી લેવી તો સુખ રહે.' વળી પાછા કહેઃ 'અહીં તો બે વરસ થાય ને લગ્ન ઊજવે પણ કેટલું ટકે એનું નક્કી નહીં! કોઈનામાં સહનશક્તિ જ નહીં ને!'

એમ કહીને સ્વામીશ્રીએ યુવા પેઢીને સુખી લગ્નજીવનનો બોધ આપી દીધોઃ સહન કરવું અને બાંધછોડ કરતાં શીખવું.

મા-બાપ અને સંતાનો વચ્ચેના પ્રશ્નોમાં એક મોટો પ્રશ્ન યુવક-યુવતીઓનાં લગ્ન અંગેનો રહે છે. માતા-પિતાને ગમતું હોય ત્યાં સંતાનોને ગમતું ન હોય, સંતાનોને ગમતું હોય ત્યાં માતા-પિતાને પસંદ ન હોય. એવા અનેક પ્રશ્નોમાં રસ લઈને સ્વામીશ્રીએ હળવાશથી પરિવારોને શાંતિનો રાજમાર્ગ ચીંધ્યો છે. ક્યારેક પ્રેમના નામે પકડીને બેઠેલા યુવાનોની જડતાને તેમણે વિવેકનું સંતુલન પણ શીખવ્યું છે અને પરિવારને સમસ્યામાંથી બહાર આણ્યો છે.

તા. ૨૧-૪-૨૦૦૫ના રોજ અમદાવાદમાં એક યુવાને સ્વામીશ્રીને એક ચિઠ્ઠી આપી. ચાર ફુલસ્કેપ પાનાંમાં લખાયેલી ચિઠ્ઠીમાં સાર એવો હતો કે 'હું એક યુવતીના પ્રેમમાં છું. પરંતુ એનાં માબાપના દબાણને લીધે તેનાં વિવાહ થઈ ચૂક્યા છે. હું એ યુવતીનાં લગ્ન બીજે થતાં જોઈ નહીં શકું. મારે એની સાથે જ લગ્ન કરવાં છે. આપ એવા આશીર્વાદ આપો કે એની સાથે જ મારાં લગ્ન થાય. આપ જો જવાબમાં હા પાડશો તો ઠીક છે પણ જો તમારા જવાબમાં ના હશે તો હું આત્મહત્યા કરી દઈશ. આપ તો કાળ, કર્મ ને માયાને પણ ફેરવી શકો છો. તો મારા ઉપર આટલી દયા કરો. એના માટે એક નહીં, પણ સો જન્મ ધરવા પણ હું તૈયાર છું.'

સ્વામીશ્રીની એની આવી માનસિક સ્થિતિ જોઈને બે ઘડી મૌન રહ્યા. પેલો યુવક કરગરતો સામે ઊભો હતો. સ્વામીશ્રીએ ધીમે રહીને વાતની શરૂઆત કરતાં કહ્યુંઃ 'ભગવાનની ઇચ્છાથી આમ થયું હશે એમ સમજીને ચાલવું એમાં તારું હિત છે. ભગવાને જે કર્યું એ સારા માટે છે.' પેલો યુવક આ વાત માનવા તૈયાર ન હતો, ને સ્વામીશ્રીને કહેઃ 'આંબલીવાળી પોળમાં જઈને મારાં એ છોકરી સાથે લગ્ન થાય એ સંકલ્પ સાથે મેં ચાદર ઓઢાડી છે.'

'આંબલીવાળી પોળમાં જે નિમિત્તે તું ચાદર ઓઢાડે છે અને જે તારા સંકલ્પ પૂરા કરવાના છે એ જ અત્યારે તારી સામે બોલી રહ્યા છે.' એમ કહીને ધીમે રહીને એને સમજાવવા પ્રયત્ન કર્યોઃ 'તને બહુ જ નેગેટિવ વિચારો આવે છે. થોડા દહાડા એવું થશે, કારણ કે વેગ છે. પણ પછી મનમાંથી નીકળી જશે. ભૂલી જ જવાનું. એમાં શાંતિ છે. જે કંઈ થયું છે એ તારા સારા માટેનું જ છે. ભવિષ્યમાં તમને બેયને મુશ્કેલી આવવાની હોય એના કરતાં ભગવાને અત્યારથી જ એ નામંજૂર કર્યું. માટે શાંતિથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરજે. આ તારા હિતની વાત છે. આત્મહત્યા કરવાનો વિચાર કરતો નહીં. મહારાજને તું માને છે, શિક્ષાપત્રી વાંચે છે. એમાં પણ લખ્યું છે કે આત્મઘાત ન કરવો. એટલે આ મારું વચન માન અને જીવમાંથી એવી દૃઢતા કર કે ભગવાને જે કર્યું છે એ સારા માટે જ છે. પ્રાર્થના કરજે અને જે થયું એને ભૂલી જજે.' આટલું કહીને હાથમાં જળ આપીને કહ્યું કે 'પ્રતિજ્ઞા લે કે આત્મહત્યા નહીં કરું.' વેગ અને આસક્તિમાં મરેલા આ યુવકને સમજણ આપી આશીર્વાદ આપીને સ્વામીશ્રીએ તેને બહાર કાઢ્યો અને જીવન જીવવા જેવું બનાવી દીધું.

તા. ૧૫-૧-૨૦૦૫ના રોજ મુંબઈમાં એક યુવકને પણ કોઈ ઇતર ધર્મી યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો. એને પરિણામે પરિવારમાં ક્લેશ જામ્યો હતો. સ્વામીશ્રીએ એને કહ્યુંઃ 'તને માબાપે મોટો કર્યો. એની સામું પહેલા જોવું. માબાપને એવું નથી કે તું કુંવારો રહે. પણ યોગ્ય પાત્ર હોય અને માબાપને પણ ગમે એ જગ્યાએ કરજે. બીજું સારું મળશે. માબાપ દુઃખી થશે તો જીવન સુખી નહીં બને.'

પેલા યુવકે દલીલ કરતાં કહ્યુંઃ 'સાત વર્ષથી મને પ્રેમ છે.'

સ્વામીએ એની વાતને કાપતાં કહ્યુંઃ 'માબાપ તો સાત વર્ષ કરતાં પહેલાં તારી સાથે છે. અને પહેલાં મા-બાપને રાજી કર, પછી બીજી વાત કરજે.'

તા. ૧૬-૧૧-૨૦૦૪ના રોજ ગોંડલમાં એક યુવાનને લગ્ન માટે સ્વામીશ્રીએ ખૂબ સમજાવ્યો. બંને પરિવારો અને યુવતી રાજી હતાં પણ યુવાન આનાકાની કરતો હતો. સ્વામીશ્રીને એ કહેઃ 'આપ કહો....'

સ્નેહભાવ સાથે વડીલની રૂએ સ્વામીશ્રી કહેઃ 'અમે તો તને કહીએ છીએ. આવું સત્સંગી અને સારું પાત્ર તને નહીં મળે. એટલે તારે લગ્ન કરી જ લેવાં જોઈએ.' આટલું કહ્યા પછી ગૃહસ્થધર્મના ઉપદેશની વાત પણ સ્વામીશ્રીએ સાથે સાથે કરતાં કહ્યુંઃ 'એક વખત નક્કી થયું અને લગ્ન થયાં પછી પાછળથી કોઈ જ પ્રશ્ન આવવો ન જોઈએ. સમાધાન કરતાં શીખવું જોઈએ. સંસાર છે એટલે ક્યારેક વાસણ ખખડે પરંતુ એમાં મન મોટું રાખી અને એકબીજાએ સહન કરી લેવું જોઈએ. એક વખત લગ્ન કર્યાં પછી જિંદગીભરની વાત માટે મારા આશીર્વાદ છે. આવું સારું પાત્ર નહીં મળે, સંસ્કારી પણ છે, એટલે હવે તું લગ્ન કરી જ લે.' એણે સ્વામીશ્રીના ખોળામાં માથું ટેકવી દીધું. સ્વામીશ્રીએ જય બોલાવીને માથે હાથ ફેરવી એને આશીર્વાદ આપ્યા. અને ત્યારપછી સ્વામીશ્રી વિદાય લેતાં પહેલાં અક્ષરદેરી અને ઠાકોરજીનાં દર્શન કરવા માટે નીકળ્યા. રસ્તામાં સ્વામીશ્રીએ એક સંતને બોલાવીને શ્રીફળ તથા સાકરનો પડો

તૈયાર રાખવાનો આદેશ આપી દીધો હતો. સ્વામીશ્રી દેરીએ દર્શને પધાર્યા. દર્શન અને પ્રદક્ષિણા કરી રહ્યા ત્યાં સુધી શ્રીફળ આવી ગયું. ઇશારો કરીને સ્વામીશ્રીએ પેલા યુવકને બોલાવ્યો અને દેરીની સાક્ષીએ સામેથી જ શ્રીફળ અને સાકર અર્પણ કરી દીધાં. હજી સામેના છોકરી પક્ષમાં 'હું ૧૦૦ ટકા લગ્ન કરવાનો છું' એવી વાત તો પેલા યુવકે પહોંચાડી જ ન હતી, પરંતુ સ્વામીશ્રીને હરિભક્તોમાં કેટલો વિશ્વાસ અથવા તો હરિભક્તોને પણ સ્વામીશ્રીમાં કેટલો વિશ્વાસ કે સ્વામીશ્રીએ સામેથી એક પક્ષીય શ્રીફળવિધિ કરી અને યુવક તથા યુવતી બંનેનાં માબાપની ભૂમિકા ભજવી. યુવતી અહીં કદાચ મંદિરના પરિસરમાં જ હશે અને છતાં એને ખ્યાલ પણ નહીં હોય કે આજે પ્રમુખસ્વામી મહારાજ તેના પિતા બન્યા છે! સ્વામીશ્રીએ પેલા યુવકને અંતરથી આશીર્વાદ આપતાં કહ્યું: 'ખૂબ સુખિયો થાય અને ગૃહસ્થજીવન સફળ બને. સત્સંગ વધારે ને વધારે દૃઢ થાય એ આશીર્વાદ છે.'

મુંબઈના એક મધ્યમવર્ગી સત્સંગી કુટુંબમાં એવો જ એક પ્રશ્ન થયો હતો. પિતાજીએ પોતાના ઉંમરલાયક પુત્રને ઘણી કન્યાઓ બતાવી પરંતુ હજી પગભર ન હોવાને કારણે તેણે સવિનય લગ્ન માટે ના પાડી. આથી પિતાને શંકા ગઈ કે પુત્રને કોઈ સાથે સંબંધ છે. ઘરમાં આ વાતે મોટો કલહ થઈ ગયો. આ આક્ષેપથી યુવાન ભાંગી પડ્યો અને ઘર છોડીને ભાગી નીકળ્યો. પરંતુ સત્સંગના સંસ્કાર એને સ્વામીશ્રી પાસે નડિયાદ ખેંચી લાવ્યો. સ્વામીશ્રીએ એને સમજાવ્યો અને ઘરે પાછો જવા સંમત કર્યો. અને પિતાજી ઉપર પત્ર લખી આપ્યો:

'પૂજ્ય... ભાઈ, ....ના લગ્ન સંબંધી આપને જણાવવાનું કે હાલ તેને લગ્ન કરવાની ઇચ્છા નથી. માટે ખોટું દબાણ કરવાથી ભવિષ્યમાં મુશ્કેલી થાય. માટે તમે જરાપણ આગ્રહ રાખશો નહીં. તેને બીજી કોઈ છોકરી સાથે સંબંધ છે કે ત્યાં કરવા માંગે છે તેવો વહેમ રાખશો નહીં અને એ ગમે ત્યારે એને પસંદ અને આપને અનુકૂળ હશે એમ કરશે. માટે હાલ તમો ઉતાવળ ને આગ્રહ જરાપણ રાખશો નહીં ને શાંતિ રાખશો. તમો તો સત્સંગ કરાવો છો. રાત-દિવસ કથા-વારતા કરો છો, સાંભળો છો તેનું ફળ શું કે શાંતિ રાખવી. ઉગ્ર થવું નહીં. ક્રોધ કરવો નહીં. તો રાજી થકા આ વાત માનશો. આશીર્વાદ છે...' સ્વામીશ્રીના સ્નેહપત્રથી વાત બદલાઈ ગઈ. યુવક ઘરે પહોંચી ગયો. હતાશામાંથી ઊભી થયેલી અને ન પૂરી શકાય તેવી તિરાડ પુરાઈ ગઈ. એક અકલ્પ્ય દુઃખદ ઘટનામાંથી કુટુંબ ઊગરી ગયું.

આવા અસંખ્ય પરિવારો આજે પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક યાદ કરી રહ્યા છે. પોતાના જીવનની અમૂલ્ય પળો ફાળવીને, પોતે સુખ-દુઃખ વેઠીને ગામડે-ગામડે ઘરે-ઘરે ઘૂમીને એ લાખો પરિવારો પર શાંતિ-સુખ-આનંદ અને સમૃદ્ધિની અમીવૃષ્ટિ કરનારા પ્રમુખસ્વામી મહારાજને શો સ્વાર્થ હતો?

તેનો ઉત્તર તેમના આ પ્રસંગમાંથી મળી રહે છે.

એક વડીલ પોતાનાં પત્નીને ૬૫ વર્ષની ઉંમરે છૂટાછેડા આપવા કટિબદ્ધ થયા હતા. મિલકત બાબતનો ઝઘડો હતો. સ્વામીશ્રીને તેઓ કહી રહ્યા હતા: 'પુત્રો મને સાચવતા નથી, તો પેન્શન પર દિવસો કાઢીશ, પણ છોકરાંઓ અને એની મા બંને એક થઈ ગયાં છે. તે એમની ભેગા તો રહેવું જ નથી...' વડીલ ખૂબ ધૂંધવાયા હતા, તેમણે છૂટાછેડાનાં કાગળિયાં પણ કરાવ્યાં હતાં.

આ વાતની જાણ થતાં સ્વામીશ્રીએ તેમને રૂબરૂ બોલાવ્યા હતા. તેમની વાત સાંભળીને સ્વામીશ્રીએ સમજાવીને જરા આકળા થઈને તેઓને કહ્યું: 'આટલા બધા આગળ વધી જવાતું હશે? મને વાત તો કરવી જોઈએ! આટલો વિખવાદ થાય, તેમાં કેટલો ઉચાટ! આપણે સત્સંગી થયા તેનો અર્થ શું? મહારાજ-સ્વામીના સત્સંગી આવા હોય? માટે હવે બધું પડતું મૂકો.'

સ્વામીશ્રીની સમજાવટથી તેઓ માની ગયા અને કહેવા લાગ્યા: 'ભલે બાપા! આપ કહેશો તેમ કરીશ, પણ આપ રાજી છો ને!'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું: 'રાજી જ છીએ. તમે સુખી થાવ એ અમારું સુખ! દુનિયામાં કાંઈ લેવા નથી આવ્યા. દેવા આવ્યા છીએ. કોઈ કાંઈ સાથે લઈ ગયું નથી ને આપણે પણ મૂકી જવાના છીએ...'

'બાપા!' વડીલે અહોભાવથી કહ્યું: 'તમે વચ્ચે પડ્યા તો પાર પડ્યું, નહીંતર ઉકેલ જ ન આવત.'

સ્વામીશ્રી હસી પડ્યા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે: 'હવે ફાઈનલ થઈ ગયું. ભગવાનના દરબારમાં બેસીને નિર્ણય લીધો છે. જ્યાં અક્ષરધામમાં જવું છે, ત્યાં બેસીને કર્યું છે.'

આમ, ચાર વર્ષથી સળગતી એક કુટુંબ-સમસ્યાનો તાત્કાલિક નિકાલ આવી ગયો.

બસ, આ જ હતો પ્રમુખસ્વામી મહારાજનો જીવનમંત્ર: 'તમે સુખી થાવ એ અમારું સુખ! દુનિયામાં કાંઈ લેવા નથી આવ્યા. દેવા આવ્યા છીએ.'

આમ, અસંખ્ય પરિવારોના પ્રેમછત્ર બનીને પ્રમુખસ્વામી મહારાજે એ પરિવારોના સુખ માટે જે અમૃત સંજીવની સીંચી છે તે યુગો સુધી આવનારી અનેક પેઢીઓને સુખ-શાંતિ-આનંદથી હર્યા-ભર્યા પારિવારિક જીવનની ગીતા સંભળાવતી રહેશે. વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજના ખોળિયે બિરાજીને તેઓ આજેય એ પારિવારિક શાંતિની ગીતાનું ગાન કરી રહ્યા છે. શતાબ્દી પર્વે એમને કોટિ કોટિ વંદન... ◆

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી પર્વે
## બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયું

# પારિવારિક શાંતિ અભિયાન












'બીજાના ભલામાં આપણું ભલું છે,

'બીજાના સુખમાં આપણું સુખ છે.'

આ જીવનમંત્ર હતો, પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ પાંચમા અનુગામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો. સંસાર ત્યજીને સમાજની સદા ચિંતા કરનાર આ વિરલ સંતવિભૂતિએ અસંખ્ય લોકોને જીવનનો સાચો રાહ ચીંધીને સુખની અનુભૂતિ કરાવી છે. 'વસુધૈવ કુટુમ્બકમ્' - સમગ્ર વિશ્વને પોતાનો પરિવાર સમજનાર પ્રમુખસ્વામી મહારાજે પોતાનાં ૯૫ વર્ષના જીવનકાળ દરમ્યાન સતત વિચરણ કરીને દેશ-વિદેશના અનેક પરિવારોને તૂટતાં બચાવ્યા હતા, પરિવારોને સુગ્રથિત કર્યા હતા.


આ મહાન સંતવિભૂતિના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે સમાજના પ્રત્યેક પરિવાર સુધી પ્રમુખસ્વામી મહારાજના હિતકારી પારિવારિક સંદેશનું પ્રસારણ કરવાનો આદેશ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આપ્યો અને બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા એક વિરાટ આયોજન થયું – પારિવારિક શાંતિ અભિયાનનું. વિરાટ પાયા પર જનસંપર્ક દ્વારા ઘેર ઘેર પારિવારિક શાંતિના આ અભિયાનને સંસ્થાના મધ્યસ્થ સત્સંગ પ્રવૃત્તિ કાર્યાલય દ્વારા ઝીણામાં ઝીણું આયોજન કરીને સુંદર ઓપ આપવામાં આવ્યો.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે આ અભિયાન હોવાથી આ અભિયાનમાં જોડાનાર પુરુષ-મહિલા હરિભક્તોને 'શતાબ્દી સેવક'ની ઓળખ આપવામાં આવી. આકર્ષક ઓળખપત્ર તેમજ શતાબ્દી સેવક બેઝ પણ તૈયાર કરવામાં આવ્યા. બહેનો અને ભાઈઓનો નિશ્ચિત ગણવેશ પણ નિર્ધારિત કરવામાં આવ્યો. તેમના માટે જરૂરી સામગ્રી, સાહિત્ય અને સાધનો અંગે પણ સૂક્ષ્મ આયોજન કરવામાં આવ્યું. લાખોની સંખ્યામાં પ્રત્યેક સદ્‌ભાવીના ઘરે સંપર્ક

દરમ્યાન આપવા માટે પ્રમુખસ્વામી મહારાજના પારિવિારક શાંતિનાં પ્રેરણાસૂત્રોને આલેખતું આકર્ષક પોસ્ટર તથા પોકેટ કૅલેન્ડર તૈયાર કરવામાં આવ્યાં.

આ અભિયાન દરમ્યાન શતાબ્દી સેવકોના સેવાકાર્યની માહિતી અભિયાનમાં સંમિલિત તમામ કાર્યકરોને સતત મળતી રહે તે માટે, તેમજ શતાબ્દી સેવકો દ્વારા જેમનો સંપર્ક કરવામાં આવ્યો હોય તેવા સદ્ભાવીને પણ પારિવારિક શાંતિની પ્રેરણા સતત પ્રાપ્ત થતી રહે તે માટે, મોબાઈલ ફોન માટેની બે નૂતન એપ્લિકેશન તૈયાર કરવામાં આવી. પ્રમુખસેતુ એપ્લિકેશન, આ અભિયાનના સંચાલનમાં

પ્રમુખસ્વામી મહારાજે ઘરને મંગલ બનાવવા માટે આપેલા સાત વારનાં સાત સોનેરી સૂત્રોનું આ પોસ્ટર લાખો ઘરોમાં શાંતિની પ્રેરણા-સરિતા વહાવી રહ્યું...




જોડાનાર કાર્યકર્તા તથા શતાબ્દી સેવકો માટે તૈયાર કરવામાં આવી અને પ્રેરણાસેતુ એપ્લિકેશન સદ્ભાવી પરિવારો માટે તૈયાર કરવામાં આવી.

આ અભિયાનમાં કોઈપણ પ્રકારની કચાશ રહી ન જાય, તે માટે ચાર શહેરી અને પાંચ ગ્રામ્ય ક્ષેત્રોમાં પ્રાથમિક પ્રયોગ કરવામાં આવ્યો. ૧૦-૧૧-૨૦૧૯ થી ૧૭-૧૧-૨૦૧૯ એટલે કે એક સપ્તાહ દરમ્યાન યોજાયેલા આ પાઈલટ પ્રોજેક્ટમાં ૧૫૦ પુરુષ-મહિલા શતાબ્દી સેવકોએ સદ્ભાવીઓનો સંપર્ક કર્યો. આ પાઈલટ પ્રોજેક્ટના અનુભવો તથા સૂચનોના આધારે અભિયાનને અંતિમ ઓપ આપવામાં આવ્યો અને ડિસેમ્બર-૨૦૧૯ની કાર્યકર શિબિરમાં ૧૮,૦૦૦ પુરુષ-મહિલા કાર્યકરોને તે મુજબ સજ્જ કરવામાં આવ્યાં.

ચાર મહિનાના આ અભિયાનમાં દરેક શતાબ્દી સેવકના વૃંદે ૩૦૦ ઘરનો સંપર્ક કરવાનો હતો. શહેર વિસ્તારમાં બે શતાબ્દી સેવકોનું વૃંદ અને ગ્રામ્ય વિસ્તારમાં ચાર શતાબ્દી સેવકોનું વૃંદ બનાવવામાં આવ્યું. શતાબ્દી સેવકોએ આ અભિયાન દરમ્યાન તદ્દન અજાણ્યા ઘરે સંપર્ક માટે જવાનું હતું. એટલે તે માટે જરૂરી હતી, તાલીમ. તે માટે સૌપ્રથમ શતાબ્દી સેવક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી. ત્યારબાદ હજારો શતાબ્દી સેવકોને તાલીમ આપવા માટે અલગ-અલગ સ્થળે ૨૯૦ જેટલા સંતો-કાર્યકરોને ટ્રેઈનર્સ તૈયાર કરવામાં આવ્યા. ત્યારબાદ આ ટ્રેઈનર્સ દ્વારા ૩૦૪ સ્થાનોએ શતાબ્દી સેવક તાલીમ આપવામાં આવી, જેમાં પારિવારિક સંપર્કની પ્રત્યેક કાર્યવાહીનું ઊંડાણપૂર્વક નિદર્શન કરવામાં આવ્યું. તેમને સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા કુલ ૧૩ પ્રકારનું સાહિત્ય અને ૭ પ્રકારના અહેવાલનું સાહિત્ય આપવામાં આવ્યું.

તા. ૧૮-૨-૨૦૨૦ના રોજ અટલાદરા ખાતે પારિવારિક શાંતિ અભિયાનના પ્રેરણાદાતા ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અભિયાનનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ ઉદ્ઘાટન સમારોહથી તમામ શતાબ્દી સેવકોમાં દિવ્ય ચેતનાનો સંચાર થયો. સૌ શતાબ્દી સેવકો સંપર્ક કરવા માટે જવા થનગની રહ્યા હતા. આ તમામ શતાબ્દી સેવકોને તેમના સ્થાનિક મંડળમાં સેવાના આ મંગલકાર્ય માટે શુભેચ્છા પણ પાઠવવામાં આવી.

એ મંગલદિન આવી ગયો - ૧ માર્ચ ૨૦૨૦નો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ દિવસે આણંદ ખાતે પ્રાતઃકાળે દીપ પ્રગટાવીને 'પારિવારિક શાંતિ અભિયાન'નો વિધિવત્ પ્રારંભ કર્યો. પ્રમુખસ્વામી મહારાજના પારિવારિક

શાંતિ માટેના સંદેશને અનેક પરિવારો સુધી પહોંચાડવા માટે સૌ શતાબ્દી સેવકો ગામડે - ગામડે અને શહેરી વિસ્તારોમાં ઘૂમવા માંડ્યા.

ઘરોઘર શતાબ્દી સેવકો પારિવારિક શાંતિ માટેનાં ત્રણ આયોજનો (૧) ઘરસભા (૨) સમૂહ ભોજન (૩) સમૂહ આરતી-પ્રાર્થના અંગે ટૂંકમાં માહિતી આપતા અને પરિવારમાં શાંતિની વૃદ્ધિ માટે કોઈપણ ઉપાયનો અમલ કરવા ઇચ્છતા હોય તો તેનો સંકલ્પ કરાવતા. અંતમાં, સદ્‌ભાવીના પરિવારમાં સર્વપ્રકારે સુખ-શાંતિ રહે તે માટે શતાબ્દી સેવકો 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન સાથે પ્રાર્થના કરતા.

લગભગ ૧૨ દિવસ આ અભિયાન ચાલ્યું અને અચાનક કોરોના મહામારીનું આક્રમણ થયું અને સમગ્ર વિશ્વની સાથે આ વિરાટ અભિયાન પણ તા. ૧૩-૩-૨૦૨૦થી સ્થગિત થઈ ગયું.

પોણા બે વર્ષ બાદ કોરોના મહામારીનું જોર ઓછું થયું અને પુનઃ અભિયાનનો આરંભ કરવાનું નિર્ધારાયું. પુનઃ ટ્રેઈનર્સ દ્વારા દરેક ક્ષેત્રમાં શતાબ્દી સેવક તાલીમ યોજવામાં આવી. ફરી એકવાર પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેમનો પારિવારિક શાંતિનો સંદેશ પ્રસરાવવા સૌ શતાબ્દી સેવકો સુસજ્જ થયા.

તા. ૩૧-૧૨-૨૦૨૧થી અભિયાનનો પુનઃ આરંભ થયો, પરંતુ તા. ૬-૧-૨૦૨૨ના રોજ ઓમિક્રોનનું સંક્રમણ પ્રસરતાં થોડો સમય વિરામ લઈને તા. ૩૧-૧-૨૦૨૨ના દિનથી અભિયાન અઢી મહિના સુધી વણથંભ્યું દોડતું રહ્યું. સમયે સમયે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પોતાનાં પ્રેરણાવચન દ્વારા સૌમાં શક્તિસંચાર કરતા રહ્યા અને તેમણે દરેક શતાબ્દી સેવકનું વૃંદ ૨૦૦ ઘરનો સંપર્ક કરે જ, એવો ધ્યેય લખી આપ્યો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંદેશ સાથે શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરતા નિઃસ્વાર્થભાવે સંપર્ક કરવા જતા શતાબ્દી સેવકોને સદ્‌ભાવીઓ તરફથી અણધાર્યો આવકાર અને પ્રતિસાદ મળવા લાગ્યો. આ શ્વેતાંબરી શતાબ્દી સેવકો તો કેટલાકને ભગવાનના દૂત લાગ્યા, ભગવાને જ તેમને પોતાના ઘરે મોકલ્યા હોય તેવો કેટલાય સદ્‌ભાવીઓને અનુભવ થયો.

પ્રમુખસ્વામી મહારાજે સૌને સુખી કરવા પોતાનું સમગ્ર જીવન હોમી દીધું હતું. તેમનામાંથી પ્રેરણા પામી આ અભિયાનમાં કુલ ૭૨,૮૦૬ પુરુષ-મહિલા શતાબ્દી સેવકોએ ભારતનાં ૧૭ રાજ્યો - કેન્દ્રશાસિત પ્રદેશનાં ૧૦,૦૧૨ જેટલાં શહેર-ગામડાંઓમાં પરિભ્રમણ કરી ૨૪,૦૦,૦૫૨ જેટલાં પરિવારોમાં જઈને ૬૦,૫૭,૬૩૫

પારિવારિક શાંતિ અભિયાન

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી યોજાયેલા આ પારિવારિક શાંતિ અભિયાનમાં ૭૨,૦૦૦ કરતાં વધારે શતાબ્દી સેવકોએ ઘરોઘર ઘૂમીને પરિવારની શાંતિનો સંદેશ આપ્યો તેનો એક વ્યાપક પડઘો પડ્યો. આંકડાકીય માહિતીમાં સમાવી ન શકાય એવો એ વ્યાપક પડઘો લોકહૃદયમાં સદાને માટે અંકિત થઈ ગયો. આમ છતાં, આ અભિયાનની વ્યાપકતાનો પરિચય મળે તે માટે કેટલીક આંકડાકીય માહિતી અહીં પ્રસ્તુત છે.

- **૧૭ રાજ્યોમાં યોજાયું** પારિવારિક શાંતિ અભિયાન
- **૭૨,૮૦૬ પુરુષ-મહિલા** શતાબ્દી સેવકો અભિયાનમાં જોડાયા
- **૧૦,૦૧૨ શહેર-ગામડાંઓમાં** પારિવારિક શાંતિનો સંદેશ પ્રસરાવ્યો
- **૭૨,૦૦,૦૦૦ માનવ કલાકોનું** સેવકો દ્વારા સમયદાન
- **૨૪,૦૦,૦૫૨ પરિવારોનો** અભિયાન અંતર્ગત સંપર્ક કરાયો
- **૪,૨૪,૬૯૬ પરિવારોએ** ઘરસભા કરવાનો સંકલ્પ કર્યો
- **૧૦,૨૮,૫૬૦ પરિવારોએ** સમૂહ આરતી-પ્રાર્થનાનો સંકલ્પ કર્યો
- **૧૯,૩૮,૩૭૫ પરિવારોએ** સમૂહ ભોજનનો સંકલ્પ કર્યો
- **૬૦,૫૭,૬૩૫ વ્યક્તિઓને** પારિવારિક શાંતિની પ્રેરણા આપી






ઘરોઘર પારિવારિક શાંતિનો સંદેશ લઈને ઘૂમતા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના શાંતિદૂત સમા શતાબ્દી સેવકોએ પ્રમુખસ્વામી મહારાજનાં સાત સોનેરી સૂત્રો દ્વારા ઘરોઘર પ્રેરણાની ગંગા વહાવી ત્યારે ઠેર ઠેર સૌને એવું અનુભવાયું કે સ્વયં પ્રમુખસ્વામી મહારાજ એ ઘરે જઈ પહોંચ્યા છે...

વ્યક્તિઓને પારિવારિક શાંતિનો સંદેશ પાઠવ્યો.

પોતાની શારીરિક પીડાને અવગણીને, ધંધા-વ્યવહારની ચિંતાને ફગાવીને, ભૂખ-તરસની વ્યથાને વિસારીને કેવળ સમાજમાં સુખ-શાંતિ પ્રસરાવવા માટે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે આયોજિત 'પારિવારિક શાંતિ અભિયાન'માં નિઃસ્વાર્થભાવે ઉમંગભેર સેવા બજાવનાર તમામ શતાબ્દી સેવકોને શત શત અભિનંદન.

## ઠેર ઠેર યોજાયા અભિવાદન સમારોહ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાયેલા પારિવારિક શાંતિ અભિયાનમાં જોડાયેલા શતાબ્દી સેવકોનું સેવાકાર્ય અપ્રતીમ હતું. આ અભિયાનમાં શતાબ્દી સેવકોએ પોતાના ધંધા-વ્યવસાયને ગૌણ કરી, સમય કાઢી સદ્‌ભાવીઓનો સંપર્ક કર્યો હતો. વળી, કેટલાક શતાબ્દી સેવકોએ તો ગેરસમજથી થતાં અપમાન-તિરસ્કારોને સહન કરીને પણ પોતાનું સેવાકાર્ય બજાવ્યું હતું.

સમાજ ઉત્થાનના આ વિરાટ અભિયાનમાં નિઃસ્વાર્થભાવે સેવામાં જોડાયેલા શતાબ્દી સેવકોનાં સેવા-સમર્પણ-ભક્તિને બિરદાવવા માટે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઠેર ઠેર શતાબ્દી સેવક અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના જુદા જુદા પ્રાંતોમાં આવેલાં શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરો તથા મુખ્ય સત્સંગ કેન્દ્રોમાં સદ્‌ગુરુ સંતો તેમજ વડીલ સંતોના સાંનિધ્યમાં તા. ૨૪-૪-૨૦૨૨ અને તા. ૧-૫-૨૦૨૨ના રોજ અભિવાદન સમારોહ યોજાયા હતા.

બે કલાકના આ અભિવાદન સમારોહનો પ્રારંભ ધૂન-પ્રાર્થના દ્વારા થતો હતો. ત્યારબાદ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પારિવારિક એકતા માટેના ભગીરથ પુરુષાર્થને વીડિયોના માધ્યમ દ્વારા દર્શાવવામાં

આવતો હતો. ત્યારબાદ 'પારિવારિક શાંતિ અભિયાન'ની ડૉક્યુમેન્ટરી દર્શાવવામાં આવતી, જેમાં આ અભિયાનના પ્રારંભથી લઈને પૂર્ણાહુતિ સુધીના વિવિધ આયામોને સુપેરે વર્ણવવામાં આવ્યા હતા.

ત્યારપછીના કાર્યક્રમમાં શતાબ્દી સેવકો તથા સદ્ભાવીઓ આ અભિયાન અંતર્ગત થયેલા પોતાના સુખદ અનુભવોને શ્રોતા સમક્ષ રજૂ કરતા હતા. ત્યારબાદ આ અભિયાન અંતર્ગત થયેલા ફળશ્રુતિની આંકડાકીય માહિતી સ્ક્રીન ઉપર દર્શાવાતી હતી. સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોના માનસપટ પર આ અભિયાનની દિવ્ય અને વ્યાપક અસર આ બધા કાર્યક્રમો દ્વારા થતી. પરિણામે તેઓ શતાબ્દી સેવકોની સેવાની સરાહના મુક્તકંઠે કરતા હતા. ત્યારબાદ વડીલ સંતના પ્રેરણાવચન બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શતાબ્દી સેવકોને પાઠવેલ વીડિયો-આશીર્વાદ પ્રાપ્ત કરી શતાબ્દી સેવકો અને શ્રોતાજનો ધન્ય થયા હતા. કાર્યક્રમના અંતમાં આરતીગાન બાદ સૌ શતાબ્દી સેવકોને મંચસ્થ પૂજ્ય સંતો તથા મહાનુભાવોએ પુષ્પવર્ષા તથા ચાંદલા કરીને તેમજ પ્રસાદ અર્પણ કરીને અભિવાદિત કર્યા હતા. શતાબ્દી સેવકો પણ પોતાના અલ્પ સેવાકાર્ય બદલ થતી આ અભિવાદનવર્ષા ઝીલીને ગદ્ગદિત થઈ ગયા હતા. આવો, બી.એ.પી.એસ.નાં વિવિધ કેન્દ્રોમાં યોજાયેલા અભિવાદન સમારોહનું અલ્પ આચમન માણીએ...

■ **સુરત :** કણાદ ખાતે નિર્માણાધીન મંદિર પરિસરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં શતાબ્દી સેવકોની નિસ્વાર્થ સેવા-ભાવનાને બિરદાવતો અભિવાદન સમારોહ આગવો અને વિશિષ્ટ બની રહ્યો હતો. સુરત શહેર અને ગ્રામ્યમાં આ અભિયાન ખૂબ જ વિરાટપાયે થયું હતું. કાર્યકરોએ કેવાં કેવાં વિઘ્નો અને તકલીફો વચ્ચે સફળતાપૂર્વક પાર પાડ્યું તેની વાત કાર્યકરોએ મંચ પર પરથી રજૂ કરી હતી. સંતોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા સેવકોના વિરાટ કાર્યને મૂલવ્યું હતું.

સેવા-સમર્પણનાં પરિણામો પણ એવાં જ અચરજકારી આવ્યાં હતાં. સુરતના ફેમિલી કોર્ટના જજ શ્રી કૃષ્ણકાંતસિંહ રાઠોડ પ્રમુખસ્વામી મહારાજના પારિવારિક શાંતિનાં સાત સોનેરી સૂત્રો સમજીને ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમણે કહ્યું, 'મારી કોર્ટમાં રોજ કેટલાય કૌટુંબિક ઝઘડાઓ આવે છે. જો આ સાત સૂત્રો પ્રમાણે ખરેખર કોઈ જીવન જીવે તો કોઈ પરિવારમાં કોઈ ઝઘડો રહે જ નહીં.' વળી, તેમણે કાર્યકરોને વિનંતી કરી કે 'જો આપની પાસે આવાં કાર્ડ વધારે હોય તો મને આપો. કોર્ટમાં આવતા દરેક કુટુંબને મારે પ્રમુખસ્વામી મહારાજનો આ પારિવારિક શાંતિનો સંદેશ આપવો છે. જેથી એમના પ્રશ્નોનું સુખદ સમાધાન આવે.'

સમારોહના અંતમાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'એક જણને સત્સંગ કરાવે તો બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય થાય.' તેમનો સંકલ્પ તમે પાર પાડ્યો. સામેથી છાતી કાઢીને, માન-અપમાન સહન કરીને ગયા. આ સામાન્ય વાત નથી. કેટલાં પુણ્ય હશે ત્યારે પારિવારિક શાંતિ અભિયાનમાં જોડાયા છો! 'પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો પ્રવર્તાવવો છે' એવું નક્કી કરીને. આ તમારું ઘડતર થયું છે. તમે આધ્યાત્મિક સ્થિતિમાં આગળ વધ્યા છો. શ્રીજીમહારાજે કહ્યું, 'અપમાન સહન કરવું, એ સાધુ.' તો તમે બધા સાધુ થઈ ગયા! ધોળે લૂગડે સાધુ! ખરેખર તમને બધાને ખૂબ ધન્યવાદ આપવામાં આવે છે. તમે પ્રત્યક્ષ જઈને ઝંપલાવ્યું છે. રણમાં પડ્યા છો. મેદાનમાં ખુલ્લામાં આવી ગયા છો. મહારાજ-સ્વામી અને ગુરુપરંપરા કેટલા રાજી થયા હશે! એવું બળ મનમાં રાખીને મહારાજ-સ્વામીની અને આ આપણા સત્સંગની વાતો ચાલુ રાખજો; ટાઈમ પ્રમાણે! કદાચ રોજ એક એક જણનો સંપર્ક કરો તોય બસ છે. અને એટલુંય ન હોય તો અઠવાડિયે એકવાર. પણ કરજો, ચાલુ રાખજો.''

સ્વામીશ્રીએ સૌને અંતરથી વધાવવાની સાથે આ અભિયાન ચાલુ રાખવાની ખૂબ સુંદર પ્રેરણાઓ આપી હતી. સ્વામીશ્રીને આજે અંતરમાં એટલો બધો ઉમળકો હતો કે આસન પરથી ઊભા થઈને તમામ સેવકોને સ્વામીશ્રીએ પુષ્પહાર અર્પણ કર્યો હતો. સૌ સેવકો સ્વામીશ્રીના અંતરની આ ભાવનાથી ગદ્ગદિત થયા હતા.

■ **અમદાવાદ :** બી.એ.પી.એસ. મંદિર, અમદાવાદ ખાતે શતાબ્દી સેવક અભિવાદન સમારોહ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયો હતો. શતાબ્દી સેવકોની પ્રેરક ગાથા તથા આ અભિયાનની ફળશ્રુતિ જાણીને મુખ્યમંત્રી અભિભૂત થયા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં સૌ શતાબ્દી સેવકોને બિરદાવતાં જણાવ્યું કે, 'પારિવારિક શાંતિ અભિયાન અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો લાખો લોકો સુધી પહોંચાડી શતાબ્દી સેવકોએ સમાજસેવાનું ખૂબ જ સારું કાર્ય કર્યું છે. દરેક કાર્ય અને કાર્ય કરવાની પદ્ધતિ પ્રમુખસ્વામી મહારાજના સંદેશા થકી આપણે સૌ શીખ્યા છીએ. પારિવારિક શાંતિ અભિયાન એ સુખી રાષ્ટ્રના








ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઉદ્યોગમંત્રી શ્રી જગદીશભાઈ સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઠેર ઠેર શતાબ્દી સેવકોના અભિવાદન સમારોહ યોજાયા. અમદાવાદ ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયેલા શતાબ્દી સેવકોના અભિવાદન સમારોહની સ્મૃતિ છબિઓ...

નિર્માણમાં મહત્ત્વનું કદમ પણ છે.

આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે ઘણા લોકોને ભાવના છે કે મારે કંઈક દેશ માટે કરવું છે, પણ આપણે ક્યાં બોર્ડર પર જઈને રક્ષા કરવાના છીએ? પણ અહીંયાં જે બાળકો વ્યસનમુક્તિ માટે નીકળશે અને જેના ઘરેથી પાણી, વીજળી, પેટ્રોલ બચાવવાની શરૂઆત થશે એ બધી જ દેશસેવા છે.

બી.એ.પી.એસ. સંસ્થા જે રીતે કાર્ય કરી રહી છે, તેનું યોગદાન એ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'માં સૌથી મોટું બની રહેવાનું છે. આ શતાબ્દી મહોત્સવમાં મારે પણ એક હરિભક્ત તરીકે તમારી સાથે જોડાવાનું છે. આપણે બધા સાથે મળીને પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી ઊજવીશું. તેમાં જ્યાં જ્યાં સરકારની જરૂર પડશે ત્યાં ત્યાં સરકાર સાથે ઊભી રહેશે.'

આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, 'સમગ્ર વિશ્વમાં કોઈની શતાબ્દીની ઉજવણી થતી હોય અને પારિવારિક શાંતિ માટે લાખો ઘરનો સંપર્ક થયો હોય એવી આ બી.એ.પી.એસ. સંસ્થા પ્રથમ છે. ધર્મ અને સમાજ ઘડતરના આ લીડરો છે અને ખૂબ મોટું કામ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી થયું છે. આ નાની સૂની ઘટના નથી. પરિવારમાં શાંતિ રહે તે માટે ભાવાત્મક શબ્દો આપણા હરિભક્તોના મુખેથી નીકળે તો બીજાનાં ઘર તો સારાં થાય થાય ને થાય, પણ આપણાં પોતાનાં ઘર કેટલાં ઊજળાં થાય છે એની કલ્પના કરવી અઘરી છે! એક વાર હજારો હજારો લોકોનું નીકળવું, ઘરબાર છોડીને નીકળવું, ધંધો-રોજગાર છોડીને નીકળવું, એક વિચાર માટે નીકળવું, એ ખૂબ મોટી તાકાત ઊભી થઈ છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જન્મશતાબ્દીની ઉજવણી વખતે આપણું હાજર

હોવું એ પણ એમના જ આશીર્વાદ છે.'

ઉદ્યોગમંત્રી શ્રી જગદીશભાઈએ કહ્યું, 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ, પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સેવકો દ્વારા લાખો પરિવારોમાં શાંતિનો પ્રયાસ, સારી બાબતોને, સારી વાતોને લોકો સુધી પહોંચાડવાનો જે ભગીરથ પ્રયાસ કર્યો છે તે પ્રશંસનીય છે.'

કાર્યક્રમના અંતમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના પ્રેરણાશિષ બાદ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ અને સંતો-સેવકોએ ઉચ્ચ સ્વરે શતાબ્દી મહોત્સવનો જયઘોષ કર્યો તથા બી.એ.પી.એસ.ની ધજા ફરકાવીને ઉપસ્થિત સૌ શતાબ્દી સેવકોનું અભિવાદન કર્યું હતું.

■ **મહેસાણા :** ઉત્તર ગુજરાતના મુખ્ય મથક મહેસાણા ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા શતાબ્દી સેવકોના અભિવાદન સમારોહમાં ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ અને મહેસાણા ડિસ્ટ્રિક્ટ જજ શ્રી પ્રફુલ્લભાઈ ગોકાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી રજનીભાઈએ જણાવ્યું: 'મહેસાણા શહેરમાં પારિવારિક શાંતિ અભિયાન દ્વારા હજારો પરિવારોને શાંતિનો વિચાર આપીને, કુટંબની અંદર સમસ્યા હોય તો તેનું નિરાકરણ કરવાનું કામ કાર્યકરોના માધ્યમથી થયું છે. આવું ભગવત્કાર્ય કરીએ ત્યારે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ આપણી સાથે હોય જ છે.

સમગ્ર વિશ્વ ફાસ્ટ લાઈફમાંથી પસાર થઈ રહ્યું છે. લોકો દોડી રહ્યા છે પણ આપણે પણ ક્યાં જવું છે એ લગભગ બહુ ઓછાને ખબર હશે. એવા સમયે આ પ્રકારનું અભિયાન સાચા અર્થમાં પરિવારોને એક નવી દિશા આપનારું બની રહેશે. અને આ અભિયાન દ્વારા સમાજને અને રાષ્ટ્રને ખૂબ સારાં પરિણામો મળશે.'

■ **વડોદરા :** અટલાદરા (વડોદરા) ખાતે બી.એ.પી.એસ. મંદિરે શતાબ્દી સેવકોના સેવા-સમર્પણને વધાવવા યોજાયેલા અભિવાદન સમારોહમાં શહેરના મેયર શ્રી કેયૂરભાઈ રોકડિયા તથા ધારાસભ્ય શ્રી જીતુભાઈ સુખડિયા સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ હાજર રહ્યા હતા અને તેમણે શતાબ્દી સેવકોનાં સેવા-કાર્યને મુક્તકંઠે બિરદાવ્યું હતું.

શહેરના મેયર શ્રી કેયૂરભાઈએ કહ્યું, 'કોઈપણ વ્યક્તિની તાકાત એનો પરિવાર છે. એ પરિવારની અંદર સુખ, શાંતિ, સમૃદ્ધિ આવે તો સ્વભાવિક રીતે પરિવાર સુખી થાય. એ પરિવારોમાં શાંતિ લાવવાનું માધ્યમ આપ સર્વે બન્યા છો. આજે સંયુક્ત કુટુંબ તૂટી રહ્યાં છે, એ સમાજની નબળાઈ છે. પરંતુ આપ સૌએ એ નબળાઈને દૂર કરવાનું કામ કર્યું છે એ ખરા અર્થમાં ઈશ્વરીય કામ આપના માધ્યમથી થયું છે. પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો હતો - ભગવાન પર શ્રદ્ધા, માતા-પિતાની સેવા, તેમની આજ્ઞાનું પાલન, પ્રેમ, ભક્તિ, પરિવારની શાંતિ, વ્યસનમુક્તિ. આ દિશામાં બી.એ.પી.એસ. સંસ્થા વર્ષોથી કામ કરી રહી છે. આપ સૌ સેવકોએ અઢી મહિના જેટલું સમયનું દાન આપીને પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો અસંખ્ય પરિવારોમાં પહોંચાડ્યો છે તેનાથી ખરા અર્થમાં એ પરિવાર સુખી થશે, સમૃદ્ધ થશે.'

ધારાસભ્ય શ્રી જીતુભાઈએ કહ્યું, 'તમે બધા કોઈ જ્ઞાતિભેદ કે વર્ગભેદ વગર પરિવારોના આંગણે જઈને ઊભા રહ્યા, હિન્દુ સંસ્કૃતિને પુનઃ જાગ્રત કરવા માટે નિષ્ઠા અને ભક્તિથી ઘર ઘરની મુલાકાત લીધી, સમાજના વિકાસ માટે, સંસ્કૃતિને સાચવવા માટે તમે જે કાર્ય કર્યું છે તેનો જોટો જડે એવો નથી. હિન્દુ સંસ્કારના સિંચનની કામગીરી માટે, પરિવારોના એકત્રીકરણની કામગીરી માટે તમે જે સમય આપ્યો છે તે બદલ વંદન કરું છું.'

■ **રાજકોટ :** રાજકોટ બી.એ.પી.એસ. મંદિરમાં સદ્‌ગુરુવર્ય પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની પાવન ઉપસ્થિતિમાં શતાબ્દી સેવકોની સેવાને બિરદાવતો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, કલેક્ટર શ્રી મહેશબાબુ, મેયર શ્રી પ્રદીપભાઈ ડવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે શતાબ્દી સેવકોનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું.

સેવકોને સન્માનતાં મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું, 'તમે લોકોએ ઘરે ઘરે જઈને લોકોને સમજાવી અને એ વ્યક્તિ વ્યસનમાંથી મુક્ત થાય, એના પરિવારમાં શાંતિ સ્થપાય એ માટેનો સંપૂર્ણ પ્રયાસ કર્યો છે. અને પ્રમુખસ્વામી મહારાજનો, મહંત સ્વામી મહારાજનો જીવન જીવવા માટેનો સંદેશો આપ્યો છે ત્યારે મને લાગે છે કે તેમના આશીર્વાદથી આ કાર્યમાં ચોક્કસ સફળ થઈશું. આપણે આ દેશ માટે આ એક મહાન કાર્ય આપે કર્યું છે!'

ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈએ કહ્યું, 'બી.એ.પી.એસ. સંસ્થા વર્ષોથી સમાજ સુધારણા માટે, સમાજની બદીઓ દૂર કરવા માટે ઘરે ઘરે જઈને કાર્ય કરી રહી છે. અત્યારે જે અભિયાન હાથ ધર્યું છે તેનાથી આખા ગુજરાતમાં ક્રાંતિ આવશે, ફાયદો થશે. સમાજને, દેશને અને ખાસ તો નવયુવાનનો સાચી દિશા મળશે. પ્રમુખસ્વામીજીના સંદેશ










આણંદ, રાજકોટ, અમરેલી જેવાં વિવિધ શહેરો અને નગરોથી લઈને નાનાં-નાનાં સત્સંગ કેન્દ્રોમાં યોજાયેલા અભિવાદન સમારોહમાં મહાનુભાવોએ હૃદયથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આ પારિવારિક શાંતિ અભિયાનને વધાવ્યું અને આ અભિયાનને રાષ્ટ્રસેવાનું મહાન પગલું ગણાવ્યું...

માટે આપ આ અભિયાનમાં જોડાણા છો તેનાથી સમાજ તંદુરસ્ત બનશે અને કુટુંબમાં એકતા રહેશે.'

કલેક્ટર શ્રી મહેશબાબુએ કહ્યું, 'આટલી મોટી સંખ્યામાં આપ સર્વે પારિવારિક શાંતિ અને વ્યસનમુક્તિ ઝુંબેશમાં જોડાયા છો એ અભિનંદનીય છે. એક વ્યક્તિએ લગભગ ૨૦૦ ઘરમાં જઈને વ્યસનમુક્તિ બાબતમાં, વૃક્ષજતન કરવા બાબતમાં, એન્વાયર્નમેન્ટ કન્ઝર્વેશન બાબતમાં સમજાવ્યું છે, એ બહુ સ્ટ્રોંગ મેસેજ જઈ રહ્યો છે. પારિવારિક શાંતિ અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન અને પ્રકૃતિ સંવર્ધનના જતન માટે બાળકો અને વડીલોએ આ ઝુંબેશ હાથ ધરી છે એ બદલ આપ તમામને શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.'

■ **ભાવનગર :** ભાવનગર મંદિર ખાતે યોજાયેલા સમારોહમાં કલેક્ટર શ્રી યોગેશભાઈ નિરગુડા, મેયર શ્રીમતી કીર્તિબેન દાણીધારિયા તથા ભાજપના અગ્રણી શ્રીમતી વૈભવીબહેન દવે, દિવ્ય ભાસ્કરના તંત્રી શ્રી તારકભાઈ શાહે હાજર રહી શતાબ્દી સેવકોએ કરેલી સેવાની પ્રશંસનીય નોંધ લીધી હતી.

આ અવસરે કલેક્ટર શ્રી યોગેશભાઈએ કહ્યું, 'સેવકોએ ઘરોમાં જઈને પારિવારિક શાંતિ માટેના સંદેશ આપ્યા છે એ બહુ મોટી બાબત છે. આપણા પરિવારની શાંતિ માટે આપણે પ્રયત્ન કરતા હોઈએ છીએ, પરંતુ બીજાના ઘરમાં પણ શાંતિ રહે જેના થકી ધીમેધીમે આખા વિશ્વમાં શાંતિ પ્રસ્થાપિત થાય એ સૌથી મોટો સંદેશ છે.'

તંત્રી શ્રી તારકભાઈએ કહ્યું, 'વ્યસનમુક્તિ અને પરિવારમાં અશાંતિ એ આજના સમાજની મુખ્ય સમસ્યા છે. બી.એ.પી.એસ. સેવકોએ પોતાના કોઈ સ્વાર્થ માટે નહિ પણ સમાજના ભલા માટે ઘરોનો સંપર્ક કરી શાંતિનો સંદેશો પ્રસરાવ્યો. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા તમે કરેલું

સમાજલક્ષી જાગૃતિનું કાર્ય એ ઘણું ઉમદા બની રહેશે.'

■ **આણંદ :** આણંદ શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના શતાબ્દી સેવકોનો સન્માન સમારોહ આણંદ ખાતે અક્ષરફાર્મમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ગુજરાત રાજ્યના વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઈ પટેલ, ખંભાતના ધારાસભ્ય શ્રી મયૂરભાઈ રાવલ, સાંસદ શ્રી વિપુલભાઈ પટેલ, પૂર્વ સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી ભીખુભાઈ પટેલ - ચૅરમૅન શ્રી ચારુતર વિદ્યામંડળ સહિત અનેક રાજકીય, સામાજિક મહાનુભાવો-અગ્રણીઓએ હાજર રહી પારિવારિક શાંતિ અભિયાનને સમાજની અજોડ સેવા ગણાવી શતાબ્દી સેવકોની એ સેવાને બિરદાવી હતી.

સમારોહના મંચ પરથી પંકજભાઈએ જણાવ્યું: 'પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે શહેર અને જિલ્લામાં ખૂબ મોટી સંખ્યામાં સેવકોએ પારિવારિક શાંતિ અભિયાન દ્વારા સમાજની સેવા કરી છે. અનેક પરિવારોને તેનાથી લાભ થયો છે. આપણા પારિવારિક પ્રશ્નો ઉકેલ્યા અને નિ:સ્વાર્થભાવે પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો ઘરે ઘરે પહોંચાડ્યો છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ હજુ આપણી વચ્ચે જ છે. એ આપણાથી દૂર થયા જ નથી. તેમણે પોતાના સમયકાળ દરમ્યાન અદ્‌ભુત કાર્ય કર્યું છે. ઘરે ઘરે વિચરણ કરીને અનેક લોકોના પ્રશ્નો ઉકેલ્યા છે. અનેક લોકોને વ્યસન-કુટેવ છોડાવી સુખી કર્યા છે. અને સાથે સાથે દેશ-વિદેશમાં પશ્ચિમી સંસ્કૃતિની વિકૃતિઓ તરફ નવી પેઢી ન વળે અને હિન્દુ સંસ્કૃતિ સાથે જોડાયેલા રહી તે માટે બી.એ.પી.એસ.નાં મંદિરો રચી સત્સંગ દ્વારા યુવાપેઢીને હિન્દુ સંસ્કૃતિનું જ્ઞાન આપ્યું છે.'

■ **જામનગર :** જામનગર બી.એ.પી.એસ. મંદિર ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં જાણીતા ટી.વી. કલાકાર અને સંસ્થાના સત્સંગીબંધુ શ્રી દિલીપભાઈ જોષી તેમજ શહેર ભાજપના અધ્યક્ષ શ્રી વિમલભાઈ કરગથરા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વિમલભાઈએ શતાબ્દી સેવકોની વિરલ સેવાભાવનાને બિરદાવતાં કહ્યું, 'પારિવારિક શાંતિ અભિયાનમાં સેવકોએ ખૂબ ઝીણવટ ભર્યું, ચોક્કસાઈ ભર્યું ભગીરથ કાર્ય કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજ ભલે સદેહે આપણી સાથે નથી, પણ એમનો સંદેશો આપણી સાથે છે અને એ સંદેશાના આપણે વાહક બનીએ. સ્વામીજીનાં સાત સૂત્રોમાંથી કોઈ એક સૂત્રનો પણ જો લોકો અમલ કરે તો તેનું આખું જીવન બદલાઈ જાય. ૨૪ કલાકમાંથી ૧ કલાક સમગ્ર પરિવાર સાથે બેસીને સત્સંગ કરે તો પણ ઘણી બધી સમસ્યાઓનું નિર્મૂલન થઈ જાય. કારણ કે જે કાંઈ ઘટે છે તે સંવાદ ઘટે છે. પરિવારમાં ઘરસભા દ્વારા એકબીજા સાથે સંવાદ થાય તો ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થઈ જાય.'

■ **અમરેલી :** અમરેલી શહેરમાં પ્રમુખ વાટિકા ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં શતાબ્દી સેવકોને વધાવવા કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સહકારી અગ્રણી અને ઈફ્કોના ચૅરમૅન શ્રી દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચૅરમૅન શ્રી અશ્વિનભાઈ સાવલિયા વગેરે મહાનુભાવોએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ શતાબ્દી સેવકોની સેવાભાવનાને બિરદાવતાં કહ્યું, 'વર્તમાન સમયમાં આપણા સમાજ માટેનો સૌથી ઉત્તમ નિર્ણય વ્યસનમુક્તિ અને પારિવારિક શાંતિ પ્રસરાવવા માટેનો છે. પૂજ્ય પ્રમુખસ્વામી બાપાનાં અનેક અણમોલ શબ્દો અને અનેક વચનો એવા છે જેનો પ્રસાર કરી શકાય. બીજાના ભલામાં આપણું ભલું. બીજાના સુખમાં આપણું સુખ. આ મંત્ર દ્વારા પ્રમુખસ્વામી બાપાએ કાર્ય કર્યું છે. આ પ્રકારનો સંદેશો લઈને સેવકો ઘરોઘર ગયા. આ સંસ્કૃતિના સંદેશાઓને સમાજમાં પહોંચાડવા માટે શરૂઆતના દિવસોમાં શ્રીજીમહારાજના સંતોએ કાર્ય કર્યું છે. અનેક અગવડોની વચ્ચે ધીરજપૂર્વક સંદેશાઓ પ્રસરાવતા રહ્યા. પરિણામે આજે આટલું મોટું વટવૃક્ષ બન્યું છે. લાખો પરિવારોની અંદર આ સંદેશો પહોંચાડી શક્યા. વર્તમાન સમયની અત્યંત આવશ્યક બાબત પરિવારની એકતાને ટકાવી રાખવી એ છે. આ માટેનો પ્રયાસ કર્યો એ એક ભગીરથ કાર્ય છે. પૂજ્ય પ્રમુખસ્વામી બાપાએ આ સંદેશો આપ્યો એ એકવીસમી સદીનો સર્વશ્રેષ્ઠ સંદેશો બની રહેશે.'

■ **લીંબડી :** લીંબડી મંદિર ખાતે આયોજિત સમારોહમાં રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે શતાબ્દી સેવકોની સેવાને બિરદાવતાં કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજનો પારિવારિક શાંતિનો સંદેશો આપ સૌએ લીમડી તાલુકાનાં ગામોમાં સંપર્ક કરી પહોંચાડ્યો છે, આ કોઈ નાનું કાર્ય નથી. ગામડામાં શાંતિ મળે, કુટુંબ ભાવના જળવાય તો જ આપણો ધર્મ જળવાય. આજે ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કાર આપવા, કુટુંબ ભાવનાઓ જાળવવી, નાના-મોટા ઝઘડાઓ ન થાય, ભાઈ-ભાઈ નથી બોલતા, દીકરો ને બાપુજી ન બોલતા હોય એવા ઘણા પ્રસંગો બને છે ત્યારે

આપ સૌએ આ ગજગ્રાહને દૂર કરવા માટેનું ભગીરથ કાર્ય કર્યું છે.'

■ **ભુજ:** ભુજ મંદિર ખાતે યોજવામાં આવેલા સન્માન સમારોહમાં ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદે, પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી તથા ડી.વાય.એસ.પી. શ્રી જે.એન. પંચાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે શતાબ્દી સેવકોની સેવાઓને બિરદાવી હતી.

■ **બોચાસણ:** બોચાસણ મંદિર ખાતે ખંભાત અને તારાપુર તાલુકા વિસ્તારના શતાબ્દી સેવકોનો અભિવાદન સમારોહ સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામીના સાંનિધ્યમાં યોજાયો હતો. આ સમારોહમાં સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે હાજર રહી શતાબ્દી સેવકો પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યુંઃ 'ધાર્મિક અનુષ્ઠાન સાથે સામાજિક સેવાકાર્યોની ફોરમ રેલાવતી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સેવકોએ પ્રમુખસ્વામી મહારાજનો શાંતિનો સંદેશ લોકોના ઘરે ઘરે પહોંચાડ્યો છે. આજના યુગમાં પારિવારિક શાંતિ લાવવાનું આ મહત્ત્વનું કદમ છે. કુટુંબમાં એકતા લાવવા માટે પ્રત્યેક ઘરના સંપર્ક દરમ્યાન સેવકોએ પ્રમુખસ્વામી મહારાજે આપેલાં ત્રણ આયોજનો ઘરસભા, સમૂહભોજન અને સમૂહ આરતી-પ્રાર્થનાઓ અંગે પ્રેરણાઓ આપી તે ખરેખર ઘરમાં સુખ-શાંતિ લાવશે.'

■ **સાંકરી:** સાંકરીના બી.એ.પી.એસ. મંદિર ખાતે યોજાયેલા શતાબ્દી સેવક સન્માન સમારોહમાં બારડોલીના ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમાર, મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ધોડિયા, ડિસ્ટ્રિક્ટ બેંક ચૅરમૅન શ્રી નરેશભાઈ પટેલ તથા સુરત જિલ્લાના પંચાયત પ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ હાજર રહીને શતાબ્દી સેવકોની સેવાને બિરદાવી હતી.

સેવકોની સેવાને બિરદાવતાં ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમારે કહ્યું, 'વિશ્વમાં કોરોનાની મહામારી આવી તેના કારણે પારિવારિક શાંતિ અભિયાનમાં વિઘ્ન આવ્યું. તેમ છતાં શતાબ્દી સેવકોએ એક થઈને લાખો પરિવારમાં જઈને શાંતિની પ્રેરણા આપી. શાંતિ ક્યાંય વેચાતી મેળવી શકાતી નથી. એ શાંતિ જ્યારે બી.એ.પી.એસ. સંસ્થાના તરફથી મળતી હોય તો એ આપણું પરમ ભાગ્ય જ કહેવાય! આવી જ રીતે ઘરની સભાઓનો સંકલ્પ પણ કરવામાં આવ્યો. ઘરસભાથી પ્રેમ, લાગણીનો ઉમેરો થાય છે, ભાઈચારાની ભાવના જાગે છે, સમરસતાની ભાવના જાગે છે.'

ધારાસભ્ય શ્રી મોહનભાઈએ કહ્યું, 'પરમ પૂજ્ય સ્વામીબાપાએ આદિવાસી વિસ્તારની અંદર ભગીરથ કાર્ય કર્યું છે. તેના લીધે આદિવાસી વિસ્તારનાં ગામડાંમાં ઘણા લોકો વ્યસનમુક્ત બની આજે ખૂબ સરસ જીવન જીવે છે. સ્વામીબાપાનો શાંતિનો વિચાર દર્શાવવા સેવકોએ ભગીરથ કાર્ય કર્યું છે એ બધાને ખૂબ ખૂબ અભિનંદન.'

શ્રી નરેશભાઈએ કહ્યું, 'પારિવારિક શાંતિ અભિયાન અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજના વિચારો ગામડાં સુધી પહોંચાડવાનું કાર્ય સેવકોએ કર્યું એ ખૂબ પ્રશંસનીય છે. એક મોટા પરિવારમાં સારી રીતે માણસને જીવન જીવવા માટે ઘરમાં શાંતિની જરૂર હોય છે. અને એ શાંતિનો સંદેશો પહોંચાડવાનું કામ સેવકોએ કર્યું છે. પ્રમુખસ્વામીજીના વિચારોને ઘર ઘર સુધી પહોંચાડવાનું આપ સૌને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સ્વામીજીના વિચારો થકી વ્યસનમુક્તિ, ઘરમાં લડાઈ, ઝઘડો, કંકાસ ચાલતો હોય તે શમી જાય અને પરિવાર એકજૂથ બનીને જીવે. ઘરમાં બધી વ્યક્તિઓ સાથે મળીને, સંપીને કામ કરે તો ઘર, પરિવાર, સમાજ એક બને અને આવનારા દિવસોની અંદર ભારત વિકાસશીલ દેશ બનવા તરફ હરણફાળ ભરી રહ્યો છે ત્યારે આ અભિયાનનું તેમાં મોટું યોગદાન બની રહેશે.'

શ્રી ભાવેશભાઈએ કહ્યું, 'પારિવારિક શાંતિ અભિયાનમાં જોડાઈને સ્વયંસેવકોએ ગામોની અંદર જઈને ઘરે ઘરે શાંતિ માટેના પ્રમુખસ્વામી મહારાજનાં વિચારો અને મંતવ્યો રોપ્યાં. એટલે આ સ્વયંસેવકોએ કુટુંબનું ઘડતર કરવાની સાથે રાષ્ટ્ર ઘડતરનું ઉમદા કામ કર્યું છે. લોકોને વ્યસનમાંથી મુક્તિ મળે એ માટેનો પ્રમુખસ્વામી મહારાજનો સંદેશ પહોંચ્યો છે. પહેલાં આદિવાસી ભાઈઓ ધર્મપરિવર્તન કરતા હતા, તેમનામાં હિન્દુત્વની જાગૃતિ ઊભી કરી, હિન્દુ સંસ્કૃતિને સાચવવાનું કામ બી.એ.પી.એસ. સંસ્થાએ અહીં મંદિરો બાંધી કર્યું છે. રાષ્ટ્રનિર્માણનાં આવાં કાર્યો બી.એ.પી.એસ. સંસ્થા વતી થતાં રહે એ અભ્યર્થના.'

■ **કલોલ:** કલોલના બી.એ.પી.એસ. મંદિર ખાતે આયોજિત સમારોહમાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, કલોલ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઉર્વશીબહેન પટેલ તેમજ અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી શતાબ્દી સેવકોનાં સેવા-સમર્પણને બિરદાવ્યાં હતાં.

આ અવસરે શ્રી નીતિનભાઈએ જણાવ્યું, 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની હંમેશાં લાગણી હતી કે દરેક પરિવાર ધર્મમય, શાંતિમય, સુખમય અને એકતામય જીવન જીવે. ગરીબ હોય કે મધ્યમવર્ગ, ખેડૂત હોય કે વેપારી, ઉદ્યોગપતિ હોય કે નોકરિયાત. જો આ પરિવાર સુખી, સંસ્કારી, વિવેકી અને ધર્મનિષ્ઠ બને તો આપોઆપ

આપણું ગુજરાત અને ભારત દેશ ધર્મમય બની જાય. આવા દીર્ઘદૃષ્ટિભર્યા આયોજનથી અને પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી શતાબ્દી સેવકોએ દરેક પરિવારને મળી તેમને ધર્મમય, સુખ-શાંતિમય જીવન જીવવાની પ્રેરણા આપી છે, વ્યસનમુક્તિ વગેરે બાબતોનું માર્ગદર્શન આપ્યું છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. તમે બધાએ સ્વયંસેવક તરીકે, ભક્ત તરીકે શ્રદ્ધાપૂર્વક પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો સંદેશ લાખો ઘરોમાં પહોંચાડ્યો છે, જે લોકોના હૃદયમાં આવી જાય એવો છે.'

■ **ગાંધીધામ :** ગાંધીધામના બી.એ.પી.એસ. મંદિર ખાતે યોજવામાં આવેલા સન્માન સમારોહમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભરતસિંહ જાડેજા, DRUCC પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના મેમ્બર શ્રી મનજીભાઈ આહીર, કચ્છ જિલ્લા પંચાયતમાં વિરોધપક્ષના નેતા શ્રી વી. કે. હુમ્બલ તથા ગુજરાત વિધાનસભાના સ્પીકર શ્રીમતી ડૉ. નિમાબહેન આચાર્ય ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમારોહમાં શતાબ્દી સેવકોને તેમની સેવા બદલ મહાનુભાવોએ બિરદાવ્યા હતા.

આ પ્રસંગે શ્રી મનજીભાઈએ જણાવ્યું: 'દુનિયાની સૌથી મોટી સમસ્યા પારિવારિક અશાંતિ છે. પ્રમુખસ્વામી મહારાજની જન્મશતાબ્દીએ આ પારિવારિક શાંતિ અભિયાનનું કાર્ય થઈ રહ્યું છે એ મોટું પુણ્યનું કામ છે. આનાથી ઘણા બધા ફાયદાઓ સમાજજીવનમાં થશે.

ભારત દુનિયાની મહાસત્તા બનશે એમાં પ્રમુખસ્વામી મહારાજનું અગ્ર હરોળમાં નામ લેવામાં આવશે. ભારતની જે સનાતન પરંપરાની સંસ્કૃતિ છે, એનો વ્યાપ આજે દુનિયામાં વધી રહ્યો છે, તેના પ્રચાર-પ્રસારનું મોટું કામ બી.એ.પી.એસ.ના માધ્યમથી આખા વિશ્વમાં થઈ રહ્યું છે.

આ અભિયાનમાં ઘણા બધા સ્વયંસેવકો કોળીવાસ, દલિતવાસમાં ગયા. અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા જે કામ કરી રહી છે, એમના કાર્યકરોમાં જે ધગશ છે, એ સમાજના અંતિમ વ્યક્તિને સમાજના મુખ્ય પ્રવાહમાં લઈ આવવાની છે, એ હૃદયને સ્પર્શે એવી વાત છે.'

શ્રી વી. કે. હુમ્બલે જણાવ્યું: 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિશ્વને શાંતિનો સંદેશ આપ્યો છે. દરેકને નાના-મોટા પ્રશ્નો હોય છે અને આ પ્રશ્નોનું સમાધાન આવા સંતોના સાંનિધ્યથી મળી શકે છે. પ્રમુખસ્વામીજી ધર્મની સાથે સાથે એક મહાન ક્રાંતિકારી સંત હતા. કારણ કે એમણે વ્યસનમુક્તિ અને શિક્ષણ માટેની જ્યોત જગાવી છે, એ ભારતનું ભવિષ્ય નક્કી કરે છે. કુદરતી આપદાઓમાં પણ હમેશાં તેઓએ આગળ આવીને કાર્યો કર્યાં છે, તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે પ્રમુખસ્વામીજીએ લોકોની વચ્ચે રહીને કચ્છને બેઠું કરવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. ઘણાં બધાં ગામો પણ એમણે પુનઃનિર્માણ કર્યાં છે. આવા દિવ્ય આત્માનાં જે કાર્યો છે, આપણે તેને આગળ વધારીએ.'

■ **નખત્રાણા :** શતાબ્દી સેવકોના સેવા-સમર્પણને વધાવવા યોજાયેલા અભિવાદન સમારોહમાં નાયબ કલેક્ટર અને સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ શ્રી મેહુલભાઈ બરાસરા, મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી બી. જે. દરજી ઉપરાંત વિવિધ સમાજોના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સેવકોના ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું.

■ **પૂણે (મહારાષ્ટ્ર) :** પૂણે મંદિર ખાતે યોજાયેલ સમારોહમાં શતાબ્દી સેવકોને તેમનાં સેવા-સમર્પણ માટે અગ્રણી મહાનુભાવ શ્રી રાજેશભાઈ પાંડે(જનરલ સેક્રેટરીશ્રી મહાનગર પાલિકા) તથા ઈસ્કોનના નાયબ પ્રમુખ શ્રી સંજયભાઈએ હૃદયપૂર્વક બિરદાવ્યા હતા.

શ્રી રાજેભાઈએ જણાવ્યું: 'विश्व में शांति के लिए लोग तड़प रहे हैं और हमारे देश में बी.ए.पी.एस. स्वामिनारायण जैसी संस्था है। संस्था के सारे स्वयंसेवक, सारे कार्यकर्ता घर घर जाके परिवार की शांति की बात कर रहे हैं। यही हमारे देश की संस्कृति है, यही हमारे देश के संस्कार है और इसलिए मुझे लगता है कि हमारा देश विश्व में एक अलग देश है। स्वयंसेवकों ने घर जाके काम किया है, लाखों परिवारों में यह संस्कार पहुँचा है। बहुत बड़ा काम आप सबने किया है। आप सबको मैं नमन करता हूँ। प्रमुखस्वामीजी के चरणों में वंदन करता हूँ, स्वामिनारायण भगवान के चरणों में वंदन करता हूँ।'

આ ઉપરાંત અન્ય શહેર અને ગ્રામ્ય કેન્દ્રો જેવાં કે સારંગપુર, ગઢડા, સુરેન્દ્રનગર, ભાદરા, ધારી, જૂનાગઢ, પોરબંદર, વેરાવળ, ધોળકા, ભરૂચ, જેતપુર, કડી, ગોઝારિયા, પાલનપુર, સિદ્ધપુર, દાહોદ, સરભાણ, રાજપારડી, ભાંડુત, વ્યારા, લોટરવા, નવસારી, સેલવાસ, ઉકાઈ, મુંબઈ, ચૈન્નઈ ખાતે પણ શતાબ્દી સેવક અભિવાદન સમારોહ યોજાયા હતા, જેમાં સ્થાનિક મહાનુભાવો સહિત સૌએ શતાબ્દી સેવકોનાં સેવા-સમર્પણને અંતરથી વધાવ્યાં હતાં.

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે યોજાયેલું આ પારિવારિક શાંતિ અભિયાન એક રાષ્ટ્રીય ચેતના જગાવનારું વિરલ અને વિશિષ્ટ તેમજ અદ્વિતીય અભિયાન બની રહ્યું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એક વિશિષ્ટ અંજલિ બની રહી. ◆

# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક યોજાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અવિરત ચાલતી આધ્યાત્મિક સત્સંગ પ્રવૃત્તિઓના પ્રતાપે ઠેર ઠેર નૂતન મંદિરોની શૃંખલા રચાઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના દિવ્ય આશીર્વાદ સાથે ઠેર ઠેર હરિભક્તોના નિષ્ઠાપૂર્ણ સમર્પણથી આ નવનિર્મિત મંદિરોની ગૌરવધજાઓ ફરકી રહી છે. તાજેતરમાં ૧૫ ગામો-નગરોમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાઈ ગયા. એ પૈકી કેટલાંક મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવોની ઝલક આ અંકમાં પ્રસ્તુત છે. અન્યની માહિતી આગામી અંકે માણીશું...

## બાજીપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ખંભાત તાલુકાના બાજીપુરા ગામે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૪-૨-૨૦૨૨ના રોજ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

સન ૨૦૧૬માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ ગામમાં પધાર્યા ત્યારે અહીં સત્સંગ પ્રવૃત્તિને વિશેષ વેગ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ સત્સંગની સવિશેષ વૃદ્ધિ થવા લાગી. ગામમાં સંયુક્ત સત્સંગ મંડળ, મહિલા-બાલિકા સત્સંગ મંડળોનો શુભારંભ થયો. મંદિરની આવશ્યક્તા જણાતાં શ્રી ખુમાનભાઈ ગબડભાઈ મકવાણાએ પોતાની ભૂમિ મંદિરનિર્માણ માટે અર્પણ કરી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણ ખાતે મંદિરની શિલાઓનું પૂજન કર્યું. અને થોડા જ સમયમાં સૌના ભક્તિમય પુરુષાર્થથી નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું. અને મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૩-૨-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૧૫૦ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠા થનાર મૂર્તિની શોભાયાત્રા બાજીપુરા ગામમાં વિહરી ત્યારે ગામલોકો તથા આજુબાજુનાં ગામોના ભક્તો દર્શન માટે ઉમટ્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ બોચાસણ ખાતે વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૪-૨-૨૦૨૨ના રોજ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલી

પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચનમાં ગામની સુખાકારી માટે શુભભાવના વ્યક્ત કરીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

### ચંદનપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ચરોતર પ્રાંતના ચંદનપુરા ગામમાં સત્સંગનો ઉદય તો ઘણાં વર્ષોથી થયો હતો, પરંતુ મંદિરની આવશ્યકતા ઊભી થતાં સ્થાનિક હરિભક્ત શ્રી વિનુભાઈ ભૂપતસિંહે મંદિર માટે પોતાની ભૂમિ અર્પણ કરી અને એ ભૂમિ પર ભક્તોના સહિયારા પ્રયાસથી મંદિર નિર્માણનો આરંભ થયો. થોડા જ સમયમાં સુંદર મંદિર નિર્માણ પામ્યું. મંદિર પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૨૦-૨-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો, જેમાં ૩૦૦ કરતાં વધુ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. સંધ્યા સમયે મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ બોચાસણ ખાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૧-૨-૨૦૨૨ના દિને પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી વગેરે સંતોના હસ્તે ચંદનપુરા ખાતે સંપન્ન થયો હતો. આ અવસરે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી, પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી વગેરે સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપી સૌને મંદિરનો પૂર્ણ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આમ, અહીં વિચરણ કરતા સંતો અને કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો.

### ગણેશપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મહીસાગરના કાંઠે વસેલું પ્રાસાદિક બદલપુર ગામ અને તેનો પરાવિસ્તાર એટલે ગણેશપુરા. અહીંના હરિભક્ત શ્રી ભગવાનસિંહે અર્પણ કરેલી ભૂમિ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સંસ્કારધામનું નિર્માણ થયું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ બોચાસણ ખાતે આ મંદિરની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી તથા પૂજ્ય ભગવતચરણદાસ સ્વામીના હસ્તે તા. ૨૩-૧૨-૨૦૨૧ના રોજ આ સંસ્કારધામમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ સંપન્ન થયો હતો.





ચંદનપુરા (જમણે) અને ખડોધી (ડાબે) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં રત વરિષ્ઠ સંતો...

### ખડોધી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં પુનિત ચરણોથી પુણ્યવંત બનેલું ગામ એટલે ખડોધી. ગુણાતીત ગુરુવર્યોએ અહીં અનેકવાર પધારીને આ ભૂમિને પાવન કરી છે. ખડોધીના ભક્તો શ્રી ફકીરભાઈ રામસિંહ પરમાર, ભૂપતસિંહ રાઈસિંહ પરમાર, ફુલાભાઈ ડાભાઈ ગરાસિયા તથા ફતેસિંહ ગરાસિયાના ભક્તિમય પુરુષાર્થથી અહીંયાં સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતી રહી અને અહીં મંદિરની જરૂરિયાત જણાતાં ભૂમિ સંપાદિત કરવામાં આવી. બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદહસ્તે મંદિરની શિલાઓનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી થોડા જ સમયમાં નૂતન મંદિરનું નિર્માણ થઈ ગયું. અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

ખડોધી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઉપક્રમે તા. ૧૫-૨-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો. આ પ્રસંગે ૩૦૦ કરતાં વધુ યજમાનોએ યજ્ઞનારાયણને



કઠાણા ગામના પરાવિસ્તાર વૃંદાવન ગામે પ્રતિષ્ઠા ઉત્સવ...

આહુતિ અર્પણ કરી હતી. સંધ્યા સમયે ખડોધી ગામના પરાવિસ્તારોમાં મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની શોભાયાત્રાને ગ્રામજનોએ વધાવી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણ ખાતે તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૬-૨-૨૦૨૨ના રોજ પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી અને પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો.

આ અવસરે પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી, પૂજ્ય ભગવતચરણદાસ સ્વામી, પૂજ્ય ગુણનિધિદાસ સ્વામી, પૂજ્ય સર્વમંગલદાસ સ્વામી વગેરે સંતોએ પ્રેરક ઉદ્‌બોધન કરીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

આમ, અહીંયાં વિચરણ કરતા સંતોના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોની સેવાથી સમગ્ર ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

## રાવપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બદલપુરનું રાવપુરા ગુણાતીત ગુરુવર્યોની પદરજથી પાવન થયેલું એક રળિયામણું ગામ છે. રાવપુરામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્કારધામના નિર્માણ માટે ભૂમિ સંપાદિત કરવામાં આવી. એ ભૂમિ પર મંદિરનું નિર્માણ થયું. તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનાવિધિ તા. ૨૪-૨-૨૦૨૨ના રોજ પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો.

## વૃંદાવન ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોરસદ તાલુકાના કઠાણા ગામના પરા વિસ્તારમાં આવેલું વૃંદાવન ગામ, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પદરજથી પાવન થયેલું ગામ. ગુણાતીત ગુરુઓના વિચરણથી અહીં સત્સંગની અભિવૃદ્ધિ વિશેષ થતી રહી. સત્સંગની અભિવૃદ્ધિ થતાં શ્રી નવલસિંહ તથા શ્રી ભારતસિંહ બંને ભાઈઓએ મંદિર માટે જમીન અર્પણ કરી. પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણ ખાતે શિલાન્યાસ ઈંટોનું પૂજન કરી ખાતવિધિ સંપન્ન કર્યો. થોડા જ સમયમાં મંદિરનું નિર્માણ થઈ ગયું. અને મંદિરનો પ્રતિષ્ઠાવિધિ પણ આવી પહોંચ્યો. મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૧૯-૧-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં ૨૦૦ યજમાનોએ સંમિલિત થઈ યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. સંધ્યા સમયે મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૦-૧-૨૦૨૨ના રોજ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી તથા વેદજ્ઞદાસ સ્વામીના હસ્તે વૃંદાવન ખાતે સંપન્ન થયો હતો.

## નવાખલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

આંકલાવ તાલુકાના નવાખલ ગામે બદલપુરના સત્સંગી બંધુ શ્રી ગણપતસિંહ શિક્ષક તરીકે ફરજ બજાવવા આવ્યા અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેમણે અહીં સત્સંગનું કાર્ય આરંભ્યું. ધીમે ધીમે અહીં સત્સંગની અભિવૃદ્ધિ થતાં નાનું હરિમંદિર રચવામાં આવ્યું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવી. મંદિરનું નિર્માણ થતાં સત્સંગ વિશેષ વધ્યો તેથી વિશાળ મંદિરની આવશ્યકતા જણાઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞા લઈને આ જ મંદિરની બાજુમાં જ વિશાળ મંદિર રચવામાં આવ્યું. તેનો પ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો.

પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૨૨-૩-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો. સંધ્યા સમયે મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી.

ત્યારબાદ તા. ૨૬-૧૧-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણ ખાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ તા. ૨૩-૩-૨૦૨૨ના રોજ ભક્તવત્સલદાસ સ્વામી તથા સંતોના હસ્તે મંદિરમાં સ્થાપિત કરવામાં આવી હતી.

આમ, બોચાસણ ક્ષેત્રમાં વિચરણ કરતા પૂજ્ય દિવ્યમંગલદાસ સ્વામી તથા નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ કાર્યકરોની સેવાથી આ તમામ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. ◆

# સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ખાતે યોજાયેલી પ્રથમ ઐતિહાસિક આંતરધર્મ પરિષદમાં બી.એ.પી.એસ.નું પ્રતિનિધિત્વ





તાજેતરમાં તા. ૧૧-૫-૨૦૨૨ના રોજ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ખાતે મુસ્લિમ વર્લ્ડ લીગ દ્વારા પ્રથમ ઐતિહાસિક આંતરધર્મ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર વિશ્વના ૩૫ દેશોમાંથી જુદા જુદા ધર્મના ૯૦ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદમાં હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે મહામંડલેશ્વર સ્વામી શ્રી અવધેશાનંદગિરિજી તેમજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. રામકૃષ્ણ મિશનના શ્રી બ્રહ્મેશાનંદજીએ આ પળને હિન્દુ ધર્મની એક ગૌરવની ક્ષણ તરીકે બિરદાવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ સાઉદી અરબના રાજાના નિર્દેશો અનુસાર દેશની રાજધાની રિયાધની પ્રખ્યાત રિટ્ઝ કાર્લટન ખાતે આ વિશિષ્ટ આંતરધર્મ પરિષદ યોજાઈ હતી. આ દિવસનો કાર્યક્રમ ચાર વિભાગમાં યોજાયો હતો. પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ 'Human Dignity – Divine equality between creations and the depth of human commonalities' નામની પ્રથમ પેનલને સંબોધન કર્યું હતું. તેઓના સંબોધનને સૌ કોઈએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યું હતું. આ પરિષદમાં ઉપસ્થિત ભારતીયોએ ગૌરવભેર જણાવ્યું હતું કે અમે સ્વામી વિવેકાનંદજીએ અમેરિકામાં યોજાયેલી ધર્મસંસદમાં પ્રવચન આપ્યું તે સમયે હાજર નહોતા, પરંતુ આ ક્ષણને 'વિવેકાનંદ ક્ષણ' તરીકે અનુભવી છે.



આ પરિષદના અધ્યક્ષ અને મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી જનરલ, મહામહિમ શેખ ડૉ. મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ ઈસાએ પણ પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીના શબ્દોથી પ્રભાવિત થઈને જણાવ્યું હતું કે 'આ અદ્‌ભુત ભાષણમાં વિચારોની વિશાળતા, શૈક્ષણિક ચોકસાઈ સાથે ભાવનાત્મક અને ખરેખર પ્રેરણાત્મક રજૂઆત છે.'

'રિલિજિયન્સ ફોર પીસ ઈન્ટરનેશનલ'ના સેક્રેટરી જનરલ ઑફ પ્રોફેસર આઝા કરમ સહિત મુસ્લિમ અગ્રણીઓ તેમજ અનેક મહાનુભાવોએ આ પ્રવચનની પ્રશંસા કરી હતી. પ્રોફેસર કરમે યુ.એ.ઈ. ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અંગેની વિગતો મેળવીને ત્યાં સદ્‌ભાવ અને સંવાદિતાના આ સ્થળે શક્ય તેટલી મદદ કરવાની તત્પરતા દાખવી હતી.

સન ૨૦૦૦માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની યુ.એન.માં મુલાકાતનું આયોજન કરનાર અને આંતરધર્મ સંવાદિતાના વૈશ્વિક નેતા શ્રી બાવા જૈને નોંધ્યું હતું કે 'એક અત્યંત વિચારપ્રેરક સંબોધન. અદ્‌ભુત લાવણ્ય અને ગૌરવ સાથે પ્રસ્તુતિ. આપણાં સહિયારા મૂલ્યોની સ્પષ્ટ અને એવી અભિવ્યક્તિ કે જે આ મંચના ઐતિહાસિક પ્રભાવ અને સ્થળનું સન્માન કરે છે. આવું પ્રથમ વખત બન્યું છે કે જ્યારે હિન્દુ ધર્મના સંતોને સાઉદી અરેબિયાના શાસનમાં આમંત્રણ આપવામાં આવ્યું હોય. ભવિષ્યની લાંબી અને એકતાની યાત્રા પર આ યોગ્ય પ્રથમ પગલું છે.'

## બી.એ.પી.એસ. મંદિર ખાતે શ્રદ્ધાંજલિ સભા

યુ.એ.ઈ.ના રાષ્ટ્રપતિ શેખ ખલીફા બિન ઝાયેદ અલ નહ્‌યાન તા. ૧૨-૫-૨૦૨૨ના રોજ દિવંગત થતાં સમગ્ર યુ.એ.ઈ.માં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેઓને શ્રદ્ધાંજલિ અર્પવા પ્રાર્થના સભા રોયલ કોર્ટ ખાતે તા. ૧૫-૫-૨૦૨૨ના રોજ યોજાઈ હતી. આ પ્રાર્થના સભામાં યુ.એ.ઈ. ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નિર્માણસૂત્ર સંભાળતા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ ઉપસ્થિત રહ્યા હતા.

યુ.એ.ઈ.ના અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ખાતે સાંજે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. અહીં સ્વર્ગસ્થ શેખ ખલીફા બિન અલ નહ્‌યાનને શ્રદ્ધાંજલિ આપવા સેંકડો ભારતીયો આવી પહોંચ્યા હતા. સૌએ સમૂહ પ્રાર્થના કરી હતી. રોયલ કોર્ટ ખાતેની પ્રાર્થના સભામાં હાર્દિક શ્રદ્ધાંજલિ આપતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું હતું કે માનનીય શેખ ખલીફા સમગ્ર રાષ્ટ્ર અને અસંખ્ય વ્યક્તિઓને પ્રેરણા આપીને રાષ્ટ્ર અને નવી પેઢી માટે પ્રેરણાસ્રોત બની રહ્યા હતા. તેમણે પ્રેમ, શાંતિ અને સહનશીલતાના ગુણો આત્મસાત્‌ કર્યા હતા. તેઓ શાંતિ, સંવાદિતા, જ્ઞાન અને ઉદ્યોગ સાહસિકતા ધરાવતા મહાપુરુષ હતા. તેમણે વિશ્વની પરિવર્તનશીલતાને સ્વીકારી હતી. તેમણે પ્રસ્થાપિત કરેલાં મૂલ્યો અને દૃષ્ટિકોણ દ્વારા સતત લોકોના હૃદયમાં જીવંત રહેશે. હવેથી આ દેશનું સુકાન સંભાળનાર રાષ્ટ્રપતિ મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્‌યાન આપણને ઉજ્જ્વળ અને વધુ સારા ભવિષ્ય માટે પ્રેરણા આપતા રહેશે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેમને માટે વિશેષ પ્રાર્થના કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરત ખાતે વિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ શેખ ખલીફા બિન ઝાયેદ અલ નહ્‌યાનને શ્રદ્ધાંજલિ અર્પીને તેઓનાં વૈશ્વિક કાર્યોને યાદ કર્યાં હતાં. ◆

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ઑસ્ટ્રેલિયામાં યોજાયા ભક્તિસભર સત્સંગ કાર્યક્રમો...



## ઑસ્ટ્રેલિયાના વિશ્વવિખ્યાત ઓપેરા હાઉસ ખાતે શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉદ્‌ઘોષ સભા યોજાઈ

વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ઠેર ઠેર તેમને વંદના કરતા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તાજેતરમાં સિડનીના ઓપેરા હાઉસ ખાતે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉદ્‌ઘોષ સભા યોજાઈ ગઈ. આ પ્રસંગે તા. ૨૩ એપ્રિલ, ૨૦૨૨ના રોજ સિડનીના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં ૩૦૦૦ કરતાં વધુ ભક્તો ભાવિકો જોડાયા હતા. પ્રમુખસ્વામી મહારાજના વિવિધ સંદેશને પ્રસરાવતાં વિવિધ રથ, હોર્ડિંગ્સ સાથે સાથે ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતી આ શોભાયાત્રા સર્ક્યુલર ક્વે સ્ટેશનથી શરૂ થઈને સિડની ઓપેરા હાઉસ ખાતે વિરમી હતી.

શોભાયાત્રા ઓપેરા હાઉસ ખાતે પૂર્ણ થઈ ત્યારે અહીં સેંકડો ભક્તો-ભાવિકો સ્વાગત માટે ઉપસ્થિત હતા.

ઉદ્‌ઘોષ સભાના આરંભમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વીડિયો આશીર્વાદ સૌએ માણ્યા. ત્યારબાદ બી.એ.પી.એસ. યુવાવૃંદે વૈદિક પ્રાર્થનાગાન કરીને વાતાવરણને વિશેષ દિવ્ય બનાવ્યું. કિશોરોના પારંપરિક નૃત્યથી સૌ આનંદિત થઈ ઊઠ્યા. ત્યારબાદ સંતો અને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજના જીવનનાં વિવિધ પાસાંઓ પર ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત કોન્સલ જનરલ ઓફ ઇન્ડિયા શ્રી મનીષ ગુપ્તાએ જણાવ્યું હતું, 'પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ઉત્સાહ, શાંતિ, નિઃસ્વાર્થ સેવા, માનવતા, સંવાદિતા જેવા અનેક ગુણો દૃશ્યમાન થતા હતા. જનકલ્યાણ એ જ પ્રમુખસ્વામી મહારાજનું જીવનસૂત્ર હતું. હું માનું છું કે પ્રમુખસ્વામી મહારાજના ઉપદેશને અનુસરતાં આપ સૌ મૂલ્યોના સંવર્ધન માટે અથાક પરિશ્રમ કરી રહ્યા છો, તેનાં મધુર ફળ આવનારી અનેક પેઢી ચાખશે.'

ઑસ્ટ્રેલિયાના મંત્રી શ્રી જ્યોફ લીએ જણાવ્યું હતું, 'પ્રમુખસ્વામી મહારાજનો વારસો ઑસ્ટ્રેલિયામાં બી.એ.પી.એસ. સંસ્થાનાં તમામ મંદિરોમાં જળવાઈ રહ્યો છે. તેમના ઉત્સવો મન-હૃદયને સ્પર્શી જાય તેવા હોય છે. તેમના શતાબ્દી વર્ષની આટલી શાનદાર ઉજવણી એ





વાતનું પ્રમાણ છે કે તેઓ લોકોના હૃદયમાં કેટલી દૃઢ રીતે બિરાજેલા છે. અહીં મંદિરમાં યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિની સભ્યતા અને જીવનનાં મૂલ્યોના પાઠ ભણાવવામાં આવે છે. મારા હૃદયમાં આજનો દિવસ સદાને માટે અંકિત થયેલો રહેશે.'

પરામટ્ટાના ફેડરલ લેબર કેન્ડિડેટ ડૉ. એન્ડ્રુ ચાર્લટોએ જણાવ્યું હતું, 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણી ઑસ્ટ્રેલિયામાં વસતા લોકોને એકત્રિત રાખનારી છે. તેમની નિઃસ્વાર્થ સેવા વિશ્વના લોકોને માનવતા અને એકતાનું શિક્ષણ આપે છે.'

આ પ્રસંગે શ્રી ક્રિસ મિન્સ (એન.એસ.ડબલ્યુ. વિરોધ પક્ષના નેતા), મિસ. જુલિયા ફિન (મંત્રી, સ્પોર્ટ એન્ડ યુથ), ગિગ ઈકૉનૉમીના શેડો મિનિસ્ટર અને ટ્રેઝરર શ્રી ડેનિયલ મુખેય, પરામટ્ટા સિટી કાઉન્સિલના મેયર ડોના ડેવિસ, પરામટ્ટા સિટી કાઉન્સિલના કાઉન્સિલર અને ડેપ્યુટી મેયર સમીર પાંડે, કુ રિંગ ગાઈના કાઉન્સિલર અને ડેપ્યુટી મેયર બાર્બરા વર્ડ, હિલ્સ શિરે કાઉન્સિલના કાઉન્સિલર રીના જેઠી વગેરે મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આમ, ભવ્યતા અને દિવ્યતા સાથે ઊજવાયેલો આ મહોત્સવ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ માટે સૌને કટિબદ્ધ કરી ગયો.

## ક્રેનબોર્ન નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મશતાબ્દી મહોત્સવના ઉપક્રમે ઑસ્ટ્રેલિયાના દક્ષિણ મેલબોર્નના ક્રેનબોર્ન ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. તા. ૧૬ અને ૧૭ એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન યોજાયેલા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૧૬ના રોજ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં નીકળેલી ભવ્ય શોભાયાત્રાએ ભક્તિમય વાતાવરણ સર્જી દીધું હતું, જેમાં અનેક બાળકો, યુવાનો, ભક્તો, મહિલાઓ સંમિલિત થયાં હતાં. આ શોભાયાત્રા જે જે સ્થાનો પરથી પસાર થઈ, ત્યાં ત્યાં ભાવિકો દ્વારા સત્કાર પ્રાપ્ત થયો હતો.

તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજ મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ થયો હતો. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ







પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય પરમચિંતનદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. આ પ્રસંગે શ્રી જેસન વૂડ (કસ્ટ્મ્સ, કોમ્યુનિટી સેફ્ટી અને બહુ સાંસ્કૃતિક બાબતોના ફેડરલ સહાયક મંત્રી) તથા શ્રી ક્રેગ ઓન્ડાર્ચી (મંત્રીશ્રી, સાંસ્કૃતિક બાબતો અને સિટીઝનશિપ અને મિનિસ્ટર ફોર કૉમ્યુનિટીઝ રિકવરી) વગેરે મંત્રીશ્રીઓએ બી.એ.પી.એસ. સંસ્થા તથા તેમના સ્વયંસેવકોને ખૂબ જ બિરદાવ્યા હતા.

## ઓસ્ટ્રેલિયન અને ભારતીય વેપારીમંડળ બી.એ.પી.એસ. મંદિર સિડનીમાં દર્શન-મુલાકાતે

ઑસ્ટ્રેલિયા અને ભારતે આર્થિક સહકાર અને વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા પછી ભારતના વાણિજ્ય અને વ્યાપાર મંત્રી માનનીય શ્રી પીયૂષ ગોયલ અને ઓસ્ટ્રેલિયન વ્યાપાર મંત્રી માનનીય શ્રી ડેન તેહાન સિડનીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. તેઓની સાથે ૩૫ સભ્યોનું પ્રતિનિધિ મંડળ પણ ઉપસ્થિત રહ્યું હતું, જેમાં બેરોવેરા જુલિયન લીઝરના ફેડરલ સભ્યોનો પણ સમાવેશ થતો હતો. ભારતના હાઈ કમિશનર શ્રી મનપ્રીત વોહરાજી, ભારતીય કોન્સલ જનરલ મનીષ ગુપ્તા, કાઉન્સિલર રીના જેઠી અને ફેડરલ ઉમેદવાર પરામાટ્ટા મારિયા કોવેસિક પણ સાથે હતાં.

આ પ્રસંગે યોજાયેલી સભાને સંબોધતાં કેન્દ્રીય મંત્રીશ્રી પીયૂષ ગોયલે કહ્યું: ‘અહીંના મંદિરની મુલાકાત સમયે મને આત્મીયતાનો અનુભવ થયો અને ઘરે આવવા જેવી લાગણી થઈ છે. બી.એ.પી.એસ. સંસ્થા સાથે મારે વર્ષો જૂનો સંબંધ છે.’ તેઓશ્રીએ ભારતમાં ઊજવાયેલા મહોત્સવની સ્મૃતિઓ તાજી કરીને વિશેષમાં કહ્યું: ‘પ્રમુખસ્વામી મહારાજ મારા પ્રેરણાસ્રોત રહ્યા છે. તેઓના ચહેરા પર દિવ્ય તેજ છલકતું હતું. મારા માટે તેઓ સત્ય, ભક્તિ, સમર્પણ, વૈરાગ્ય, જ્ઞાન અને એકનિષ્ઠાનું મૂર્તિમંત સ્વરૂપ છે. જ્ઞાનની બધાને જરૂર છે, પરંતુ તે શુદ્ધ હોવું જોઈએ. અને તેના આધારે જ સમાજની સાચી અને નિઃસ્વાર્થ સેવા થઈ શકે. જો તમે નખશિખ આધ્યાત્મિક હો તો જ સેવા થઈ શકે છે.’

બી.એ.પી.એસ. સંસ્થાના વિશ્વવ્યાપી સેવા-યોગદાન વિશે તેઓએ શ્રી ડેન તેહાનને કહ્યું: ‘આ બી.એ.પી.એસ. સંસ્થા એક એવો સમુદાય છે જે નિઃસ્વાર્થપણે સેવાભાવનાથી સમાજને વરેલો છે અને સમર્પિત છે.’ ◆



# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત



## શતાબ્દી પ્રસંગે લંડનમાં નગરયાત્રા

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તા. ૧૦-૪-૨૦૨૨ના રોજ ઇંગ્લૅન્ડની રાજધાની લંડન ખાતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલાત્મક રથોમાં શ્રી અક્ષરપુરષોત્તમ મહારાજ તથા ગુણાતીત ગુરુવર્યો અને અન્ય ભગવત્સ્વરૂપો શોભી રહ્યાં હતાં. ભારતીય પરંપરાગત પરિવેશમાં સજ્જ બાળકો, યુવાનો, મહિલાઓની ભજન-નૃત્ય મંડળીઓએ લંડનના રાજમાર્ગો પર ભક્તિમય વાતાવરણ સર્જી દીધું હતું. આ પ્રસંગે લેસ્ટરના મેયર શ્રી સર પીટર સોલ્સબી તથા પૂર્વ મંત્રી શ્રી કિથ વાઝ પણ ઉપસ્થિત રહ્યા હતા. ◆



## નવસારીમાં મુખ્ય માર્ગનું 'પ્રમુખસ્વામી માર્ગ' નામકરણ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા નવસારીમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૮થી જુનાથાણા સુધીના મુખ્ય માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' તરીકે નામાભિધાન કરીને અલંકૃત કરવામાં આવ્યો છે. તા. ૧-૫-૨૦૨૨ના રોજ નવસારી શહેરના પ્રવેશદ્વાર સમાન આ મુખ્ય માર્ગનું નામાભિધાન શ્રી નરેશભાઈ પટેલ(વનમંત્રી, ગુજરાત), શ્રી ભુરાભાઈ શાહ(પ્રમુખ, નવસારી જિલ્લા ભાજપ), શ્રી પીયૂષભાઈ દેસાઈ(ધારાસભ્ય, નવસારી), શ્રી જિજ્ઞેશભાઈ દાંડીવાલા(ચૅરમૅન, એન. જે. ફાઇનાન્સ)ની ઉપસ્થિતિમાં વેદોક્ત મંત્ર સાથે તક્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ◆



## ભુજ મંદિર ખાતે યોજાયો રક્તદાન યજ્ઞ

અસંખ્ય લોકોને આધ્યાત્મિક પ્રેરણા આપીને જીવનઉત્કર્ષ માટે જીવન ન્યોછાવર કરનારા સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે ઠેર ઠેર અનેકવિધ સામાજિક, આરોગ્યલક્ષી જાગૃતિ સભર કાર્યક્રમોની હારમાળા યોજાઈ રહી છે. તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ભુજ ખાતે રક્તદાન યજ્ઞ યોજાયો હતો. સ્વામીશ્રીની સેવાપ્રવૃત્તિને સાકાર કરતાં રક્તદાન કરવા માટે હરિભક્તોની લાંબી કતાર લાગી હતી. ૧૮૫ સંતો અને હરિભક્તોએ કુલ ૬૪,૭૫૦ સી.સી. રક્તદાન કર્યું હતું. આમ નિઃસ્વાર્થ સેવા કરીને સૌએ ગુરુહરિની શતાબ્દીએ તેમના દિવ્ય મહિમાનો વિસ્તાર કર્યો હતો. ◆













(૧-૩) સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ખાતે યોજાયેલી પ્રથમ ઐતિહાસિક આંતરધર્મ પરિષદમાં સમગ્ર હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરતાં, પ્રસિદ્ધ ધર્માચાર્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી અવધેશાનંદગિરિજી અને બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સંબોધન કર્યું હતું, જેને વર્લ્ડ મુસ્લિમ લીગના સેક્રેટરી સહિત અનેક મહાનુભાવોએ બિરદાવ્યું હતું. (૪) યુ.એ.ઈ.ના રાષ્ટ્રપ્રમુખ અને અબુધાબીના દિવંગત રાજા શેખ ખલીફાની પ્રાર્થના સભામાં વર્તમાન રાજા શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન પ્રત્યે મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. વતી સાંત્વના - શુભ ભાવના પ્રગટ કરતા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી અને અક્ષરાતીતદાસ સ્વામી.

Swaminarayan Prakash Gujarati, June-2022, Published on 1-6-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.








પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે યોજાયેલા 'પારિવારિક શાંતિ અભિયાન'નો સંદેશ લઈને શહેર-ગામડાંઓમાં ઘૂમી વળેલા બી.એ.પી.એસ. સંસ્થાના ૭૨,૦૦૦થી વધુ શતાબ્દી સેવકોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદની અભિવૃષ્ટિ કરીને વધાવ્યા હતા. સુરત ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યોજાયેલા એ શતાબ્દી સેવક અભિવાદન સમારોહની સ્મૃતિછબિઓ...


Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas